ઓગષ્ટ-૨૦૨૬
વર્ષ : ૧૯
અંક : ૦૨
મુલ્ય : રૂા. ૨૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength (માસિક)



'કચ્છ દર્શન સમિતિ' મહાસભા દ્વારા આયોજીત ચારધામ યાત્રાના પ્રારંભે દેવભૂમિ હરિદ્વાર મધ્યે શુભેચ્છા પાઠવતા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી સાથે મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ વેગડ તથા અન્ય હોદ્દેદારશ્રીઓ...



રેહા ઘટક દ્વારા આયોજીત શ્રીમદ્ ભાગવત સપ્તાહના પ્રારંભે તા. ૯ જૂનના 'સમાજરત્ન' સ્વ. હિરજીબાપાના જન્મ દિવસે તેમના દુર્લભ ચિત્રનું અનાવરણ કરતા મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી સાથે હોદ્દેદારો...




કચ્છી નવું વર્ષ અષાઢીબીજ વિરામામાની પેડી સમુહ મહાપ્રસાદ પ્રસંગે ગુજરાત રાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાનું સન્માન કરતા મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી તેમજ અંજાર ઘટક પ્રમુખ શ્રી વિનોદભાઈ ખોડિયાર.

*If undelivered please return to :*
**Setu Samaj Sandesh**

*'Samajratna' Shri Vinodbhai Purushottambhai Solanki Karyalay Bhawan, Vijaynagar, ANJAR - KUTCH 370 110. Mo. 9909069057*

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2026-2028
Posted at S.O. BHUJ on 2nd of Every Month.



**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258



**Late Karmsinh Madhavji Tank**
(Sinogra)



**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

Basic Violet 10 & Other Qualities

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com


|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

દર મહિનાની રજી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સેતુ સમાજ સંદેશ

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

વર્ષ : ૧૯ અંક : ૦૨ ઓગષ્ટ-૨૦૨૬



માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

: પ્રેરણા સ્ત્રોત :

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
અંજાર (કચ્છ)

જીવનમાં મનુષ્ય ક્યારે અને કઇ રીતે પાપ કરી બેસે છે તેનો કોઇ ખ્યાલ નથી રહેતો, પરંતુ કુદરતના ચોપડામાં એક એક ક્ષણનો હિસાબ લખાતો હોય છે. અંતમાં ખ્યાલ આવે છે કે આપણા ભાગ્યમાં કેટલું સુખ-દુ:ખ જમા રહેલું છે જે ભોગવવાનું બાકી છે. આ વિષે એક સુંદર બોધકથા જાણવા જેવી છે.

એક રાજા મહેલના ખુલ્લા પ્રાંગણમાં બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવી રહ્યા હતા. પંગતમાં છેલ્લે બેઠેલા એક બ્રાહ્મણને ભોજન પીરસાઇ રહ્યું હતું એ સમયે આકાશમાં એક સમડી પોતાના પંજામાં મૃત સર્પ લઇને પસાર થઇ. એ સર્પના મુખમાંથી ટપકી રહેલા ઝેરના થોડા ટીપા છેલ્લે બેઠેલા બ્રાહ્મણના ભોજનમાં પડ્યા. પરિણામે તેનું મૃત્યું થયું. રાજાને જ્યારે ખબર પડી ત્યારે બ્રહ્મ હત્યાનું દુ:ખ થયું. ઉપર બેઠેલા ધર્મરાજ માટે એનો ફેંસલો કરવો મુશ્કેલ થઇ પડ્યો કે આ હત્યાનું પાપ કોના માથે ચડાવવું ? રાજાના ખાતે ? કે જેને ખબર જ ન હતી કે ભોજન ઝેરીલું થઇ ગયું છે... સમડીને ખાતે ? કે જે મૃત સર્પને લઇ ઉપરથી પસાર થઇ... એ મૃત સર્પ ખાતે ? કે જે પહેલેથી જ મરેલો હતો. જેમ પુરાવા વગરના કેસો કોર્ટમાં પેન્ડીંગ પડ્યા રહે છે તેમ આ કેસ પણ ધર્મરાજની ફાઇલમાં ઘણો સમય પેન્ડીંગ પડ્યો રહ્યો.

થોડા મહિનાઓ બાદ કેટલાક બ્રાહ્મણો રાજાને મળવા રાજ્યમાં દાખલ થયા. તેઓએ એક મહિલાને રાજાના મહેલનો રસ્તો પૂછ્યો. એ મહિલાએ રાજાના મહેલનો રસ્તો તો બતાવ્યો પણ સાથે સાથે એમ પણ કહ્યું કે, ''જુઓ ભાઇ, જરા ધ્યાન રાખજો, આ રાજા તમારા જેવા બ્રાહ્મણોને જમાડતી વખતે ઝેર નાખી મારી નાખે છે... ! મહિલાએ જેવા આ શબ્દો બોલ્યા કે તુરંત ધર્મરાજે ફાઇલ ઓપન કરી અને બ્રહ્મ હત્યાનું પાપ એ મહિલાને ખાતે ચડાવી દીધું. ધર્મરાજના દૂતોએ આ જોઇ પ્રશ્ન કર્યો કે, પ્રભુ આમ કેમ ? જ્યારે આ ઘટના સાથે મહિલાની તો કોઇ ભૂમિકા જ નથી. ત્યારે ધર્મરાજે કહ્યું કે, જુઓ, જ્યારે કોઇ વ્યક્તિ પાપ કર્મ કરે છે તે આનંદ મેળવવા માટે કરે છે. નિયમ પ્રમાણે આનંદ મેળવનાર પાપ કર્મનું ફળ ભોગવવાને પાત્ર બને છે. આ ઘટનાના પાત્રો જેવા કે રાજા, સમડી, સર્પ કોઇને આનંદ મળેલ નથી. પરંતુ આ ઘટનાનું વર્ણન કોઇની અશુભ ભાવના સાથે કરી, એ બ્રાહ્મણોનાં મનને દ્વેશ ભાવનાથી ભર્યાનો આનંદ એ મહિલાએ અનુભવ કર્યો. આથી બ્રહ્મ હત્યાનું પાપ આ મહિલાને ખાતે ચડી ગયું.

કહેવાનો સર એટલો જ કે જ્યારે કોઇ વ્યક્તિ, બીજાના પાપ કર્મનું વર્ણન અશુદ્ધ અથવા ઘૃણા ભાવથી કરે તો તે વ્યક્તિના પાપનો થોડો ભાગ વર્ણન કરનારના ખાતામાં જાય છે. કદાચિત આપણે વિચારીએ છીએ કે મેં જીવનમાં ક્યારેય એવું પાપ તો કર્યું નથી છતાં આટલું કષ્ટ કેમ આવે છે ? પ્રિયજનો, આ કષ્ટ બીજે ક્યાંયથી નથી આવેલું હોતું. પરંતુ આપણે જાણે-અજાણે કોઇના અવગુણોનું વર્ણન કોઇ પાસે કરેલું હોવાથી તેના પાપ કર્મનો થોડો ભાગ આપણા ભાગ્યમાં જમા થઇ જતો હોય છે. જે આપણને ધ્યાનમાં નથી રહેતું. એક માનવ હોવાને નાતે એવો સંકલ્પ કરવો જોઇએ કે, ''ન બુરા દેખો, ન બુરા સુનો, ન બુરા બોલો, ન બુરા સોચો...''

મુખ્ય કાર્યાલય :
'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ
પુરૂષોત્તમભાઈ સોલંકી કાર્યાલય ભવન
વિજયનગર,
અંજાર (કચ્છ)

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઇટ
app.kgksamaj.org

રકમ કોઈપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
*E-mail : setusamaj@gmail.com*

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



પ્રમુખશ્રી મહાસભા
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644



## પ્રમુખ સ્થાનેથી...



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની **કચ્છ દર્શન સમિતિ** દ્વારા આયોજીત ચારધામના બંને ગ્રુપોએ ખુબજ ભક્તિભાવ અને એક્તાના દર્શન કરાવી સહકારની ભાવના અને એકબીજાને મદદરૂપ થવાના શુભ ભાવ સાથે ખુબજ સફળતાપૂર્વક પુરી કરી સ્વગૃહે પહોંચ્યા ત્યારે આદર-સત્કારના ઘણા બધા વોટ્સએપ મેસેજ અને ફોટોગ્રાફ જોઇને ખુબજ ખુશી થઇ છે. આ ખુશીની સાથે સાથે મહાસભાના વિશેષ આમંત્રીત સભ્ય અને માધાપરના ખુબજ સક્રિય કાર્યકર્તા તથા નાનપણથી યુવા પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ, નૂતન કેળવણી મંડળ - માધાપરના મંત્રી **શ્રી મહેન્દ્રભાઇ વલમજીભાઇ વરૂ** ચારધામ યાત્રા સુખમય રીતે પૂર્ણ કરી ઓચિંતા સ્વર્ગે સિધાવ્યા ત્યારે તેમનો પરિવાર અને સમાજને તેમની ખોટ સાલશે તે ચોક્કસ છે. પરમાત્મા તેમના પરિવારજનોને આવી દુ:ખની ઘડીમાં શક્તિ આપે તેવી પ્રાર્થના કરૂં છું અને સમસ્ત મહાસભા વતી તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરૂં છું.

ચારધામ યાત્રા દરમ્યાન અકસ્માતના બીજા બે બનાવ પણ બન્યા હતા પરંતુ કચ્છ દર્શન સમિતિની ટીમ અને ટ્રાવેલ્સવાળા ભાઇઓએ ત્વરીત નિર્ણય લઇ ખુબજ સેવાભાવથી વડીલોએ પોતાના જ માવતર છે તેવી પ્રતિતિ કરાવી છે તે માટે દરેકને ધન્યવાદ પાઠવું છું. આટલી મોટી સંખ્યામાં એક સાથે ચારધામ યાત્રાનું આયોજન એ એક ઔતિહાસીક ઘટના બની રહી છે.




યુટ્યુબ ચેનલ પર આપણા સમાજનું યુટ્યુબ પેજ **''શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા''**ના નામથી શરૂ કરવામાં આવેલ છે. જેમાં મહાસભાની દરેક સમિતિઓની ગતિવિધિઓના સમાચારો, આપણા સમાજની વિવિધ પ્રતિભાઓની ઉપલબ્ધીઓ, ભક્તિ સંગીત, ગીત સંગીત, નૃત્ય સંગીત, પોડકાસ્ટ, સેતુ સમાજ સંદેશનું ઓડિયો-વિડિયો વર્ઝન, ખાના ખજાના, વિચારોનું વાવેતર, સમાજના બાળ કલાકારોની પ્રસ્તુતીઓ જેવી અનેક પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવશે.

### આપશ્રીએ આ યુ-ટ્યુબ ચેનલ સબસ્ક્રાઇબ કરી ?

આપ પણ આવા પ્રોગ્રામ્સ, વિડિયો કે સમસ્ત સમાજને પ્રેરણા મળે તેવી કોઇ પાંચ, દસ કે પંદર મિનિટની વિડિયો ક્લીપ તૈયાર કરી મોકલવા ઇચ્છતા હોવ તો અંજાર કાર્યાલય મધ્યે યુ-ટ્યુબ ચેનલનું કાર્ય સંભાળતા શ્રી જીતેશભાઇ સોલંકી - મો. ૭૦૧૬૯૫૬૭૦૫નો સંપર્ક કરી ડોક્યુમેન્ટ ફાઇલમાં તૈયાર કરી વોટ્સએપ કરી આપશો તો અવશ્યપણે તેની યોગ્યતાના આધારે આ ચેનલમાં સ્થાન આપવામાં આવશે.

મહાસભાની દરેક સમિતિના પ્રભારીશ્રીઓને પણ નિવેદન કરવામાં આવે છે કે આપના પ્રભાર હેઠળની સમિતિની દરેક બાબતોને આવરી લઇ સુંદર વિડિયો બનાવી ડૉક્યુમેન્ટ ફાઇલમાં મોકલી આપવા અનુરોધ કરું છું. મહાસભાની કોઇપણ સમિતિના કાર્ય વિશે જાણવા ઇચ્છુક કોઇપણ સમાજબંધુઓને દરેક જાતની માહિતિ આ યુ-ટ્યુબ ચેનલના માધ્યમથી મળી જાય તેવું આયોજન ગોઠવવામાં અંજાર કાર્યાલયની ટીમ મહેનત કરી રહી છે અને તેના પરિણામ પણ સમાજને મળશે એવો પૂરો વિશ્વાસ ધરાવું છું.

# શ્રી ગુર્જર ક્ષત્રિય ગુજરાતી સમાજ, દુર્ગ ઘટક

રજી.નં. 1944

## દુર્ગ ઘટકના નવા ભવ્ય, બહુઉદ્દેશિય સુસજ્જીત સમાજ ભવન નિર્માણ હેતુ દાનદાતાઓંની યાદી



**₹ 3,51,000**



સ્વ .શિવલાલ ભાઈ રામજી ભાઈ ચૌહાણ
સ્વ .સરસ્વતી બેન શિવલાલ ભાઈ ચૌહાણ
સ્વ .મણિબેન રામજી ભાઈ ચૌહાણ
ની પુણ્ય સ્મૃતિમાં હસ્તે
શ્રી મુકુંદ ભાઈ શિવલાલ ભાઈ ચૌહાણ
દેશમા ગામ-સિનોગ્રા, હા.મુકામ- દુર્ગ

**₹ 3,51,000**



સ્વ.અમૃતલાલભાઈ રણછોડભાઈ પરમાર
ની પુણ્ય સ્મૃતિમાં હસ્તે
ગં.હેમલતાબેન અમૃતલાલ ભાઈ પરમાર
શ્રી ભૂપેન્દ્રભાઈ અમૃતલાલ ભાઈ પરમાર
દેશમા ગામ-ગળપાધર, હા.મુકામ- દુર્ગ

**₹ 3,51,000**



સ્વ. હસા બેન જાદવજી ભાઈ રાઠોડ
ની પુણ્ય સ્મૃતિમાં હસ્તે
શ્રી ભુસન ભાઈ જાદવજી ભાઈ રાઠોડ
શ્રી શૈલેષ ભાઈ જાદવજીભાઈ રાઠોડ
દેશમા ગામ-કુકમા, હા.મુકામ- દુર્ગ

**₹ 3,51,000**



શ્રી કાંતિલાલ ભાઈ
મણીલાલભાઈ વાઢેર
દેશમા ગામ-સિનોગ્રા, હા.મુકામ- દુર્ગ

**₹ 1,62,111**



સ્વ .મંજુલા બેન નારાયણભાઈ રાઠોડ
ની પુણ્ય સ્મૃતિમાં હસ્તે
શ્રી શ્રી પ્રકાશ ભાઈ નારાયણ ભાઈ રાઠોડ
શ્રી અનિલભાઈ નારાયણભાઈ રાઠોડ
શ્રી અશોકભાઈ નારાયણભાઈ રાઠોડ
શ્રી રાજેશભાઈ નારાયણ ભાઈ રાઠોડ
દેશમા ગામ-નાગલપર, હા.મુકામ- દુર્ગ

**₹ 1,11,000**



સ્વ .વનિતા બેન જીવરામ ભાઈ ટાંક
ની પુણ્ય સ્મૃતિમા હસ્તે
શ્રી વિક્કી જીવરામ ભાઈ ટાંક
શ્રી હર્ષ જીવરામ ભાઈ ટાંક
દેશમા ગામ- મેઘપર, હા.મુકામ- દુર્ગ

**₹ 1,11,000**



સ્વ. મીના બેન હિંમતલાલ ભાઈ મારું
ની પુણ્ય સ્મૃતિમા હસ્તે
શ્રી હિંમતલાલ ભાઈ મારું
શ્રી ગજેન્દ્ર હિંમતલાલ ભાઈ મારું
દેશમા ગામ- દિવરીયા, હા.મુકામ- પુણે (મહારાષ્ટ્ર)

સર્વે ભામાશાહો,
ઉદાર દિલ દાનદાતાઓં, સેવાભાવી સમાજ બાંધવોંને હૃદયનાં અંતઃકરણથી નમન-વંદન-અભિનંદન અર્પિત કરીયે છીએ... આપ સર્વેના આ મહાદાનનેં અમારા દુર્ગ ઘટક વતી આભાર... આભાર..... આભાર.....

**બહુઉદ્દેશીય-ભવ્ય સમાજ ભવનના નિર્માણનુ કાર્ય પણ વૃહદ છે...**
**ફુલ અને ફુલની પાંખડી રૂપી**
**આર્થિક સહાયની અપેક્ષાઓં સાથે....**

**....પીસેગાંવ, દુર્ગ સમાજ ભવન નિર્માણ સમિતિનાં સમસ્ત સભ્યગણોં.....**

**વિશેષ-** બહાર ગામથી કાર્ય હેતુ આવતા સમાજ બાંધવો માટે દુર્ગ સમાજ ભવનમા વ્યાજબી શુલ્ક સાથે રોકાવાની સગવડ ઉપલબ્ધ છે

માનવંતા દાનદાતાઓંની શેષ યાદી આવતા અંકમા સાદર જાહેર કરવામાં આવશે.....(યાદી અપૂર્ણ)

RAJUL #8839402752

સહ વીર્યં કરવાવહૈ

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
## કચ્છ દર્શન સમિતિ આયોજીત
## દેવભૂમિ ઉત્તરાખંડ ચારધામ યાત્રા 2026
Group 'A'

સમુહ તસવીર...



સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)

સહ વીર્યં કરવાવહૈ

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
## કચ્છ દર્શન સમિતિ આયોજીત

દેવભૂમિ ઉત્તરાખંડ **ચારધામ યાત્રા** 2026

Group 'B' સમુહ તસવીર...






**સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સેવા સમાજ ટ્રસ્ટ – વડોદરા ઘટક

## વડોદરા ઘટક દ્વારા સંચાલિત "સ્વ-ઉત્પાદિત વસ્તુઓના પ્રદર્શન તથા વેચાણ કેન્દ્ર" નું ઉદઘાટન
















:: યોજનાની મુખ્ય વિગતો ::

વડોદરા ઘટકના સમાજબંધુઓ માટે સ્વ-નિર્મિત વસ્તુઓના વેચાણ માટેનું આપણા સમાજનું સર્વ પ્રથમ કેન્દ્ર.
વડોદરા ઘટકના સમાજ બંધુઓ માટે નિશુલ્ક ઉપલબ્ધ. જરૂરી ફર્નિચર, લાઈટ, પંખા, પાણી વગેરે નિશુલ્ક ઉપલબ્ધ.
જાહેર માર્ગ ઉપર બિઝનેસ માટેનું ઉમદા લોકેશન.

:: શુભેચ્છકો ::

આ વેચાણ કેન્દ્રમાં જોડાનાર દરેક વ્યવસાયકારોને સફળતા મળે તેવી વડોદરા ઘટકના હોદ્દેદારો હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

શ્રી પ્રભુલાલભાઈ ભવાનજીભાઈ રાઠોડ - પ્રમુખશ્રી
શ્રી જગદીશભાઈ પુરુષોત્તમભાઈ વરૂ - 'ઘટકરત્ન' તેમજ સલા. પ્રમુખશ્રી
શ્રી ગોરધનભાઈ શામજીભાઈ ચૌહાણ - 'ઘટકસંરક્ષકશ્રી'
શ્રી કુમારભાઈ શરદભાઈ ચૌહાણ - ઉપપ્રમુખશ્રી
શ્રી તૃષારભાઈ મોહનલાલભાઈ ચૌહાણ - મંત્રીશ્રી
શ્રી અમૃતલાલભાઈ અરજણભાઈ ટાંક - ખજાનચીશ્રી
શ્રી દિનેશભાઈ મૂળજીભાઈ પરમાર - આંતરિક ઓડિટરશ્રી
શ્રી અશ્વિનભાઈ પ્રતાપભાઈ સોલંકી - સહમંત્રીશ્રી
ડો. શ્રી જયંતભાઈ દયારામભાઈ પરમાર - કારોબારી સભ્ય
શ્રી દિલીપભાઈ કેશવજીભાઈ ટાંક - કા.સભ્ય તેમજ અધ્યક્ષ, ભવન નિ.સ.
શ્રી જયંતભાઈ વલમજીભાઈ સોલંકી - કારોબારી સભ્ય
શ્રી કમલભાઈ પુરૂષોત્તમભાઈ વરૂ - કારોબારી સભ્ય
શ્રી હરિભાઈ મોરારભાઈ પરમાર - કારોબારી સભ્ય

શ્રી અશોકભાઈ બલરામભાઈ પરમાર - કા.સભ્ય તેમજ માનદ કેન્દ્ર સંચાલક
શ્રી નિલેશભાઈ પ્રતાપભાઈ સોલંકી - કારોબારી સભ્ય
શ્રી સંજયભાઈ ચંદ્રકાંતભાઈ ચાવડા - કારોબારી સભ્ય
શ્રી પુષ્પેન્દ્રભાઈ નટવરલાલભાઈ ચૌહાણ - સલાહકારશ્રી
શ્રી છગનભાઈ કરમણભાઈ વરૂ - સલાહકાર શ્રી
શ્રી અરવિંદભાઈ જયંતીલાલભાઈ રાઠોડ - સલાહકારશ્રી
શ્રી પ્રકાશભાઈ જીવરામભાઈ રાઠોડ - સલાહકારશ્રી
શ્રી અનિલભાઈ દેવશીભાઈ રાઠોડ - સલાહકારશ્રી
શ્રી જયંતીભાઈ વિરજીભાઈ ચાવડા - સલાહકારશ્રી
શ્રી અલ્પેશભાઈ પુરુષોત્તમભાઈ ટાંક - કો-ઓપ્ટ સભ્યશ્રી
શ્રી મુકેશભાઈ નારાયણભાઈ પરમાર - કો-ઓપ્ટ સભ્યશ્રી
શ્રીમતી દર્શનાબેન દિનેશભાઈ પરમાર - કો-ઓપ્ટ સભ્યશ્રી તેમજ મ.મં. પ્રમુખ
શ્રી હર્ષભાઈ દિલીપભાઈ ટાંક - કો-ઓપ્ટ સભ્યશ્રી તેમજ યુવા મંડળ પ્રમુખ

# શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ગાંધીધામ દ્વારા અધિક માસ નિમિત્તે આયોજીત ત્રિ-દિવસીય યાત્રાની તસવીરો






























## અંજાર ઘટક દ્વારા અષાઢી બીજ વિરામામાની પેડી નિમિત્તે યોજેલ સમુહ મહાપ્રસાદ કાર્યક્રમની તસવીરો



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા




**કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ
રમણ મંદિર વોર્ડ, કુમ્હાર પારા,
ફાફાડીહ, પો. રાયપુર (છ.ગ.)
મો. ૯૩૦૦૬૮૮૭૬૩

**સહ કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી પાર્થ જશવંતરાય ચાવડા
જુના વાસ, પો. ચંદીયા,
તા. અંજાર (કચ્છ)
મો. ૯૯૯૮૦૮૭૩૩૯
Pjchavda94@gmail.com




## રાયપુર કાર્યાલય

| આવક | જુન-૨૦૨૬ | જાવક | |
|---|---|---|---|
| એફ.ડી. વ્યાજ | ૧,૦૭,૭૭૬.૦૦ | સેલરી | ૨૩,૦૦૦.૦૦ |
| બચત ખાતાથી વ્યાજ | ૩૧૮.૦૦ | સેલરી - ડિજિટલ વંશાવલી સ્ટાફ | ૧૫,૦૦૦.૦૦ |
| | | અર્ધવાર્ષિક અધિવેશન (દ્વારકા) | ૫૦,૦૦૦.૦૦ |
| | | નિરાશ્રિત વૃદ્ધ યોજના | ૨૪,૦૦૦.૦૦ |
| | | લીગલ ખર્ચ | ૫૦,૦૦૦.૦૦ |
| | | કુલ બચત | -૫૩,૯૦૬.૦૦ |
| કુલ | ૧,૦૮,૦૯૪.૦૦ | કુલ | ૧,૦૮,૦૯૪.૦૦ |

## સંજીવની-અન્નપુર્ણા

### આવક (સંજીવની) (જુન-૨૦૨૬)

| ક્રમ | રકમ | નામ | પહોંચ નંબર |
|---|---|---|---|
| ૧ | ૧૦,૦૦૦ | શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા - હૈદ્રાબાદ | ૬૮૭ |
| ૨ | ૧૦,૦૦૦ | શ્રીમતી પારૂલબેન સુનિલભાઇ ચાવડા - હૈદ્રાબાદ | ૬૮૮ |
| ૩ | ૧૦,૦૦૦ | શ્રી મનોજભાઇ સુનિલભાઇ ચાવડા - હૈદ્રાબાદ | ૬૮૯ |
| ૪ | ૧૦,૦૦૦ | શ્રીમતી આકાંક્ષા મનોજભાઇ ચાવડા - હૈદ્રાબાદ | ૬૯૦ |
| ૫ | ૧૦,૦૦૦ | ચિ. વિહાન મનોજભાઇ ચાવડા - હૈદ્રાબાદ | ૬૯૧ |
| ૬ | ૧,૦૦૦ | શ્રીમતી બબિતાબેન વિજયભાઇ ચૌહાણ - મુંબઇ | ૬૯૨ |
| ૭ | ૧૧,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીજી - માધાપર | ૬૯૩ |
| ૮ | ૨૫૦ | શ્રી નિશાંત નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ | ૬૯૪ |
| ૯ | ૫,૦૦૦ | શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ | ૬૯૫ |
| ૧૦ | ૩,૦૦૦ | શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ - અંજાર | ૬૯૬ |
| ૧૧ | ૫૦૦ | શ્રીમતી ભૂમિકાબેન નિતિનભાઇ વરૂ - રાઉરકેલા | ૬૯૭ |
| ૧૨ | ૧૧,૦૦૦ | સંજીવની સમ્રાટ પુષ્પાબેન ધારશીભાઇ ચૌહાણ - નાગપુર | ૬૯૮ |
| ૧૩ | ૨,૦૦૦ | શ્રી રાઘવકુમાર અશોકભાઇ ટાંક - નાગપુર | ૬૯૯ |
| ૧૪ | ૧,૦૦૦ | શ્રી સુભાંષુભાઇ સાવરીયા - પુના | ૭૦૦ |
| ૧૫ | ૨,૧૦૦ | શ્રીમતી લેખાબેન ડૉ. બકુલભાઇ ચાવડા - હૈદ્રાબાદ | ૮૫૧ |
| ૧૬ | ૨,૧૦૦ | શ્રીમતી ભાવનાબેન ઉમેશભાઇ ચૌહાણ - કુકમા | ૮૫૨ |
| ૧૭ | ૨,૦૦૦ | કુ. એશા રાજેશભાઇ નરેન્દ્રભાઇ ચૌહાણ - કુકમા | ૮૫૩ |
| ૧૮ | ૫,૦૦૦ | શ્રી અનિલભાઇ જીવરામભાઇ ચૌહાણ - કુમ્હારી | ૮૫૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | ૫૦૦ | કુ. ઇશા રાજેશભાઇ નરેન્દ્રભાઇ ચૌહાણ - હૈદ્રાબાદ | ૮૫૫ |
| ૨૦ | ૧૧,૦૦૦ | સંજીવની સરતાજ શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા - જયપુર | ૮૫૬ |
| ૨૧ | ૧,૧૦૦ | શ્રી ગીરીશભાઇ મેઘજીભાઇ ચૌહાણ - માધાપર | ૮૫૭ |
| ૨૨ | ૬૬,૦૦ | ??? (કેશ ડીપોઝીટ) | ૮૫૮ |
| ૨૩ | ૩૦,૦૦૦ | શ્રીમતી ગીતાબેન જગબહાદુર (?) | ૮૫૯ |
| | | **આવક (અન્નપુર્ણા) (જુન-૨૦૨૬)** | |
| ૧ | ૧,૫૦૦ | માતૃશ્રી ગૌરીબેન અમરશીભાઇ રાઠોડ - જાલના | ૭૧૨ |
| ૨ | ૧,૫૦૦ | શ્રીમતી તરૂણાબેન સંતોષભાઇ રાઠોડ - પૂના | ૭૧૩ |
| ૩ | ૫,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકજી - માધાપર | ૭૧૪ |
| ૪ | ૫,૦૦૦ | શ્રીમતી રૂચિતા જીગ્નેશભાઇ જેઠવા - કલ્યાણ | ૭૧૫ |
| ૫ | ૧,૫૦૦ | શ્રી ભુપેન્દ્રભાઇ ચંદ્રકાંતભાઇ ચાવડા - રાયપુર | ૭૧૬ |
| ૬ | ૫,૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનોહરલાલ ટાંક - અમદાવાદ | ૭૧૭ |
| ૭ | ૧૨,૬૦૦ | શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર | ૭૧૮ |
| ૮ | ૫૦૦ | શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ ટાંક | ૭૧૯ |
| ૯ | ૨,૧૦૦ | કર્નલ સત્યાન ડી. રાઠોડસર - અમદાવાદ - પૂના | ૭૨૦ |
| ૧૦ | ૬,૦૦૦ | શ્રી દિપેશકુમાર મગનલાલભાઇ જેઠવા - યુએસએ - કલ્યાણ | ૭૨૧ |
| ૧૧ | ૫,૦૦૦ | માતૃશ્રી સ્વ. જયાબેન પુરૂષોત્તમભાઇ ચૌહાણ - કુકમા | ૭૨૨ |
| ૧૨ | ૧૧,૦૦૦ | શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા - જયપુર (રાજ.) | ૭૨૩ |

| | જાવક - (સંજીવની) | | | જાવક - (અન્નપુર્ણા) | |
|---|---|---|---|---|---|
| ૧ | ૧,૦૦૦ | અંજાર ઘટક | ૧ | ૯,૦૦૦ | મુંબઇ ઘટક |
| ૨ | ૩,૦૦૦ | કુમ્હારી ઘટક | ૨ | ૯,૦૦૦ | જયપુર ઘટક |
| ૩ | ૧,૦૦૦ | ગળપાદર ઘટક | ૩ | ૯,૦૦૦ | દુર્ગ ઘટક |
| ૪ | ૧,૫૦૦ | અંજાર ઘટક | ૪ | ૯,૦૦૦ | સુરેન્દ્રનગર ઘટક |
| ૫ | ૨,૦૦૦ | સેવા શુલ્ક | | | |
| ૬ | ૧૫,૦૦૦ | સિનુગ્રા ઘટક | | | |
| ૭ | ૧૫,૦૦૦ | રાજકોટ ઘટક | | | |
| ૮ | ૧,૦૦૦ | જયપુર ઘટક | | | |
| ૯ | ૧૫,૦૦૦ | નિઝામાબાદ ઘટક | | | |

## અભિલાષા

| આવક | મે-૨૦૨૬ | જાવક | |
|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૧૧,૦૦૦ | નાગલપર - લાભાર્થી : ૧ | ૧૫,૦૦૦ |
| અરૂણભાઇ કે. ચૌહાણ - માધાપર | ૧,૦૦૦ | અંજાર - લાભાર્થી : ૩ | ૩૫,૦૦૦ |
| ડૉ. બકુલચંદ્ર ચાવડા - હૈદ્રાબાદ | ૨,૧૦૦ | સંબલપુર - લાભાર્થી : ૧ | ૧૦,૦૦૦ |
| હર્ષદ કેશવજી | ૫૦૦ | ભોપાલ - લાભાર્થી : ૧ | ૧૦,૦૦૦ |
| બાબુલાલ એસ. ચૌહાણ -- માધાપર | ૨,૧૦૦ | જબલપુર - લાભાર્થી : ૧ | ૧૦,૦૦૦ |
| શ્રી ગોવર્ધનભાઇ શાંતિલાલ રાઠોડ - આદીપુર | ૫૧,૦૦૦ | વડોદરા - લાભાર્થી : ૨ | ૨૫,૦૦૦ |
| અલ્પેશભાઇ જે. ચાવડા - ગળપાદર | ૧,૧૦૦ | ચક્રધરપુર - લાભાર્થી : ૧ | ૧૫,૦૦૦ |
| કુલ | ૬૮,૮૦૦ | કુલ - લાભાર્થી : ૧૦ | ૧,૨૦,૦૦૦ |

# અભિલાષા

| આવક | જુન-૨૦૨૬ | જાવક | | |
|---|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૧૧,૦૦૦ | -- | -- | -- |
| ડૉ. બકુલચંદ્ર ચાવડા - હૈદ્રાબાદ | ૨,૧૦૦ | | | |
| શ્રેયશ રાજેશભાઇ ચૌહાણ - હૈદ્રાબાદ | ૨,૦૦૦ | | | |
| અરૂણભાઇ કે. ચૌહાણ - માધાપર | ૧,૦૦૦ | | | |
| હર્ષદભાઇ કેશવજી | ૫૦૦ | | | |
| મનોજભાઇ દુર્ગાલાલ વેગડ - ગાંધીધામ | ૧,૫૦,૦૦૦ | | | |
| અનિલભાઇ જે. ચૌહાણ - કુમ્હારી | ૫,૦૦૦ | -- | -- | -- |
| ચૌહાણભાઇ | ૫૦૦ | | | |
| ગિરીશ એમ. ચૌહાણ - માધાપર | ૧,૧૦૦ | | | |
| સુભાષભાઇ આર. ચાવડા - વડોદરા | ૨૧,૦૦૦ | | | |
| બાબુભાઇ એસ. ચૌહાણ - માધાપર | ૨,૧૦૦ | | | |
| નવીનભાઇ પ્રેમજીભાઇ યાદવ - માધાપર | ૧૦,૦૦૦ | | | |
| કુલ | ૨,૦૬,૩૦૦ | -- | નીલ | -- |

# 'સેતુ સમાજ સંદેશ'

## એપ્રિલ, મે, જુન-૨૦૨૬

### આવક

| ક્રમ | પહોંચ નંબર | વિગત | રકમ |
|---|---|---|---|
| ૧ | ૯૫૧ | લવાજમ | ૫૦૦ |
| ૨ | ૯૫૨ | લવાજમ | ૫૦૦ |
| ૩ | ૯૫૩ | જાહેરાત | ૭૦૦૦ |
| ૪ | ૯૫૪ | જાહેરાત | ૩૫૦૦ |
| ૫ | ૯૫૫ | જાહેરાત | ૨૦૦૦ |
| ૬ | ૯૫૬ | જાહેરાત | ૨૦૦૦ |
| ૭ | ૯૫૭ | જાહેરાત | ૨૦૦૦ |
| ૮ | ૯૫૮ | જાહેરાત | ૩૫૦૦ |
| ૯ | ૯૫૯ | જાહેરાત | ૭૦૦૦ |
| ૧૦ | ૯૬૦ | જાહેરાત | ૩૫૦૦ |
| ૧૧ | ૯૬૧ | લવાજમ | ૫૦૦ |
| ૧૨ | ૯૬૨ | જાહેરાત | ૭૦૦૦ |
| ૧૩ | ૯૬૩ | જાહેરાત | ૩૫૦૦ |
| ૧૪ | ૯૬૪ | જાહેરાત | ૧૪૦૦૦ |
| ૧૫ | ૯૬૫ | જાહેરાત | ૩૫૦૦ |
| ૧૬ | ૯૬૬ | જાહેરાત | ૩૫૦૦ |
| ૧૭ | ૯૬૭ | જાહેરાત | ૩૫૦૦ |
| ૧૮ | ૯૬૮ | જાહેરાત | ૩૫૦૦ |
| ૧૯ | ૯૬૯ | જાહેરાત | ૫૦૦ |
| ૨૦ | ૯૭૦ | જાહેરાત | ૩૫૦૦ |
| ૨૧ | ૯૭૧ | જાહેરાત | ૬૦૦૦ |
| ૨૨ | ૯૭૨ | જાહેરાત | ૩૦૦૦ |
| ૨૩ | ૯૭૩ | જાહેરાત | ૨૦૦૦ |
| ૨૪ | ૯૭૪ | જાહેરાત | ૫૦૦૦ |
| ૨૫ | ૯૭૫ | જાહેરાત | ૭૦૦૦ |
| ૨૬ | ૯૭૬ | જાહેરાત | ૭૦૦૦ |
| ૨૭ | ૯૭૭ | જાહેરાત | ૩૫૦૦ |
| ૨૮ | ૯૭૮ | જાહેરાત | ૧૫૦૦ |
| ૨૯ | ૯૭૯ | જાહેરાત | ૫૦૦ |
| ૩૦ | ૯૮૦ | જાહેરાત | ૨૦૦૦ |
| ૩૧ | ૯૮૧ | જાહેરાત | ૩૫૦૦ |
| ૩૨ | ૯૮૨ | જાહેરાત | ૩૫૦૦ |
| ૩૩ | ૯૮૩ | જાહેરાત | ૬૦૦૦ |
| ૩૪ | ૯૮૪ | જાહેરાત | ૩૫૦૦ |
| ૩૫ | ૯૮૫ | જાહેરાત | ૨૦૦૦ |
| ૩૬ | ૯૮૬ | જાહેરાત | ૭૦૦૦ |
| ૩૭ | ૯૮૭ | જાહેરાત | ૩૫૦૦ |
| ૩૮ | ૯૮૮ | જાહેરાત | ૧૫૦૦ |
| ૩૯ | ૯૮૯ | જાહેરાત | ૨૦૦૦ |

### જાવક

| વિગત | રકમ |
|---|---|
| પોસ્ટલ ટીકીટ - એપ્રિલ'૨૬ | ૬,૦૦૦ |
| પોસ્ટલ ટીકીટ - મે'૨૬ | ૧૨,૦૦૦ |
| પોસ્ટલ ટીકીટ - જુન'૨૬ | ૧૨,૦૦૦ |
| ટીકીટ પેસ્ટીંગ ચાર્જી - વાઉચર - એપ્રિલ'૨૬ | ૨,૦૦૦ |
| ટીકીટ પેસ્ટીંગ ચાર્જી - વાઉચર - મે'૨૬ | ૨,૦૦૦ |
| ટીકીટ પેસ્ટીંગ ચાર્જી - વાઉચર - જુન'૨૬ | ૨,૦૦૦ |
| શ્રી હરિ ઓફસેટ - એપ્રિલ'૨૬ | ૧,૮૪,૪૮૫ |
| શ્રી હરિ ઓફસેટ - મે'૨૬ | ૧,૪૭,૯૪૫ |
| શ્રી હરિ ઓફસેટ - જુન'૨૬ | ૧,૧૮,૦૦૦ |
| ગાયત્રી ગ્રાફીક્સ - એપ્રિલ'૨૬ | ૪૨,૧૮૬ |
| ગાયત્રી ગ્રાફીક્સ -મે'૨૬ | ૩૫,૬૦૨ |
| ગાયત્રી ગ્રાફીક્સ - જુન'૨૬ | ૩૩,૮૧૬ |

## દ્વારકા સગપણ સંમેલનનું ખર્ચ

| આવક | જુન-૨૦૨૬ | જાવક | | |
|---|---|---|---|---|
| જમા થયા | ૫૦,૦૦૦ | સ્ટેશનરી ખર્ચ | ૯,૮૫૦ | |
| | | કેન્ડીડેટ ગીફ્ટ | ૭,૫૬૦ | |
| | | સેતુ સમાજ સંદેશ પેજ | ૬,૦૦૦ | |
| | | બસ ભાડું પાત્રો | ૫,૦૦૦ | |
| | | પિકનીક ખર્ચ | ૩,૦૦૦ | |
| | | બેનર ખર્ચ | ૧,૫૦૦ | |
| | | કુલ ખર્ચ | | ૩૨,૯૧૦ |
| | | બેલેન્સ | | ૧૭,૦૯૦ |
| કુલ | ૫૦,૦૦૦ | કુલ | | ૫૦,૦૦૦ |

## અંજાર કાર્યાલય

| આવક | એપ્રિલ, મે, જુન'૨૦૨૬ | જાવક | |
|---|---|---|---|
| નાગલપર પ્લોટ સહયોગ શુલ્ક રાશી | ૨૫૦૦૦ | સંઘવી એન્ટરપ્રાઇઝ | ૭૬,૯૦૦ |
| (પહોંચ નં. ૮૦૧ થી ૮૦૫) | | કોમ્પ્યુટરસેટ, પ્રિન્ટર,યુપીએસ (ચેકથી પેમેન્ટ) | |
| | | રવેચી સેલ્સ (કાર્યાલય સ્ટેશનરી) | ૧,૧૩૨ |
| | | ગાયત્રી ગ્રાફીક્સ બીલ નં. ૧૨૨, ૧૨૩, ૧૨૪ | ૨,૮૦૦ |
| | | એસ.આર.ઇ. ઇલે. સામાન બીલ | ૧,૧૩૬ |
| | | મારૂતી કુરીયર | ૪૫૦ |
| | | કાર્યાલય મધ્યે ફ્રેમ ફીટીંગ | ૩,૬૯૦ |
| | | ડિવાઇન સ્ટેશનરી બીલ | ૮૩૫ |
| | | ગાયત્રી ગ્રાફીક્સ બીલ | ૨,૯૫૦ |
| | | કાર્યાલય ખર્ચ (સફાઇ તેમજ મંદિર ખરીદી) | ૧,૨૫૦ |
| | | કાર્યાલય કર્મચારી વેતન (એપ્રિલ'૨૬) ચેક | ૬,૦૦૦ |
| | | કાર્યાલય કર્મચારી વેતન (મે'૨૬) | ૬,૦૦૦ |
| | | કાર્યાલય કર્મચારી વેતન (જુન'૨૬) | ૬,૦૦૦ |

## ઓસ્ટ્રેલિયા ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સિડની ઓસ્ટ્રેલિયા ઘટક દ્વારા પિકનિકનો કાર્યક્રમ તારીખ ૨૧-૦૬-૨૦૨૬ના રોજ ફલીક્ષ પાર્ક સિડની ખાતે રાખેલ હતો. પિકનિક દરમ્યાન બધા સભ્યોએ મળીને નવા સભ્યનું સ્વાગત કર્યું હતું. દરેક પરિવાર પોતાની પસંદની એક વાનગી બનાવીને લાવ્યા હતા અને બધા એ સાથે મળીને વિવિધ વાનગીઓ જેવી કે ૩ પ્રકારનાં પાણી હોય એવી પાણીપુરી, સેન્ડવિચ, ઢોકળા, દાબેલી, પાવભાજી, પુલાવ અને ડ્રિંક્સનો આનંદ લીધો હતો. જમ્યા પછી બધા પાર્કમાં વૉક માટે નીકળ્યા હતા તે દરમ્યાન સેલ્ફી અને સમૂહ ફોટો લીધા હતા. ત્યારબાદ ચાનું પણ આયોજન કર્યું હતું. ફુલગુલાબી ઠંડીમાં ચા



પીવાની ખુબજ મજા આવી ગઈ હતી. બાળકોએ પણ પાર્કમાં સાયકલિંગ, ફૂટબોલ રમીને ખુબજ મજા માણી હતી. પિકનિકની દરેક પળમાં ભારત જેવી યાદ આવી જતી હતી. રવિવાર હોવાથી બધા વહેલા છુટા પડી પોતપોતાનાં ઘરે જવા નીકળ્યા હતા.

॥ ॐ શાંતિ ॥

સહ વીર્યં કરવાવહૈ

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# 'સંજીવની-૫'

*The Lifeline.....*

માહિતિ... માર્ગદર્શન... મદદ...



**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**

(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની')

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

### :: પ્રતિમાસ રૂા. ૧૧૦૦૦ ના પ્લેટીનમ દાતાશ્રી ::

**'સંજીવની સમ્રાટ' સમાજરત્ન શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર - માધાપર**
**(પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા)**
**'સંજીવની સમ્રાટ' માતૃશ્રી પુષ્પાબેન ધારશીભાઇ ગોવિંદભાઇ ચૌહાણ પરિવાર - નાગપુર**

### :: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::

શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ
(ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા
(ઉપપ્રમુખશ્રી મહાસભા)
સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર
(પૂર્વ પ્રમુખશ્રી મહાસભા)
સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત
શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ
શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર - નૈરોબી (આફ્રિકા)
શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા પરિવાર - પુના
શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી - અંજાર
શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) - જયપુર

### :: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના
શ્રીમતી મીનાબેન અશોકભાઇ ધારશીભાઇ ટાંક - નાગપુર
સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ અરજણભાઇ પરમાર પરિવાર - આદીપુર
શ્રી રાજેશભાઇ સૂર્યકાન્તભાઇ રાઠોડ - ટાટાનગર
શ્રીમતી ભાવનાબેન ઉમેશભાઇ ચૌહાણ - કુકમા
શ્રીમતી લેખાબેન (ડૉ.) બકુલભાઇ ચાવડા સર - હૈદ્રાબાદ
શ્રી કેશવજીભાઇ મૂરજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર

### :: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી ::

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ
બી.જે. ચૌહાણ એસોસિએટ્સ - આદીપુર
બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ (મહાકૌશલ પ્રા.પ્રમુખ)
શ્રીમતી અનસુયાબેન જેરામભાઇ પરમાર - કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર-બાલાઘાટ
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર
શ્રીમતી બબિતાબેન વિજયભાઇ ચૌહાણ - મુંબઇ
સંજીવની સરતાજ શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ પરિવાર - ધનબાદ-લંડન
શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ ટાંક - મોરબી
શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક - અમદાવાદ
શ્રી પરેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ - રાજકોટ (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી નવિનભાઇ પ્રેમજીભાઇ યાદવ - માધાપર (ઘટક પ્રમુખશ્રી હાજાપર)
શ્રીમતી કોમલબેન મોહનભાઇ ચૌહાણ - તરાના ગ્રુપ - અમદાવાદ-લખનૌ
સંજીવની સરતાજ શ્રી પ્રદિપભાઇ ચત્રભુજભાઇ ચૌહાણ - નાગપુર

### :: પ્રતિ માસ રૂા. ૫૦૦-૨૫૦/-ના સ્નેહી દાતાશ્રી ::

ગં.સ્વ. માયાબેન ભરતભાઇ વલમજીભાઇ વાઢેર - અંજાર
શ્રી પ્રતિકભાઇ દિનેશભાઇ ટાંક - વરીષ્ઠ મહામંત્રી અ.ભા.યુવા મહામંડળ-અંજાર
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ (પ્રમુખ કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ પરિવાર (ખંભરા) અંજાર
શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ
શ્રી ગીરીશભાઇ પુરૂષોત્તમભાઇ ચાવડા - રાજનાંદગાંવ
શ્રી પ્રકાશભાઇ હીરજીભાઇ ટાંક - રાજનાંદગાંવ
શ્રીમતી ભૂમિકાબેન નિતિનભાઇ માધવજીભાઇ વરૂ - રાઉરકેલા
શ્રી અરૂણકુમાર કાંતિલાલભાઇ ચૌહાણ પરિવાર - માધાપર
કુ. ઇશા રાજેશભાઇ નરેન્દ્રભાઇ ચૌહાણ પરિવાર - હૈદ્રાબાદ

(**વિનંતી :** ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(**નોંધ :** ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૫

**।। શિક્ષણ દાન એજ મહાદાન ।।**

શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

સૌ શિક્ષણપ્રેમીઓને જય સમાજ... સાદર નમસ્કાર...

હાલના આધુનિક યુગમાં રોજગારીની તકો વધવાની સથે શિક્ષણનું મહત્વ પણ વધી રહ્યું છે. આપણા સમાજના ઉચ્ચ શિક્ષણ મેળવવા ઇચ્છુક આર્થિક રીતે નબળા છાત્રોને શિક્ષણ સહાય રૂપે આંશિક મદદ કરવાનું કામ મહાસભાની અભિલાષા સમિતિ કરી રહી છે અને આ સેવા કાર્ય સમાજના દાતાશ્રીઓના ઉદાર આર્થિક સહયોગ વગર શક્ય નથી.



દાતાશ્રીઓના આ ક્રમમાં મુળ ગામ ખંભરા, હાલે બેંગ્લોર નિવાસી આપણા સમાજના ખુબ જાણીતા ઉદ્યોગપતિ, ભારતીય અવકાશ વિજ્ઞાનના મહારથી અને ઉદારદિલ દાતા એવા **મહાસભાના માનદ્ સભ્ય શ્રી વિપીનભાઇ દેવરામભાઇ રાઠોડ અને તેમના ધર્મપત્ની અ.ભા.મહિલા મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી લીનાબેન રાઠોડ...** ખુશીના અવસરને ખુશાલીમાં બદલતાં શ્રીમતી લીનાબેન રાઠોડે તેમના જન્મ દિન (તા. ૧૩-૭) અવસરે શુભ સંકલ્પ રૂપે સમાજના આથિક રીતે નબળા છાત્રોની શિક્ષણ સહાય માટે પ્રતિમાસ રૂા. ૨૦૦૦/-ના દાન (વાર્ષિક રૂા. ૨૪૦૦૦/-)ની જાહેરાત કરી સૌ શિક્ષણ પ્રેમીઓની શુભેચ્છા પ્રાપ્ત કરી. સમાજના વિવિધ સેવા કાર્યોમાં પોતાનું આર્થિક યોગદાન આપનાર રાઠોડ દંપતિનો ખુબ ખુબ આભાર... સૌ લીનાબેન રાઠોડને જન્મ દિવસની અશેષ શુભકામના...



તેવી જ રીતે આ સમિતિને મદદરૂપ બની રહ્યા છે આપણા સમાજના ગૌરવ સમાન ઉદ્યોગપતિ... **મહાસભાના માનદ્ સભ્ય શ્રી સુભાષભાઇ રતીલાલભાઇ ચાવડા - વડોદરા, નાગપુર, ગોંદિયા** અને ભારતભરમાં પોતાનું બિઝનેસ નેટવર્ક ધરાવતા, ખુબજ નમ્ર, મિલનસાર અને સેવાભાવી વ્યક્તિત્વના ધની શ્રી સુભાષભાઇ ચાવડા શિક્ષણનું મહત્વ સમજે છે. તેમના તરફથી આપણા સમાજના આર્થિક રીતે નબળા છાત્રોને શિક્ષણ સહાય આપવાના ઉમદા હેતુથી રૂા. ૨૧૦૦૦/-નું દાન આ સમિતિને આપવામાં આવેલ છે. તેમના ઉદારદિલ સહયોગની નોંધ લઇ આ સમિતિ તેમનો ખુબ ખુબ આભાર માને છે.

આ સિવાય આ સમિતિને પ્રતિ માસ રૂા. ૧૧૦૦૦/-નું નોંધપાત્ર દાન આપીને મુખ્ય સહયોગી બનતા **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - મહાસભા પ્રમુખશ્રી** અને તમામ માસિક દાનદાતાશ્રીઓનો આ સમિતિ વતીથી હાર્દિક આભાર માનવામાં આવે છે. પોતાના જન્મદિને રૂા. ૧૧૦૦/-નું ખુશાલી દાન આપનાર દાતાશ્રી ગિરીશભાઇ ચૌહાણ - માધાપર, મહાસભા મંત્રીશ્રીનો પણ ખુબ ખુબ આભાર...

વિનોદ લીલાધર ચૌહાણ - પ્રભારી અને ઉપપ્રમુખ



### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપૂર્ણા - ૧

**॥ અન્નદાન મહાદાન ॥**




પ્રભારી :
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦

સહપ્રભારી :
શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮


**Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

## 'અન્નપૂર્ણા સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૬૦૦૦/૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

| | | |
|---|---|---|
| શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર | કલ્યાણ-યુએસએ | |
| શ્રીમતી સુરભીબેન મનોહરભાઇ વિરમભાઇ ટાંક પરિવાર | અમદાવાદ | |
| શ્રી સુભાષભાઇ રતિલાલભાઇ ચાવડા પરિવાર | ગોંદિયા-નાગપુર-વડોદરા | |
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવાર | માધાપર | (પ્રમુખશ્રી મહાસભા) |
| શ્રી અનિલભાઇ જીવરામભાઇ ચૌહાણ પરિવાર | કુમ્હારી | (ઉપપ્રમુખશ્રી મહાસભા) |
| શ્રીમતી રૂચિતાબેન જીગ્નેશભાઇ મગનલાલ જેઠવા | કલ્યાણ | |

**:: પ્રતિમાસ રૂા. ૨૦૦૦/૧૫૦૦/- ૧૦૦૦/- ના માનદ્ દાતાશ્રી ::**

| | | |
|---|---|---|
| શ્રી શિવલાલભાઇ કરસનભાઇ ચાવડા પરિવાર | જયપુર (રાજ.) | (મામાશ્રી) |
| શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા પરિવાર | અંજાર | (પ્રભારી - અન્નપુર્ણા યોજના) |
| શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ | લાતુર | (પ્રભારી - મહિલા ઉત્કર્ષ સમિતિ મહાસભા) |
| ડૉ. શ્રી કાંતિલાલભાઇ પુરૂષોત્તમભાઇ ચાવડા સર (એમ.એસ.) | જયપુર (રાજ.) | (પ્રમુખશ્રી રાજસ્થાન પ્રાદેશિક સમિતિ) |
| 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા | અંજાર | |
| શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી | અંજાર | |
| માતૃશ્રી પ્રાણકુંવરબેન કાંતિલાલભાઇ રાઠોડ | દુર્ગ | હ. સુપુત્રી શ્રીમતી મીનાબેન જયંતભાઇ રાઠોડ - અંજાર |
| શ્રી ભુપેન્દ્રભાઇ ચંદ્રકાંતભાઇ ચાવડા પરિવાર | રાયપુર | |
| ગં.સ્વ. ઉર્મિલાબેન અનિલભાઇ કેશવજીભાઇ ટાંક પરિવાર | અંજાર | હ. શ્રી સુરેશભાઇ અનિલભાઇ ટાંક - અંજાર |
| શ્રી ઉમેશભાઇ સૌભાગ્યલાલભાઇ ચૌહાણ (સિનુગ્રા) | અંજાર | |
| શ્રીમતી મીનાબેન અશોકભાઇ ધારશીભાઇ ટાંક પરિવર | નાગપુર | |

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦/-ના સહયોગી દાતાશ્રી ::**

| | | |
|---|---|---|
| સ્વ. માતૃશ્રી નયનાબેન પ્રાગજીભાઇ ધનજીભાઇ પઢિઆર પરિવાર | અંજાર | હ. શ્રી અજયભાઇ પઢિઆર |
| સ્વ. નટવરલાલભાઇ ભનુભાઇ પરમાર | અંજાર | હ. શ્રી પરેશભાઇ, શ્રી ગિરિશભાઇ પરમાર |
| શ્રી ભરતભાઇ જેઠાલાલભાઇ રાઠોડ | માધાપર | પ્રમુખશ્રી માધાપર યુવા મંડળ |
| શ્રી દિપકભાઇ કાંતિલાલભાઇ ચૌહાણ પરિવાર | માધાપર | |
| શ્રી પ્રતિકભાઇ દિનેશભાઇ ટાંક | અંજાર | વરીષ્ઠ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ |
| માતૃશ્રી શાન્તાબેન સુર્યકાંતભાઇ વેગડ પરિવાર | અંજાર | હ. શ્રી પ્રવિણભાઇ સુર્યકાન્તભાઇ વેગડ |
| શ્રી અરૂણભાઇ કાંતિલાલભાઇ ચૌહાણ | માધાપર | |
| ઇશા રાજેશભાઇ નરેન્દ્રભાઇ ચૌહાણ પરિવાર | હૈદ્રાબાદ | |

(**વિનંતી :** ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)
(**નોંધ :** ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## બાલાઘાટ ઘટક





દર વખત પ્રમાણે, જૂન મહિનામાં બાલાઘાટ ઘટક દ્વારા વરિષ્ઠ નાગરિકનું ગેટ ટુ ગેદર રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સુવિચાર વેલકમ શબ્દો દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ કાર્યક્રમમાં આવેલા વરિષ્ઠ નાગરિકોમાંથી લકી અર્લી વાઇફ વરિષ્ઠ નાગરિક ને ઇનામ આપવામાં આવ્યા. ત્યારબાદ એક એક્ટિવિટી ગેમ ફાસ્ટેસ્ટ ફીંગર ફર્સ્ટ ગેમ રાખવામાં આવ્યું હતું.

તે ગેમમાં સર્વે વરિષ્ઠ નાગરિક પોત-પોતાના બાળકોને ફોન લગાવીને આશીર્વાદ આપ્યા અને જે વરિષ્ઠ નાગરિક અમારા પાસે પહેલા આવ્યું એમને ઇનામ આપવામાં આવ્યું. ત્યારબાદ એક લકી ગેમ રાખવામાં આવ્યું, અને બાદ માં હજી એક એક્ટિવિટી ગેમ રાખવામાં આવ્યું. અને ત્યારબાદ હાઉસીની રમત રાખવામાં આવી સર્વે વરિષ્ઠ નાગરિકે ખૂબ આનંદ લીધો.

ત્યારબાદ જૂન મહિનામાં આવેલા જે જે વરિષ્ઠ નાગરિકનો જન્મદિવસ હતો તેમને વધામણી પત્ર આપવામાં આવ્યા. અને બાદમાં કેક કટીંગ કરવામાં આવી કેક કટીંગમાં જેમનો બર્થ ડે હતો તેમના પરિવારના સર્વે સદસ્ય પણ સહભાગી બન્યા અને કાર્યક્રમનો આનંદ લીધો. અંતે ઘટક પ્રમુખે એક નાનકડી વાર્તા સર્વેને વ્યક્ત કરી. એના સાથે વડીલોએ પોતાના પણ વિચારો સર્વેને સમક્ષ વ્યક્ત કર્યા હતા. ત્યારબાદ સર્વે સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો હતો. આ કાર્યક્રમમાં સર્વેએ આનંદ માણેલ હતો.

## વડોદરા ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ વડોદરા ઘટક દ્વારા ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું આયોજન યોગ પ્રશિક્ષણ અને થેરાપીસ્ટ એવા કુ. દામીની વરૂની વડપણ હેઠળ સમાજ ભવન મધ્યે આયોજન કરવામાં આવ્યું હતું. કુમારી દામીની વરૂ વડોદરાની યોગ નિકેતનમાંથી પ્રશિણ લીધેલ છે. તેઓ સર્ટીફાઇડ યોગ ટીચર અને સાથે થેરાપીસ્ટનું પણ સર્ટીફીકેટ ધરાવે છે. ઘટકના લગભગ ૪૦ થી ૫૦ લોકો સવારે ૬.૩૦ વાગ્યાથી આ આયોજનમાં ભાગ લીધેલ હતો. તેઓ દ્વારા ખુબ સારી રીતે જરૂરી આસનોનું માર્ગદર્શન મેળવ્યું હતું. યોગ ટીચર યામીની વરૂ દ્વારા રોજીંદા જીવનમાં જરૂરી આસનોનો સરળ ભાષામાં વ્યવસ્થીત માર્ગદર્શન આપી શરીરની જરૂરીયાત પ્રમાણેના આસનો વિશેની વ્યક્તિગત પદ્ધતિઓ દ્વારા શારીરીક-માનસીક અને સર્વાંગી સુખાકારી માટેની વિસ્તૃત માહિતિ આપી હતી.

આજ દિવસે ત્યાર બાદ વડોદરા ઘટકની નવી પહેલ ''સ્વ ઉત્પાદિત વસ્તુઓના પ્રદર્શન તથા વેચાણ કેન્દ્ર''ના ઉદ્‌ઘાટનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા ઘટકમાં વસતા સમાજબંધુઓમાં ઘણા પરીવારમાંથી ઘરેથી સ્વ ઉત્પાદિત વસ્તુઓ બનાવતા હોય છે. તેવા નવા ઉદ્‌ભવતા વ્યવસાયીકો

માટે સમાજ ભવન મધ્યે આગળના ભાગે આવેલ દુકાનોમાંની એક દુકાનમાં આવા વ્યવસાયીકો માટે ઘટક દ્વારા કલરકામ અને ફર્નિચરની વ્યવસ્થા સાથેની એક દુકાન તૈયાર કરવામાં આવી છે. જેમાં લગભગ છ જેટલા લોકો સાથે બેસીને પોતાની સ્વઉત્પાદિત વસ્તુઓનું પ્રદર્શન કરી શકે તેમજ વેચાણ કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેમાં હાલમાં ૩ જેટલા વ્યવસાયીકોએ પોતાની તૈયારી બતાવતા કોઇપણ જાતના ભાડા વગર આ જગ્યામાં તેમના વ્યવસાયની શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ કેન્દ્રના ઉદ્ઘાટન માટે ઘટકના બહુ જુના સભ્ય, સામાજીક ભાવના ધરાવતા અને છેલ્લા ૪૦ વર્ષોથી પોતાના ઘરેથી નાનો વ્યવસાય કરી પોતાના ઘરની જવાબદારી નિભાવતા ગં.સ્વ. વિલાસબેનના હસ્તે કરવામાં આવ્યું હતું. ગં.સ્વ. વિલાસબેન આવી રીતે ગૃહ ઉદ્યોગ કરનાર તેમજ જાત મહેનત કરનાર સર્વે સમાજબંધુઓને પ્રેરણારૂપ છે. વડોદરા ઘટકના આવા જ જરૂરીયાતમંદ લોકોને આર્થિક રીતે સહાયરૂપ થવાની ભાવનાથી જ ઘટકના ખર્ચે સમાજની જગ્યામાં ફુલ ફર્નિચરની વ્યવસ્થા સાથેના આવા સ્વ ઉત્પાદિત વસ્તુઓના પ્રદર્શન અને વેચાણ કેન્દ્રની શુભ શરૂઆત કરવામાં આવી છે.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઘટકના સભ્યો હાજર રહ્યા હતા. જેઓએ આ આયોજન બાબત કમીટીની ખુબ પ્રશંસા કરી આશીર્વાદ આપી પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. આ વેચાણ કેન્દ્રની વ્યવસ્થાની સંપૂર્ણ જવાબદારી ઘટક કારોબારી સભ્ય શ્રી અશોકભાઇ પરમારને સોંપવામાં આવી છે. ઘટક પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ રાઠોડ દ્વારા આજથી શરૂઆત કરનાર તમામ વ્યવસાયીકોને બુકે આપીને સન્માનીત કર્યા હતા અને આવનારા દિવસોમાં તેઓ વ્યવસાયમાં ઉતરોત્તર પ્રગતી કરે તેવી શુભકામનાઓ સમગ્ર ઘટક વતીથી પાઠવી હતી. સવારના યોગા-ડેના આયોજનની સઘળી જવાબદારી ઘટકના સભ્ય નિલેશભાઇ સોલંકી, સરલાબેન પરમાર અને દિપાલીબેન સોલંકી દ્વારા કરવામાં આવી હતી.

## રાઉરકેલા ઘટક




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાઉરકેલા ઘટકને ૬૫ વર્ષ પુરા થઇ ૬૬ વર્ષમાં પ્રવેશ કરવાના ઉપલક્ષમાં તા. ૧૪-૦૬-૨૦૨૬, રવિવારના રોજ સમાજ ભવન મધ્યે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ અને પશ્ચિમ ઓરિસ્સા પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ૧૨ ઘટકોના પ્રમુખશ્રી તેમજ મંત્રીશ્રીની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભા વધારી હતી. આ સાથે પૂર્વ ઓરિસ્સા પ્રા. પ્રમુખ શ્રી દિનેશભાઇ નાનાલાલ ટાંક - કટકની ગરીમામય ઉપસ્થિતિ રહી હતી. સભાના અધ્યક્ષ ગં.સ્વ. પ્રભાબેન મુકુન્દભાઇ ચૌહાણ - બનઇ, મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમાર, પૂર્વ ઓરિસ્સા પ્રા. પ્રમુખ દિનેશભાઇ ટાંક, અ.ભા.મહિલા મહામંડળના પૂર્વ પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન ભુપેન્દ્રભાઇ પરમાર, પશ્ચિમ ઓરિસ્સા પ્રા પ્રમુખ તેમજ રાઉરકેલા ઘટક પ્રમુખ શ્રી નીતીનભાઇ માધવજીભાઇ વરૂ, પશ્ચિમ ઓરિસ્સા મહિલા પ્રા. પ્રમુખ શ્રીમતી ભુમિકાબેન નીતીનભાઇ વરૂ, રાઉરકેલા ઘટકના ચેરમેન શ્રી દિપકભાઇ મુકુન્દભાઇ ચૌહાણ, રાઉરકેલા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમાર તેમજ રાઉરકેલા યુવા મંડળ પ્રમુખ શ્રી દિપેશભાઇ ભરતભાઇ રાઠોડે ઉપસ્થિત સૌ મહેમાનોને આવકાર્યા હતા.

રાઉરકેલા ઘટક દ્વારા સમસ્ત અતિથિઓને મંચ પર સાદર આમંત્રીત કરી દીપ પ્રજ્વલન કરેલ હતું. મહિલા મંડળના બહેનો દ્વારા સ્વાગત ગીત રજુ કરવામાં આવેલ. શ્રીમતી અનીતાબેન હરીશભાઇ ટાંક, શ્રીમતી ભુમિકાબેન પ્રતિશભાઇ ચાવડા, શ્રીમતી લલીતાબેન કિશોરભાઇ રાઠોડ ત્યાર બાદ મહિલા મંડળ પ્રભુ પ્રાર્થના કરવામાં આવેલ હતી. શ્રીમતી નીતાબેન દિપેશભાઇ રાઠોડ દ્વારા એકલ નૃત્ય પ્રસ્તુત કરવામાં આવેલ.

મહિલા મંડળના બહેન શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમાર, શ્રીમતી અનિતાબેન હરીશભાઇ ટાંક, શ્રીમતી ભુમિકાબેન પ્રતિશભાઇ ચાવડા, શ્રીમતી ગ્રીષ્માબેન ધર્મેશભાઇ પરમાર, શ્રીમતી ચંચલબેન રાજેશભાઇ ટાંક તેમજ શીતલબેન દેવેનભાઇ રાઠોડ દ્વારા રાસની પ્રસ્તુતી કરવામાં આવેલ. કેંજોરગઢ ઘટકના મંત્રી શ્રી મનોજભાઇ પરસોત્તમભાઇ ચાવડા દ્વારા જાદુનો કાર્યક્રમ પણ પ્રસ્તુત કરવામાં આવેલ. ત્યાર બાદ ઘટકના દિવંગત આત્માઓની શાંતિ માટે બે મિનિટનું મૌન

પાળવામાં આવેલ. ત્યાર બાદ રાઉરકેલા ઘટકના સભ્યો દ્વારા મંચાસીન અતિથિઓ તેમજ ઓરિસ્સાના સર્વે ઘટકથી પધારેલ મહેમાનોનું સાલ તથા મોમેન્ટોથી સન્માન કરવામાં આવેલ. ઘટકના ૬૫ વર્ષ પુરા થતા ૬૬ વર્ષમાં પ્રવેશની ઉજવણીના ઉપલક્ષમાં ઘટકના ૭૫ વર્ષથી ઉપરના વડીલોનું સાલ-મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ. ત્યાર બાદ રાઉરકેલા ઘટક સ્થાપના દિવસનો અહેવાલ સૌને વાંચી સંભળાવવામાં આવેલ.

મંચસ્થ મહાનુભાવો તથા અતિથિઓએ પ્રસંગોપાત ઉદ્‌બોધન આપેલ. મહાસભા દ્વારા મેરેજ બ્યુરો સમિતિ પ્રેરીત જોડી જંકશનના ઝોનલ સભ્ય શ્રીમતી ભુમિકાબેન નિતીનભાઇ વરૂ દ્વારા ઓનલાઇન સગપણ સોલ્યુશનના વિષય પર વિસ્તારથી માહિતિ આપેલ હતી. મંચ સંચાલન ઘટક મંત્રી શ્રી કિશોરભાઇ ટાંક દ્વારા કરવામાં આવેલ. આભારવિધી ઘટક પ્રમુખ શ્રી નિતીનભાઇ વરૂ દ્વારા કરવામાં આવેલ.

## ગાંધીધામ ઘટક




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ ઘટક દ્વારા ચાર રાત્રી અને ત્રણ દિવસનું અધિક માસ નિમિત્તે ધાર્મિક પ્રવાસનું આયોજન ઘટક પ્રમુખશ્રી નીતિનભાઈ દેવશીભાઈ પરમારની આગેવાનીમાં કરવામાં આવેલ. જેમાં મુખ્ય દાતા મહાસભાના ઉપપ્રમુખશ્રી તથા ગાંધીધામ ટ્રસ્ટના પ્રમુખ દિલેર દાતા શ્રી મનોજભાઈ દુર્ગાલાલભાઈ વેગડ પરિવાર દ્વારા મોટો આર્થિક સહકાર પ્રાપ્ત થયેલ અને ગાંધીધામ ઘટક એ પણ સહયોગ આપેલ સાથે સાથે પ્રવાસ કરનારા એ પણ તેમાં આર્થિક યોગદાન આપેલ.

તારીખ ૨૧ થી ૨૪ દરમિયાન ગાંધીધામ ઘટક દ્વારા અધિક માસ નિમિત્તે ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. એમાં ૧૨૦ જેટલી મોટી સંખ્યામાં સભ્યોએ લાભ લઈ ત્રણ બસ દ્વારા ગુજરાતના મુખ્ય અને પ્રાચીન ધાર્મિક સ્થળો દ્વારકા, સોમનાથ, જુનાગઢ અને વિરપુર પ્રવાસ યોજેલ. તારીખ ૨૧ના રાત્રે શ્રી મનોજભાઇ વેગડ પરિવાર દ્વારા આઈસ્ક્રીમની મોજ કરાવ્યા બાદ બસને હસી-ખુશીથી ભગવાન દ્વારિકાના જયકારા સાથે પ્રસ્થાન કરાવેલ. વહેલી સવારે વીરપુર પહોંચ્યા બાદ લોકો સ્નાન, નાસ્તો કરી જલારામ બાપાના મંદિરે દર્શન કરેલ.

ત્યારબાદ નજીકમાં જ આવેલ ખોડલધામ મંદિરની દર્શન કરી મજા માણી. ત્રણે બસ આગળ નીકળી બસમાં સૌ મહિલાઓએ ભજન કીર્તન નો લાભ લીધો હતો બસ આગળ જુનાગઢ જવા રવાના કરેલ. ત્યાં પહોંચી સર્વે લોકોને એસી હોટલમાં રૂમ એલોટ કરી ત્યારબાદ હોટલમાં ભોજન લઈ આરામ કરી જુનાગઢ તળેટીમાં આવેલ વિવિધ ધાર્મિક સ્થળોએ સર્વે લોકોએ દર્શન કરેલ. હોટલનું સ્થળ ગીરનાર તળેટી ભવનાથ મંદિરની સામે હોવાથી શ્રદ્ધાળુઓએ ભાવનાથના રાત્રિના દર્શન કર્યા ત્યારબાદ જમીને સર્વે આરામ કર્યો સવારે ફરી મંદિરના દર્શન કરી નાસ્તો કર્યો બસ સોમનાથ માટે રવાના થયેલ. ત્યારબાદ સોમનાથ પહોંચી ત્યાંના નજીકના સ્થળોએ દરેક ભક્તોએ દર્શન કરેલ અને છેવટે ભોળાનાથ શંકર ભગવાનના જ્યોતિર્લિંગ સોમનાથના દર્શન કરી ધન્યતા અનુભવેલ. ત્યાર પછી દ્વારકા તરફ પ્રયાણ કરેલ.

રસ્તામાં શ્રીમતી હીનાબેન કિરણભાઈ પરમાર અને શ્રીમતી જીનીશાબેન રાજેશભાઈ ચૌહાણ દ્વારા પ્રસાદી રૂપે આઈસ્ક્રીમની વહેંચણી કરેલ ત્યારબાદ આગળ નીકળી રાત્રિ ભોજન કરી મોડી રાત્રે દ્વારકા પહોંચેલ હોય ત્યાં પણ બધા માટે હોટલમાં વ્યવસ્થા ગોઠવવામાં આવેલ. તેમાં જે શ્રદ્ધાળુઓને દ્વારિકાધીશના મંગળા આરતીના દર્શન નો લાભ લેવાનો હતો તેઓ વહેલી સવારના આરતીના દર્શનની લાઈનમાં ઉભા રહેવા લાગ્યા હતા અને દર્શનનો લાભ લીધો હતો ત્યારબાદ ગોમતીઘાટે સૌએ ગૌમતીમાં પવિત્ર સ્નાન કર્યું હતું.

ત્યારબાદ સૌએ હોટલ પર નાસ્તો કરી પવિત્ર શ્રી નાગેશ્વર જ્યોતિર્લિંગના દર્શન કર્યા હતા. ત્યાંથીશ્રી બેટદ્વારકા બસ દ્વારા પહોંચ્યા હતા અને ત્યાંના આજુબાજુના પવિત્ર સ્થળોએ દર્શન કરેલ હતા. ત્યારબાદ પરત દ્વારકા આવી સાંજના ફરી પાછા દ્વારકાના રમણીય સ્થળોની મુલાકાત કરી હતી ત્યારબાદ રાત્રિના ૧૧:૦૦ વાગ્યાની આસપાસ સૌ કોઈ ફરી બસમાં ગોઠવાઈ ગાંધીધામ તરફ પ્રયાણ કર્યું હતું અને સવારે ગાંધીધામ હસીખુશી અને આનંદ સાથે પહોંચ્યા હતા અને સાથે અધિક માસના પવિત્ર યાત્રાનું પુણ્યનું ભાથું મેળવ્યું હતું. પ્રવાસ દરમિયાન સર્વે

પ્રવાસીઓ માટે ફ્રિનલી વોટર બોટલની વ્યવસ્થા શ્રી જશવંતભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ. પ્રવાસમાં ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના સભ્યોએ પણ સહકાર આપ્યો હતો. આયોજનની આગેવાની શ્રી અરુણભાઈ નરોત્તમભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. સર્વેને ખુશી સાથે યાત્રા પ્રવાસ કરાવેલ સાથે સૌ એ દાતાશ્રીઓ, આયોજકો તથા યાત્રાળુઓનો સાથ આપવા બદલ એકબીજાનો આભાર માનવામાં આવ્યો હતો.

## રેહા ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રેહા ઘટક દ્વારા પાવન પુરૂષોત્તમ માસના સાનિધ્યમાં સમાજરત્ન શ્રી હિરજીભાઇ ખીમજીભાઇ ચૌહાણ સમાજ ભવન મધ્યે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન તા. ૯/૬ થી તાફ. ૧૫/૬/૨૬ સુધી કરવામાં આવેલ હતું. સપ્તાહના પ્રારંભે ઠાકર મંદિરથી ભવ્ય શોભાયાત્રા નિકળ્યા બાદ કથા સ્થળે ઉદ્‌ઘાટા અને મહાસભાના આદ. પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી, મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણ, વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર, કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, રેહા ઘટક પ્રમુખ શ્રી પ્રકાશભાઇ ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ શ્રી રામેક્ષ ચૌહાણ, પૂર્વ ઝોનલ પ્રમુખ શ્રી અરૂણભાઇ ચૌહાણ, પ્રાદેશિક મહામંત્રી શ્રી અનિલભાઇ ચૌહાણ, મંત્રી શ્રી રમેશભાઇ ચૌહાણે દીપ પ્રાગટ્ય કરેલ હતું.

તા. ૯ જુન સમાજરત્ન શ્રી હીરજીબાપાનો જન્મ દિવસ હોવાથી મહાસભાના આદ. પ્રમુખશ્રીના હસ્તે તેમના દુર્લભ ચિત્રનું અનાવરણ કરવામાં આવેલ હતું. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ રેહા ઘટકની એકતાને બિરદાવી આવું સુંદર આયોજન કરવા બદલ અભિનંદન આપેલ હતા. કથાના સંયોજક શ્રી કિરીટભાઇ પરમારે આયોજનની માહિતી આપેલ હતી. ત્યાર બાદ વ્યાસપીઠ પરથી કથાના વક્તા શ્રી શિવમ મહારાજે કથાનું મંગલાચરણ કરાવી સાત દિવસ સુધી રસપાન કરાવેલ હતું. કથા દરમિયાન શ્રીરામ જન્મ, શ્રી કૃષ્ણ જન્મ, રૂક્ષ્મણી વિવાહ અને સુદામા ચરિત્રના પ્રસંગો ઉત્સાહભેર ઉજવાયા હતા. કથાના આચાર્ય તરીકે શ્રી કિશન મહારાજ રેહા વાળએ સેવા આપેલ હતી. કથાની આવક ગૌ સેવા અને સમાજ સંચાલત ઠાકર મંદિરના નવિનીકરણમાં વાપરવાની આયોજકોએ જાહેરાત કરેલ હતી.

તા. ૧૬-૬ના નારાયણ યજ્ઞ અને મહાપ્રસાદ સાથે રેહા ગામની ભારતભરમાં વસતી નિયાણી બહેનોના મિલન તથા વિશેષ સન્માનનું આયોજન કરવામાં આવેલ હતું. મહાપ્રસાદના દાતાશ્રી તરીકે સ્વ. મુક્તાબેન મોહનલાલ પરમાર હસ્તે શ્રીમતી પ્રજ્ઞાબેન હિતેશભાઇ પરમાર - રાયપુરએ સેવા આપી હતી. આયોજનમાં ઉપસ્થિત ૨૦૧ જેટલી નિયાણી બહેનોને સ્વ. વસંતબેન ભીમજી ચૌહાણની સ્મૃતિમાં શ્રીમતી મીનાબેન રાજેન્દ્રભાઇ વેગડ - અંજાર તથા શ્રીમતી મોનાબેન નિતિનભાઇ પરમાર - ગાંધીધામ તરફથી ભેટ આપવામાં આવેલ હતી.

અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી તથા મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણે પ્રાસંગીક પ્રવચનમાં નિયાણી બહેનોના ઉત્સાહને વધાવી પિયર અને સાસરામાં પોતાના સંસ્કારોને દિપાવનાર બહેનોનું સન્માન કરેલ હતું. જમુનાબેન વરૂ, ખયાતિ ચૌહાણ, ચેતના ચાવડા, રીના યાદવ, મૈત્રીબેન ટાંક, ચંદ્રિકાબેન યાદવ, વગેરે બહેનોએ પોતાના લાગણીસભર પ્રતિભાવો આપી આવા સુંદર અને યાદગાર આયોજન બદલ રેહા ઘટકને અભિનંદન આપેલ હતા. ત્યાર બાદ વિશેષ સન્માન અંતર્ગત રેહા ગામમાં સરકારી દવાખાના માટે ભૂમિદાન આપનાર સ્વ. કેશીબેન કુંવરજીના વારસદારો ગં.સ્વ. ગુણવંતીબેન ભવાનભાઇ ચૌહાણ, શ્રીમતી ગીતાબેન મહેન્દ્રભાઇ ચૌહાણ તથા શ્રી ભગવાનલાલ શાંતિલાલ ચૌહાણ પરિવાર, રેહા ઘટકના પ્રમુખ તરીકે લાંબા સમય સુધી સેવા આપનાર શ્રી ભવાનભાઇ ધરમશીભાઇ વેગડ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મંજુલાબેન મોહનલાલ ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ શ્રી દિલીપભાઇ લાલજીભાઇ ચૌહાણ, મહાપ્રસાદ દાતા પરિવારના શ્રી નિતીનભાઇ દેવસી પરમાર, કથાના સંયોજક શ્રી કિરીટભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર, કથા

દરમિયાન ૭ દિવસ સુધી ગાયોને ગૌશાળામાં લીલો ચારો આપનાર દાતા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, કથા આયોજનમાં રૂા. ૫૦૦૦થી વધુ દાન આપનાર દાતાશ્રીઓ તથા જહેમત લેનાર કાર્યકર્તાઓનું તથા ગામના તમામ મંદિરોની સેવા કરનાર પુજારીઓનું મંચસ્થ મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું. કથા દરમિયાન સામાજીક તથા રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી વિનોદભાઇ ચૌહાણ તથા શ્રી બાબુભાઇ ચૌહાણે કથા આયોજનમાં સંપૂર્ણ માર્ગદર્શન આપેલ હતું. સંચાલન તથા આભારદર્શન શ્રી રમેશભાઇ ચૌહાણે કરેલ હતું.

## અમદાવાદ ઘટક



તા. ૧૨-૦૭-૨૦૨૬, રવિવારના રોજ અમદાવાદ ઘટકના ગાંધીનગર ખાતે વસવાટ કરતા પરિવરજનોનું દર વર્ષની જેમ આ વર્ષે પણ કચ્છી નવા વર્ષ અષાઢીબીજને ધ્યાનમાં રાખીને સ્નેહમિલન સાથે સમુહ ભોજનનું આયોજન કરવામાં આવેલ હતું. જે ગાંધીનગરની મધ્યમાં આવેલ સેન્ટ્રલ વિસ્ટા-મહાત્મા મંદિર બગીચામાં રાખવામાં આવેલ.

સમાજના પરિવરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનુ શરૂઆત પ્રભુ પ્રાર્થના સાથે કરવામાં આવેલ. ત્યાર બાદ ગુજરાત પ્રાદેશિક પ્રમુખ શ્રી રસિકભાઇ ચૌહાણ દ્વારા પધારેલ સર્વે મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ અને અમદાવાદ ઘટકમાં ચાલતી સામાજીક પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા હતા. સાથે સાથે ગુજરાત પ્રાદેશિક અંતર્ગત દ્વારકા અધિવેશનની સફળતા બાબતે વિગતે જણાવેલ તેમજ મહાસભા દ્વારા આયોજીત જોડી જંકશનનું લોંચિંગ બાબતે વિસ્તૃત જાણકારી આપેલ હતી.

આજના સ્નેહમિલનના મુખ્ય અતિથિ ગુજરાત પ્રાદેશિકના ઉપપ્રમુખશ્રી અને અમદાવાદના જાણીતા કાર્ડિયાક હાર્ટ સ્પેશિયાલીસ્ટ ડૉ. અભિષેકભાઇ પરમારનું ગુજરાત પ્રા. પ્રમુખ શ્રી રસીકભાઇ ચૌહાણ દ્વારા ઉપરણાની પહેરામણી કરી સમ્માનીત કરવામાં આવેલ. ડૉ. અભિષેકભાઇ પરમાર દ્વારા હૃદયને સ્વસ્થ રાખવા શું શું પગલા લેવા જોઇએ તેની ખુબજ ઉપયોગી માહિતિ આપી હતી.

ત્યાર બાદ સમુહ ગેમ હાઉઝી રમાડવામાં આવેલ હતી. સાથે સાથે લીંબુ-ચમચીની ગેમમાં બાળકો અને મહિલાઓના બે ગ્રુપમાં રમાડવામાં આવેલ. તમામ વિજેતાઓને ઇનામ આપી સન્માનીત કરવામાં આવેલ હતા. અંતમાં આપણા વડવાઓનું અષાઢીબીજનું પ્રિય ભોજન લાપસી-દેસી ચણાનું શાક, દાળ, ભજીયાનો સમુહ પ્રસાદ લઇ છુટા પડ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી જયેશભાઇ ટાંક, શ્રી પ્રણવભાઇ ચૌહાણ, શ્રી કિરણ ચૌહાણ, શ્રી ઉપેશ સોલંકી, શ્રી ભૌમિત ટાંક તેમજ મહિલા મંડળના શ્રીમતી રશ્મિબેન, શ્રીમતી રીંકુબેન, શ્રીમતી શ્રીબેન, શ્રીમતી નેહાબેન, શ્રીમતી જીજ્ઞાબેન, શ્રીમતી ચેનાબેન, શ્રીમતી ગાયત્રીબેન તેમજ અન્ય બહેનોનો સહકાર મળેલ હતો.

## માધાપર ઘટક

માધાપર ઘટક દ્વારા સમાજ ભવન મધ્યે તા. ૧૮-૦૬-૨૦૨૬, ગુરૂવારના રોજ સુવર્ણપ્રાશન ઔષધી પીવડાવવાનો ૧૮મો કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં સર્વે સમાજના ૧૫ વર્ષ સુધીના ૧૦૫ બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા નિઃશુલ્ક પીવડાવવામાં આવેલ હતા. આ વખતે પુષ્ય નક્ષત્રના દિવસે માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ શ્રી રાજેશભાઇ રસીકભાઇ ચાવડાએ




જહેમત ઉઠાવી હતી અને તેમના હસ્તે બાળકોને ટીપા પીવડાવવામાં આવ્યા હતા. સુવર્ણપ્રાશન ઔષધી અભિયાનમાં દરેક સમાજના બાળકોએ લાભ લીધો હતો.

## આદિપુર ઘટક



આદિપુર ઘટક અને ગાયત્રી શક્તિપીઠના સહકારથી ઘટકના વિદ્યાર્થીઓ માટે રાહતદરે નોટબુક્સનું વિતરણ કરવાના સેવાકીય પ્રકલ્પની શરૂઆત તા. ૦૧-૦૬-૨૦૨૬થી શરૂ કરવામાં આવેલ. રાહતદરેક નોટબુક્સ વિતરણ કરવામાં ઘટકના ખજાનચી તથા સિનિયર સિટીઝન મંડળ આદિપુરના મંત્રી સહ ખજાનચી શ્રી પ્રવિણભાઈ નારણભાઈ પરમાર તથા ઘટકના માનદ્ વ્યવસ્થાપક શ્રી કનૈયાલાલભાઈ જે. રાઠોડનો સારો સહકાર મળી રહેલ છે. ગાયત્રી શક્તિપીઠ પાસેથી રાહતદરે નોટબુક્સ મેળવવામાં ગાયત્રી પરિવાર ટ્રસ્ટમાં આપણા સમાજના ટ્રસ્ટી શ્રી પ્રભુલાલભાઈ પી. પરમારનો સારો સહકાર મળ્યો હતો. ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઈ જે. સોલંકીએ તેમનો આભાર વ્યક્ત કરેલ.

## સંભાજીનગર ઘટક



તા. ૧૭-૦૬-૨૦૨૬, બુધવારના રોજ ભારત સરકારના રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા સંભાજીનગર ગુજરાતી સમાજની શુભેચ્છા મુલાકાતે પધારેલ હતા. આ અવસરે સન્માનનીય આમદાર શ્રી અતુલજી સાવે સાહેબ તેમજ શ્રી ભાગવત કરાડ સાહેબ પણ ઉપસ્થિત રહેલ. આપણા સમાજ વતી સંભાજીનગર ઘટક મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ રાઠોડ પુષ્પગુચ્છ આપી તેઓશ્રીનું સ્વાગત-સન્માન કરેલ. આ અવસરે ગુજરાતી સમાજના સર્વે કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આપણા ઘટક તરફથી શ્રી રાજેન્દ્રભાઈ રાઠોડ અને શ્રી વાસુદેવભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

## વર્ધા ઘટક

શ્રી પુરુષોત્તમ માસ દરમિયાન વર્ધા ઘટક દ્વારા ૨૫ /૫/ ૨૬ સોમવારના દિવસ જરૂરતમંદ ગરીબોને સીધો કિટ અને નાના બાળકોને કપડા આપવામાં આવ્યા હતા. શ્રી હનુમાન ચાલીસાનો પાઠ અને ભજન રાખવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ શિવ મંદિર દેવલી નાકા દયાલનગર વર્ધા માં રાખેલ હતો. દરેક ભાઈ અને બહેનો એ ઉત્સાહ થી કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યું હતું. વર્ધા ઘટક પ્રમુખ શ્રીએ અને મહિલા મંડળ પ્રમુખ શ્રીએ બધાય નો આભાર વ્યક્ત કર્યો હતો.




સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - છત્તીસગઢ ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam) Occupation : Designer - I in NUTANX U.S. Based Co-oncloud Computing



# શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ - રાયપુર
# બાબા શ્રી રામદેવ પીર મંદિર



**ફાફડીહ ચોક રાયપુર**

**આભાર - અભિનન્દન - આમંત્રણ**

આ વર્ષે પૂર્વ પ્રમુખ **સ્વર્ગીય શ્રીમાન મુકુંદભાઈ જેઠાલાલ રાઠોર (ટપુભાઈ)** નો પરિવાર રામદેવપીર જયંતી ઉત્સવના મુખ્ય પ્રયોજક બની **રૂા. ૧,૦૧,૦૦૧.૦૦** બપોરની સ્થાપના આરતીનો લાભ લેવા બદલ અનુદાન આપેલ છે.

રાયપુરમાં આ સંસ્થા હેઠળ વિગત ૪૯ વર્ષો થી બાબાનું જન્મોત્સવ એવમ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ મનાવવામાં આવે છે. જેમાં લગભગ ૫૦૦૦ શ્રદ્ધાળુ ભક્ત લાપસી પ્રસાદનો લાભ લે છે. આ ઉત્સવ આ વર્ષે **દિનાંક ૨૧, ૨૨, સપ્ટેમ્બર ૨૦૨૬**ના પ્રતિ વર્ષ અનુસાર **પાટીદાર સમાજ ભવન, ન્યુ ટિમ્બર માર્કેટ, દેવેન્દ્ર નગર**માં ઉજવવામાં આવશે. આ આયોજનમાં સમાજબંધુઓને આગ્રહ કરીએ છીએ કે તે પોતાના પુરા પરિવાર સાથે ઉત્સવનો લાભ લેશે અને બંને દિવસે જે પણ કાર્યક્રમ હોય તેમાં વધારે માત્રામાં ઉપસ્થિત રહે એવી પ્રાર્થના કરીએ છીએ જેનાથી આપણા સમાજનું ગૌરવ અને એકતા જળવાઈ રહે.

**પ્રથમ દિવસે સવારે ૯:૦૦ વાગે મંદિર પ્રાંગણ થી શોભાયાત્રા** દેવેન્દ્રનગર થઈ પાટીદાર ભવન પહોંચશે ત્યાં **પ્રસાદ વિતરણ**ની વ્યવસ્થા રહેશે એમના બાદ **ભજન કીર્તન અને સંધ્યા આરતી** નો આનંદ લઈ શકાય છે. ત્યાર પછી **રાસ ગરબાનો કાર્યક્રમ રાત્રે ૯:૦૦ વાગ્યા** પછી રાખવામાં આવ્યો છે. તેમાં સ્વલ્પાહાર વ્યવસ્થા રહેશે અને **રાત્રે ૧૧:૩૦ વાગે બાબાની મહાઆરતી બોલી લાગશે** અને **રાત્રી ૧૨:૦૦ વાગે મહાઆરતી ઉતારવામાં આવશે.**

**બીજા દિવસે** સવારના મંદિર પ્રાંગણમાં **હવન પૂજન, મંડલ પૂજા** અને **દુગ્ધા અભિષેકનો કાર્યક્રમ** રાખવામાં આવ્યો છે. જેનો **ભક્તો પૂર્વ થી નામ લખાવી લાભ લઈ શકે છે** બાબાના આ કાર્યમાં બધાએ ભક્તો ને નિવેદન છે કે તમારો સહયોગ આપી બાબાના આશીર્વાદ લેજો.

**નિમંત્રક : શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ**
**પ્રમુખ શ્રી ગીરીશભાઈ જેઠાલાલ ભાઈ રાઠોર અને સર્વે ટ્રસ્ટીગણ**
**રામદેવપીર મંદિર – ફાફાડીહ ચોક, રાયપુર**

# અવિરલ શિક્ષા એવમ સ્વાસ્થ્ય સહાયતાનું ૪૯મું વર્ષ

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ટ્રસ્ટ દ્વારા વિગત ૧૮ વર્ષોથી સમાજના જરૂરતમંદોને મંદિર ટ્રસ્ટ દ્વારા મેડિકલ સહાય અને શિક્ષણ સહાય આપવામાં આવે છે જેનો આંકડો લગભગ એક કરોડથી ઉપર દેવામાં આવ્યો છે એ માટે સમસ્ત સમાજબંધુઓથી નિવેદન છે કે, તમારા સહયોગ આગળ પણ મળતો રહે એવી આશા છે !



**મમતાબેન કૈલાસ ભાઈ રાઠોડ દ્વારા ટ્રસ્ટથી લીધેલ સહાય રૂપિયા ૩૦,૦૦૦/–** અનુદાન રૂપે પાછા આપ્યાં છે. અને જેને પણ પૂર્વમાં મંદિર ટ્રસ્ટથી સહાય લીધી હોય તે અગર સક્ષમ બન્યા હોય તો પોતાની લીધેલ સહાય મંદિરમાં પ્રસાદ પાછો કરે તો મંદિર ટ્રસ્ટ આ કાર્ય હજી વધારે સરસ થી આગળ કરતો રહેવા માટે સક્ષમ રહેશે.
**સર્વે ભક્તોથી અનુરોધ છે કે આવા પુણ્યના કામમાં સહયોગ આપી ટ્રસ્ટના આ કાર્યમાં સહભાગી બનીને બાબાનો આશીર્વાદ પ્રસાદ ગ્રહણ કરો જેનાથી આ ટ્રસ્ટની સેવાઓ સમાજબંધુઓને આગળ પણ મળતી રહે.** વિગત વર્ષોમાં જે પણ લાભાર્થી પરિવારે લીધેલ સહયોગ રાશિ ટ્રસ્ટને પાછી કરી હોય તેમનો ઘણો ઘણો આભાર બાબા રામદેવપીર એમના પરિવાર ઉપર કૃપા બનાવી રાખે એવી પ્રાર્થના છે.

**નિમંત્રક : શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ**
**પ્રમુખ શ્રી ગીરીશભાઈ જેઠાલાલભાઈ રાઠોર અને સર્વે ટ્રસ્ટી ગણ**
**રામદેવપીર મંદિર ફાફાડીહ ચોક રાયપુર.**

**દાન સહાય સીધા ટ્રસ્ટના બેંક એકાઉન્ટમાં આપી શકો છો.**
9893063076, 9826172722, 9827110368,
UPI ID : Laxmi 99261452barodmpay

## શ્રી પાંચાણી તથા ગદાણી પરિવાર નાગલપર તથા દેવળીયાના ગોઠી ભાઈઓ જોગ

સર્વે ગોઠી ભાઇ- બહેનો સહર્ષ જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા કુળદેવી શ્રી ચામુંડા માતાજી તથા શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી આગામી નવરાત્રીના કાર્યક્રમો દેવળીયા મધ્યે માતાજીના સ્થાનકે રાખવામાં આવેલ છે. **સં. ૨૦૮૨ આસો સુદ–૮, સોમવાર, તા. ૧૯–૧૦–૨૦૨૬**ના રોજ હવનાષ્ટમી, માતાજીનો હવન તથા સમુહ મહાપ્રસાદ તેમજ **આસો સુદ–૯, મંગલવાર, તા. ૨૦–૧૦–૨૦૨૬ના સમુહ નૈવેદ તથા સમુહ મહાપ્રસાદનું આયોજન કરેલ છે.** સર્વે ગોઠી ભાઈઓને સહકુટુંબ મહાપ્રસાદ લેવા હાર્દિક નિમંત્રણ છે. સમુહ મહાપ્રસાદના દાતાશ્રી બનવા ઇચ્છતા હોય તેમણે નીચેના આયોજકોનો સંપર્ક કરવો. સમુહ કર (નૈવેદ)નું આયોજન **છટ્ઠું નોરતું શુક્રવાર તા. ૧૬–૧૦–૨૦૨૬ના રોજ કરવા વિચારેલ છે.** ઓછામાં ઓછા સાતની સંખ્યા થશે તો કર કરવામાં આવશે. તે માટે આયોજકોનો સંપર્ક કરવાનો રહેશે.

**વિજયભાઈ મહેન્દ્રભાઈ રાઠોડ – ૯૮૨૪૨૨૪૦૦૬**
**રમણીકલાલ વલમજીભાઈ રાઠોડ – ૯૮૨૪૨૮૭૫૪૦**
**વિનોદે માધવજી રાઠોડ – ૯૮૨૪૨૩૮૫૮૦**

## કુકમાના રાઠોડ ગોઠી પરિવાર જોગ આસો માસ નવરાત્રી નિમંત્રણ

આથી સર્વે રાઠોડ ગોઠી ભાઈઓ ને જય માતાજી સાથે જણાવવા નું કે આ વર્ષે આસો માસ નવરાત્રી ★ આસો સુદ એકમ વિક્રમ સવંત ૨૦૮૨ રવિવાર તારીખ ૧૧/૧૦/૨૦૨૬ થી આસો સુદ દશમ વિક્રમ સવંત ૨૦૮૨ મંગળવાર તારીખ ૨૦/૧૦/૨૦૨૬ દરમ્યાન નવરાત્રી ઉજવવામાં આવશે આસો સુદ એકમ ના રોજ માતાજી નું સવારે ઘટ સ્થાપન કરવામાં આવશે આ વખતે **નોમનું નૈવદ ઝારણ આસો સુદ નોમ તારીખ ૧૯/૧૦ /૨૦૨૬ સોમવારે ૧૨–૩૦ વાગ્યા સુધી ઝારી લેવું.**

આ વખતે દશેરાનો નવરાત્રી હવન **વિક્રમ સંવત ૨૦૮૨ આસો સુદ દશમ (દશેરા) તારીખ ૨૦/૧૦/૨૦૨૬ મંગળવારે કરવામાં આવશે.** આ વખતે આસો માસ દશેરા ના હવન તથા મહા પ્રસાદ દાતા શ્રીમાન વિજ્યભાઈ હીરજીભાઈ રાઠોડ ભરૂચ વાળા તરફથી રાખવામાં આવેલ છે. હવનમાં બેસવાનો લાભ તેમના સુપુત્ર શ્રીમાન બલરામભાઈ લેશે. હવન સવારે ૮-૦૦ વાગ્યે થી પ્રારંભ કરવામાં આવશે. હવન પુર્ણ થયા બાદ ગરબા નું વિર્સજન કરવામાં આવશે. .ત્યાર બાદ સર્વે રાઠોડ ગોઠી પરિવાર મહા પ્રસાદ લેશે. આ પ્રસંગે તમારી નીયાણી ને સાથે તેડતા આવશો.

દર વર્ષે ચૈત્ર સુદ સાતમ અને આસો સુદ દશમ (દશેરા) એમ બે હવન કરવામાં આવે છે. જે કોઇ ગોઠી પરિવારે હવન માં બેસવું હોય તો તેઓએ અગાઉ થી નામ લખાવી દેવું.

ઉપરોક્ત દશમ ના નવરાત્રી પ્રસંગે હવન નો તેમજ નૈવેધ મહાપ્રસાદ નો લાભ લેવા દરેક દેશમાં તથા પરદેશ વસ્તા રાઠોડ ગોઠીઓને ને પધારવા હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે

**શ્રી રાઠોડ ચાવલ માઈ – મંડળ વ્યવસ્થાપક સમિતિ**


**તમારા નાણાકીય લક્ષ્યોને પ્રાપ્ત કરવા**

**SEBI પ્રમાણિત**

**યોગ્ય નાણાકીય સાધનોમાં લાંબા સમય માટે રોકાણ હેતુ**

**કૃપયા અમારો સંપર્ક કરો...**



**અમિત ગોપાલ ચૌહાણ**

AMFI પ્રમાણિત મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર

ARN - 290170

અંજાર (કચ્છ)

:: Contact ::

**8401482462, 8866933113**


## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૩૧–૦૧–૨૦૨૭ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::


**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

## અંજાર વરૂ-પરમાર ગોઠી ભાઇઓ જોગ

જયશ્રી માં ત્રુઠીયાણ માં, કુળદેવી માં ચામુડા માં તથા માં હરસિદ્ધી માતાજીની પરમ કૃપાથી વરૂ-પરમાર ગોઠી ભાઇઓને જણાવવાનું કે, આપણા કુળદેવી માતાજીના સ્થાનકે **નવરાત્રી નિમિત્તે આસો સુદ નોમ, તા. ૨૦-૧૦-૨૦૨૬, મંગળવારના માતાજીના હોમ-હવન, નિવેદ તથા સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.** જે ગોઠી ભાઇઓ હવનમાં બેસવા ઇચ્છતા હોય તેમણે નીચે દર્શાવેલ સંપર્ક સુત્રોનો સંપર્ક કરવો. **મહાપ્રસાદના મુખ્યદાતા સ્વ. વાસુદેવભાઇ ધનજીભાઇ વરૂ (કચરાણી) પરિવાર હ. ગં.સ્વ. કાન્તાબેન વાસુદેવભાઇ વરૂ પરિવાર - અંજાર છે.** માતાજીના સ્થાનકે અખંડ દીવો કરવામાં આવશે. સર્વે ગોઠીભાઇઓને હવનદર્શન અને સમુહ પ્રસાદનો લાભ લેવા નિમંત્રણ છે. સમગ્ર આયોજન કુળદેવી માતાજીના સ્થાનક પ્લોટ નં. ૨૪, ખેતરપાળ-૩, અંજાર મધ્યે કરવામાં આવેલ છે.

**પ્રમુખ - કામેશ ખુશાલભાઇ વરૂ - ૯૯૨૪૬૧૪૧૧૯**

**મંત્રી - કૈલાશ અરૂણભાઇ વરૂ - ૯૮૨૪૭૫૫૧૭૮**

## ચાવડાના કુળદેવી શ્રી બ્રહ્માણી ચામુંડા માતાજી - ચંદિયા

આથી ચાવડા (ચંદિયા) શ્રી ચામુંડા માતાજીના સર્વે ગોઠીભાઇઓ-બહેનોને જણાવવાનું કે, દર વર્ષની જેમ માતાજીના સ્થાનકે સં. ૨૦૮૨ આસો સુદ એકમ, તા. ૧૧-૧૦-૨૦૨૬, રવિવારથી માતાજીના મંદિરે અખંડ જ્યોત રાત્રે ગરબા તથા **તા. ૧૯-૧૦-૨૦૨૬, સોમવારના હવન અષ્ટમીના દિવસે સમુહ હવન તથા મહાપ્રસાદનું આયોજન કરેલ છે.** હવન સવારે ૮.૩૦ કલાકે શરૂ થશે હવનમાં બેસવા ઇચ્છતા ગોઠી ભાઇ-બહેનોને **તા. ૧૩-૦૮-૨૦૨૬ થી તા. ૨૬-૦૯-૨૦૨૬** સુધી નીચેના ફોન નંબર ઉપર નામ નોંધાવવા વિનંતી છે. તો આ નવરાત્રી તથા હવન, મહાપ્રસાદ પ્રસંગમાં સર્વે ચાવડા ગોઠી ભાઇ-બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**મણીલાલ પી. ચાવડા - ૯૭૨૫૧૯૪૬૦૯**

**જશવંતરાય જી. ચાવડા- ૯૮૭૯૨૫૦૮૩૯**

## જલ-પાણી

જીવનનું અવિભાજ્ય અંગ છે પાણી,
જીવન જીવાતું જ નથી વગર પાણી.
જલ કહો, નીર કહો કે વોટર કહો કે પાણી,
જગતની પ્યાસ બુઝાવે છે પાણી.
પાણીનો કોઇ રંગ નથી હોતો,
જેમાં એને મિલાવો સમાઇ જાય એ તો.
ઝાડ લગાડો, પાણી બચાવો,
વૃક્ષારોપણ કરો જલ નિયોજન કરો.
ગંગા જલને તો પવિત્ર માનીએ,
તન, મન, ઘર પવિત્ર કરીએ.
સંપ ગતિથી નદી વહેતી હોય,
મન સંયમીત કરીને જીવવાનું હોય.
દરેક વ્યક્તિ પ્રયત્ન કરો,
એક લોટો જલ રોજ બચાવો.
કાંકરે, કાંકરે પાળ બંધાય,
ટીંપે ટીંપે સરોવર ભરાય.
જલ છે તો કલ છે,
આવતી પીઢી માટે સાચવવું જરૂરી છે.
જેમ પાણી બધા રંગોને અપનાવે,
તેમ આપણે બધાને અપનાવીએ.
પાણી પીવો નિરોગી જીવન જીવો,
જલનું મહત્વ સમજો, ને સાચવીને વાપરો.
જન્મથી લઇને મૃત્યુ તક,
પાણી જોઇએ છે જીવન જીવીએ ત્યાં તક.
છેવટે પાણી કહે છે,
તમે મને બચાવો, હું તમને સાચવીશ.
તમે મારા વગર નહિં રહી શકો, નહિં રહી શકો.



**સૌ. અરૂણા વિ. યાદવ**
**પુના**
**મો. ૯૯૨૨૪૪૬૧૨૬**


Heartiest
CONGRATULATIONS
to
Dr. Manan
Sandeep Chawda
on successfully completing his
MBBS with Distinction from
Kasturba Medical College (KMC), Manipal
one of India's top 10 medical colleges.
SECURED ADMISSION TO
M.S. ORTHOPEDICS
at KMC, Manipal
Manan's passion for surgery led him to choose ORTHOPEDICS – a field where he can restore movement, relieve pain and rebuild lives.
MBBS with Distinctions
President, Cutting Edge Surgical Society
Bright, Witty, Humble & Compassionate
BEYOND MEDICINE
Drawing
Music
Running
INSPIRATION TO YOUNG MINDS
Manan's journey is a testament to dedication, discipline and humility. Stay curious, work hard, and let your dreams be driven by purpose and compassion.
"The best surgeon doesn't just heal bones, he restores lives with skill, empathy and heart.
Snehprabha & Prabhulal Ramji Chawda (Dadi-Dada, Pune)
Mayuri & Sandeep Chawda (Mummy-Pappa, Pune)
Manjula & Late Dr. Jayantilal Chauhan (Nani-Nana, Jabalpur)
Tanuja & Vivek Shantilal Chauhan (Fai-Fua, Hyderabad)
Tvisha Sandeep Chawda (Sister, Pune)
Namrata & Paresh Chauhan (Mami-Mama, Pune)

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ – રેહા આયોજીત

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ – મહાપ્રસાદ – નિયાણી મિલન (તા. ૦૯/૦૬/૨૦૨૬ થી તા. ૧૬/૦૬/૨૦૨૬) ની તસવીર ઝલક...**

**મહાપ્રસાદના દાતા : સ્વ. મુક્તાબેન મોહનલાલ પરમાર, હ. શ્રીમતી પ્રજ્ઞાબેન હિતેશભાઈ પરમાર – રાયપુર (રેહા)**

**ગૌસેવાના દાતા : 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી – પ્રમુખશ્રી મહાસભા**





# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## આધ્યાત્મિક સમિતિ

મોટીવેશનલ સ્પીકર રાજયોગીની બ્ર.કુ. ગીતાદીદી - ભીનમાલ (રાજસ્થાન)નું કચ્છ મધ્યે આધ્યાત્મિક સંવાદનું ચિત્રાવલોકન....




ખંભરા ઘટક


ખંભરા ઘટક


કુકમા ઘટક


કુકમા ઘટક


ભુજ ઘટક


ભુજ ઘટક


અંજાર ઘટક


અંજાર ઘટક


અંજાર ઘટક


અંજાર ઘટક












અંજાર ઘટક



:: સૌજન્ય ::

**રાજયોગી બ્રહ્માકુમાર શ્રી બાબુભાઈ અરજણભાઈ પરમાર - માધાપર** (ઉપપ્રમુખશ્રી મહાસભા) (પ્રભારી : આધ્યાત્મિક સમિતિ

**ભુમી પૂજા એસ્ટેટ એજન્સી - ભુજ**

હેતાળ ભૂમિના હેતાળ માનવી... મહાસભાના આદ. ઉપપ્રમુખશ્રી

# બ્ર.કુ. બાબુભાઇ પરમારનું અયોધ્યા મુકામે ભવ્ય... વિશિષ્ટ સન્માન



છેલ્લા બાવન વર્ષથી આધ્યાત્મિક માર્ગને અપનાવી બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય સાથે જોડાયેલા આપણા સૌના પ્રિય અને આદરણીય આધ્યાત્મિક વ્યક્તિત્વ બ્રહ્માકુમાર શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમારે ભારતીય સંસ્કૃતિ અને ધર્મમાં અતિ પવિત્ર એવા ''રામ રાજ વૃક્ષ'' (કોવિદાર વૃક્ષ)ના દાતાશ્રી તરીકે રામરાજ્ય સંકલ્પ નિર્માણનો ભાવ વ્યક્ત કર્યો. સમાજમાં આધ્યાત્મિક ચેતના, પર્યાવરણ ઉર્જા, યોગિક સંકલ્પ અને સનાતન સંસ્કૃતિના પ્રચાર સમાન આ સેવા આપવા બદલ શ્રી રામ નગરી અયોધ્યાધામ મુકામે ભારતીય જનતા પાર્ટી - જીલ્લા એકમ, વિવિધ સંસ્થાઓ, પરમ વંદનિય સાધુસંતો તથા અયોધ્યા નગરીના નાગરિક સમુહો દ્વારા તેઓશ્રીનું અવિસ્મરણીય... ભવ્ય સન્માન કરવામાં આવ્યું. બ્ર.કુ. શ્રી બાબુભાઇ હાલે બ્રહ્માકુમારીઝ સોશિયલ વિંગના સદસ્ય રૂપે કચ્છ જીલ્લાના ક્ષેત્રિય સંયોજક તરીકે સેવા આપે છે. બ્રહ્માકુમારીઝ આઇયાનગર સેન્ટર - ભુજ સાથે જોડાઇ તેનું પ્રતિનિધિત્વ કરે છે. માનવ કલ્યાણ અને વિશ્વ શાંતિના સંકલ્પને સિદ્ધ કરવાના ધ્યેય સાથે તેઓશ્રી આપણા શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજને પણ વિવિધ આધ્યાત્મિક આયોજનોનો લાભ આપી રહ્યા છે.

**બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમારને ખૂબ ખૂબ અભિનંદન... ઓમ શાંતિ...**






अयोध्या नागरिक समूह, अयोध्याधाम

सम्मान-पत्र

ब्रह्माकुमार बाबूभाई ए. परमार जी

ભારતીય જનતા પાર્ટી - અયોધ્યા જીલ્લાના મુખ્ય કાર્યાલય મધ્યે જીલ્લા અધ્યક્ષ શ્રી રાધેશ્યામજી ત્યાગી, ઇ. રવી તિવારી - ક્ષેત્રિય સંયોજક, વિદેશ સંપર્ક વિભાગ, શ્રી પ્રવિણસિંહજી - જીલ્લા કાર્યાલય મંત્રી, શ્રી ચંદ્રશેખર તિવારી - જીલ્લા ઉપાધ્યક્ષ તથા વરિષ્ઠ પદાધિકારીઓના હસ્તે સન્માનિત થયેલા બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર તથા અયોધ્યા નાગરિક સમૂહ - અયોધ્યા ધામ તરફથી મળેલ સન્માન પત્ર.

આંતરરાષ્ટ્રિય કથા વાચક શ્રી રામકથા તથા શ્રીમદ્ ભાગવત કથાકાર ડૉ. આચાર્યશ્રી ચંદ્રાશુંજી મહારાજના હસ્તે સન્માન મેળવતા બ્ર.કુ. શ્રી બાબુભાઇ...



# બ્ર.કુ. શ્રી બાબુભાઈ પરમાર - અયોધ્યા સન્માન ઝલક...




રસિક પીઠાધિશ્વર મહામંડલેશ્વર પ.પૂ. મહંતશ્રી જન્મેજય શરણજી મહારાજ - જાનકી ઘાટ, બડા સ્થાન - અયોધ્યા ધામના હસ્તે સન્માન ગ્રહણ કરી આશિર્વાદ મેળવી રહેલા બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર...




અયોધ્યા મુકામે હજારોની સંખ્યામાં કોવિદાર વૃક્ષોનું મહાદાન કરવા બદલ અયોધ્યાધામના મહામંડલેશ્વર શ્રી આશુતોષજી મહારાજના હસ્તે સન્માન - શુભકામના સાથે શ્રી રામ ધનુષબાણની ભેટ સ્વીકારતા બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર...




જગદ્‌ગુરૂ રામાનુજાચાર્ય શ્રી રામ દિનેશ આચાર્યજી મહારાજ - અયોધ્યાધામ પાસેથી સન્માન અને આશિર્વાદ મેળવતા બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર...



વિશ્વ કલ્યાણના સંકલ્પ સાથે અયોધ્યાધામ જઇ રહેલા બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમારને શુભેચ્છા પાઠવતા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજી...



અયોધ્યાથી પરત આવી મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજીને કોવિદારનું પવિત્ર વૃક્ષ પ્રસાદ રૂપે અર્પણ કરી રહેલા બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર...

# શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ - અંજાર ઘટકનું ગૌરવ

## હાર્દિક અભિનંદન



## શ્રી ગીરીશભાઈ મહેશભાઈ પરમાર

**કાઉન્સીલર એવં દંડક શ્રી અંજાર નગરપાલિકા**

**ડાયરેક્ટર, A.P.M.C. અંજાર**

---

આપશ્રીને સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં જંગી બહુમતથી વિજયી થઇ કાઉન્સીલર થવા બદલ તેમજ અંજાર નગરપાલિકામાં દંડક અને A.P.M.C. અંજારમાં ડાયરેક્ટના પદે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... રાજકીય ક્ષેત્રે સેવા કાર્યો કરી ખુબ નામના મેળવો એવી અમારી શુભકામનાઓ....

---

:: શુભેચ્છક ::

શ્રી પ્રતિકભાઇ દિનેશભાઇ ટાંક

શ્રી હિતેશભાઇ ભોગીલાલભાઇ ચૌહાણ

શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર

શ્રી કેવલભાઇ અરવિંદભાઇ ટાંક

શ્રી પ્રતિક કાંતિલાલભાઇ ખોડિયાર

શ્રી દિપ પરેશભાઇ પરમાર

શ્રી મુકેશભાઇ હરિલાલભાઇ ખોડિયાર

શ્રી ભાવિકભાઇ હરસુખભાઇ ખોડિયાર

શ્રી મિત રમેશભાઇ ચૌહાણ

શ્રી હિનેશભાઇ પ્રફુલભાઇ રાઠોડ

શ્રી સંદિપભાઇ અનિલભાઇ ટાંક

શ્રી વિરેનભાઇ મણીલાલભાઇ જેઠવા



# Nigam Chavda

## Personal Details :

Date of Birth : 20th Dec. 1995
Time of Birth : 12:10 am
Place of Birth : Mundra (Kutch)
Height : 5Ft. 6 In.

## Education Details :

**Post Graduation :**
Masters in Innovation and Enterpreneurship (University of Warwick, United Kingdom)
**Under Graduation :**
BBA (Mithibai College, Mumbai

## Current Work :

Family Business

## Current Address :

Girinarayan Street,
Old Bandar Road, Mandvi Chowk,
Mundra (Kutch) Gujarat - 370421

## Family Details :

**Father** : **Bhogilal Devshibhai Chawda**
Occp. : Real Estate, Construction, Hotel Business
**Mother** : **Deepikaben Chavda**
Occp. : Homemaker
**Sister (Elder)** : **Akshita Parth Varu** (Married)
**Grand Father** : **Lt. Devshibhai Bhanji Chavda**
**Grand Mother** : **Lt. Narmadaben D. Chavda**
**Kuldevi** : **Shri Chamunda Maa**
**Gotra** : **Kashyap**
**Native Place** : **Chandiya**

## Family Business Details :

**Gayatri Estate :**
Construction and Real Estate
**Hotel Surbhi :**
Hotel and Restaurant
**Surbhi Garden :**
Party Plot and Catering
**Surbhi Uniforms :**
Uniform Manufacturing
**Saarvin Custom Clearance :**
Custom's Clearance and Import Export Logistics

## Contact Details :

**Father : 9998219191**
**Mother : 9106126496**
**Sister : 9324685342**

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Mihir Chauhan

D.O.B. : 30.05.2001
Time of Birth : 6:53 pm
Place of Birth : Bilaspur (C.G.)
Height : 5'8"
Qualification : Masters of Global Business Mgmt. in Global Finance, SP Jain School of Global Mgmt. (Dubai, Sydney, Singapore)
: Bachelours of Business Administration in Finance, Alliance Uni. Bangalore
Occupation : Sr. Consultant at Protiviti India Member Pvt. Ltd. (Mumbai)
Hobbies : Bike Riding, Travelling, Gaming
Native Place : Kukma (Kutch)
Gotra : Kashyap
Rashi : Leo
**Father** : **Sanjay Gopal Chauhan** (Executive Engineer at PWD)
**Mother** : **Dipti Chauhan** (Housewife)
**Ygr. Sister** : **Khyati Chauhan** (Class 10th Delhi Public School)
**Dada** : **Lt. Gopal Devram Chauhan**
**Dadi** : **Lt. Hemlata Chauhan**
**Nana** : **Lt. Prayag Parmar**
**Nani** : **Lt. Vanita Parmar**
Address : A-41, Vinoba Nagar, Main Road, Bilaspur - Chhatisgarh - 495001
**Contact** : **Father - 9630095114**
**Mother - 8889027791**
E-mail : mihirchauhan40661@gmail.com



## Ashvi Vegad

DOB : 22-10-2002
Birth Time : 8:48 am
Birth Place : Gandhidham
Height : 5 Ft. 3 In.
**Education** : **MBA**
**Her MBA in HR means she is trained to strategically manage an organization's workforce and align HR policies with business goals**
Gotra : Bharadwaj
Mataji : Khodiyar Mataji - Anjar
Father : **Pravinbhai Suryakantbhai Vegad**
Occp. : Vegad Sound Service
Mother : **Nayanaben Pravinbhai Vegad**
Ygr. Brother : **Pranshu Pravinbhai Vegad**
Gr. Father : **Lt. Suryakantbhai Dayarambhai Vegad**
Gr. Mother : **Shantaben Suryakantbhai Vegad**
Mota Papa : **Kiranbhai Suryakantibhai Vegad**
Mota Mummy : **Jaishreeben Kiranbhai Vegad**
Cousin : **Hemangbhai Kiranbhai Vegad**
**Ajaybhai Kiranbhai Vegad**
Mosal : **Ansuyaben Ratilal Parmar**
Mama-Mami : **Ektaben Harishbhai Parmar**
Masa-Masi : **Kiranben Pankajbhai Chauhan**
Fai-Fua : **Anuradhaben Satishbhai Tank**
Fai-Fua : **Dinaben Kiranbhai Khodiyar**
Contact No. : **9825361822**




શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

C/o. શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)





શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999


# દ્વારકા મુકામે અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા જીવન સૌરભ સંસ્કાર શિબિર તથા "મહિલા ઉદ્યોગિકા એવોર્ડ" સમારોહ યોજાયો







શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની અર્ધવાર્ષિક બેઠક સાથે દેવભૂમિ દ્વારકા મધ્યે અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા તા. ૫-૬-૨૦૨૬ ના રોજ જીવન સૌરભ સંસ્કાર શિબિર તથા દ્વિતીય મહિલા ઉદ્યોગિકા એવોર્ડ સમારોહનું આયોજન પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને તથા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલકીં સાથે મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતું. દ્વારકા, ઓખા તથા મીઠાપુર મહિલા મંડળના સ્નેહમય નિમંત્રણ તથા શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ઓખા મંડળ ટ્રસ્ટના સહયોગથી આયોજીત આ કાર્યક્રમના પ્રારંભે દ્વારકા, મહિલા મંડળના મંત્રી શ્રીમતી રાધિકાબેન ટાંકે સ્વાગત કરી સૌ મહાનુભાવોને મંચ પર સ્થાન ગ્રહણ કરાવેલ હતું. સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી સાથે શ્રીમતી ગીતાબેન ચૌહાણ, સંસ્કાર શિબિરના મુખ્ય પ્રાયોજીકા શ્રીમતી નીતાબેન વિનોદભાઇ સોલંકી, ઓખા મંડળ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મહેશભાઇ ટાંક, અખિલ ભારતીય મહિલ મહામંડળના સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક,



મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ, મોટીવેશન સ્પીકર શ્રી જ્યોતીબેન રાઠોડ, ગુજરાત પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કિરણબેન રાઠોડ તથા મહાસભા, અ.ભા.મહિલા મહામંડળ, ગુજરાત પ્રાદેશિક તથા સ્થાનિક મહિલા મંડળોના પ્રમુખશ્રી સહિતના હોદ્દેદારોએ દીપ પ્રાગટ્ય કરેલ હતું.

ત્યાર બાદ ઓખા મંડળ વિસ્તારની સ્થાનિક બાલિકાઓએ પરંપરાગત અને સાંસ્કૃતિક પરિવેશમાં પ્રભુ પ્રાર્થના અને સ્વાગત નૃત્ય રજુ કરેલ હતા. જેને તાળીઓથી વધાવી ઉપસ્થિત મહાનુભાવો દ્વારા રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતી. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ મધુર કંઠે રામસ્તુતિ પ્રસ્તુત કરી સમાજના નારીવર્ગમાં સંસ્કારોનું સિંચન કરવાની સાથે તેમનામાં રહેલી વ્યાવસાયિક પ્રતિભાને એવોર્ડના માધ્યમથી સન્માનિત કરવાના આયોજનમાં હાજર રહેવાની સાથે સહભાગી બનવા બદલ પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો.


શ્રીમતી દમયંતીબેન વાઢેર
પ્રુખ, દ્વારકા મ.મંડળ


શ્રીમતી પ્રિતીબેન ચૌહાણ
પ્રમુખ, ઓખા મ.મંડળ


શ્રીમતી ઉષાબેન રાઠોડ
પ્રમુખ, મીઠાપુર મ.મંડળ

અ.ભા.મહિલા મહામંડળની ટીમ ખુબજ સારી પ્રવૃત્તિઓ કરે છે, સમાજના મહિલા વર્ગને હંમેશા ગતિશીલ રાખે છે તેવી લાગણી વ્યક્ત કરી શુભકામના પાઠવી હતી.

અ.ભા.મહિલા મામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણે વર્તમાન સત્રમાં થતી પ્રવૃત્તિઓ, ઓનલાઇન કાર્યક્રમો તથા વિશેષ આયોજનોનો વિસ્તૃત અહેવાલ આપેલ હતો. દરેક કાર્યક્રમોમાં બહેનો તરફથી મળતા ખુબજ સુંદર પ્રતિસાદ તથા વિવિધ સમિતિઓના હોદ્દેદારોની સક્રિયતાની પ્રશંસા કરી હતી. પોતાના પૈતૃક વતન મીઠાપુરની યાદોનું સંસ્મરણ કરી, કચ્છી સમાજ ભવનના શિલ્પી પોતાના પિતા સ્વ. જગમાલભાઇ ચૌહાણ તથા અન્ય મહાનુભાવોના સમર્પણભાવને યાદ કરેલ હતું. આજના આયોજનમાં મુખ્ય પ્રાયોજક તરીકેનો સહયોગ આપવા બદલ 'સમાજરત્નશ્રી' પરિવારનો આભાર માનેલ હતો.

ત્યાર બાદ મીઠાપુરની દિકરી એવા. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણનો શ્રીમતી જયશ્રીબેન ટાંક દ્વારા વિસ્તૃત પરિચય આપવામાં આવેલ હતો. અ.ભા.મહિલા મહામંડળ દ્વારા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, ઓખા મંડળ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મહેશભાઇ ટાંક તથા સંસ્કાર શિબિરના મુખ્ય પ્રાયોજક દાતા શ્રીમતી નીતાબેન વિનોદભાઇ સોલંકીનું સેવા સન્માન કરવામાં આવેલ હતું. શ્રી મહેશભાઇ ટાંકએ આજના આયોજનને શુભેચ્છા પાઠવી હતી.

સંસ્કાર શિબિર સમિતિના અધ્યક્ષા શ્રીમતી રોહિણીબેન કિરીટભાઇ ચૌહાણે સ્વાગત પ્રવચન કરી સંસ્કાર શિબિર સમિતિ દ્વારા થતાં આયોજનો તથા આજની શિબીરનો હેતુ સમજાવ્યો હતો. ગુજરાત મહિલા પ્રાદેશિક સમિતિ પ્રમુખ શ્રીમતી કિરણબેન રાઠોડે પોતાની ખુશી વ્યક્ત કરી કાર્યક્રમને શુભેચ્છા પાઠવી હતી. ત્યાર બાદ સંસ્કાર શિબિરનો પ્રારંભ કરાવતાં મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણે સૌ પ્રથમ અ.ભા.મહિલ મહામંડળના મોટીવેશન સ્પીકર શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડને ''પાનખરમાં વસંત'' વિષય પર પ્રેરક વકતવ્ય આપવા નિમંત્રિત કરેલ હતા. આપણા સમાજની બહુમુખી નારી પ્રતિભા એવા જ્યોતિબેન રાઠોડે ઇશ્વરે આપેલ અમુલ્ય જીવનમાં ડોકાતા તડકા અને છાયા વચ્ચે કેમ આનંદિત, સ્વસ્થ અને સુખી રહેવું તેનું રસપ્રદ શૈલીમાં માર્ગદર્શન આપેલ હતું. વિવિધ મુદ્રાઓ, યોગ-પ્રાણાયામ અને હકારાત્મક અભિગમ અપનાવવા માટે પ્રાયોગિક નિદર્શન પણ કરેલ હતું.

ત્યાર બાદના મોટીવેશન સ્પીકર અને મહાસભા મેરેજ બ્યુરો સમિતિના પ્રભારી તથા સમાજની સગપણ સમસ્યાના ઉકેલ માટે સતત કાર્યરત રહેતા અને ઉકેલ વિશે પોતાનું પ્રભાવશાળી અને પ્રેરક વકતવ્ય આપતાં યોગ્ય પાત્રની શોધ તથા લગ્નના માધ્યમથી જીવનભરના બંધનને કેમ સ્વસ્થ, લાગણીસભર અને સુખી બનાવી શકાય તે અંગે માર્ગદર્શન આપેલ હતું. નાની-નાની બાબતોમાં સગપણ અને લગ્ન વિચ્છેદના વધતા કિસ્સાઓ સામે લાલબત્તી ધરી તેના નિરાકરણનું મુલ્ય સમજાવ્યું હતું. સભા ખંડમાં ઉપસ્થિત સાસુ-વહુની જોડીઓને મંચ પાસે નિમંત્રિત કરી પરસ્પર સન્માન કરાવ્યું ત્યારે લાગણીસભર દશ્યો સર્જાયા હતા.

ત્યાર બાદના મોટીવેશનલ સ્પીકર શ્રીમતી મેઘાબેન પરમાર દ્વારા ''હિલ યો માઇન્ડ એન્ડ બોડી'' વિષય પર વ્યક્તિ પોતાના જીવન, દિનચર્યાઓ, વિચારો અને વ્યક્તિત્વમાં કઇ રીતે નિખાર લાવી શકે તે બાબતે રસપ્રદ માર્ગદર્શન આપવામાં આવેલ હતું. શ્રીમતી મેઘાબેને ખુબજ હળવી અને માર્મિક શૈલીમાં સુંદર ઉદાહરણો આપી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા તેમજ પ્રાયોગિક સમજણ આપેલ હતી.

ત્યાર બાદના ટ્રેનર અને ખુબજ જાણીતા રેસિપી સ્પેશ્યાલીસ્ટ શ્રીમતી પ્રિતીબેન પરેશભાઇ ચૌહાણે બહેનોને ખુબજ ઉપયોગી બની શકે તેવો કેક આઇસીંગ પ્રોજેક્ટનું લાઇવ નિદર્શન કરેલ હતું. જેમાં કેક બનાવટની પૂર્વ તૈયારીઓ, તેમાં વપરાતી વસ્તુઓ, કરવાની થતી પ્રોસેસ તથા લાગતા સમયની સંપૂર્ણ જાણકારી આપી, કેક તૈયાર કરી સૌને તેનો સ્વાદ લેવડાવ્યો હતો. સાથે બહેનો ઘેર બેઠાં આ કામ કરીને કઇ રીતે આર્થિક ઉપાર્જન કરી શકે તેની વિગતવાર સમજણ આપી હતી. સંસ્કાર શિબિર સમિતિના અધ્યક્ષા શ્રીમતી રોહીણીબેન ચૌહાણ તથા મંત્રીઓ શ્રીમતી મેઘાબેન પરમાર, શ્રીમતી તારાબેન ટાંક, શ્રીમતી આશાબેન પરમાર દ્વારા મનોરંજક ગેમ રમાડી દરેક કાર્યમાં સહયોગ આપેલ હતો.

બપોર બાદના સેશનમાં દ્વિતિય મહિલા ઉદ્યોગિકા એવોર્ડ સન્માનના પ્રારંભે અ.ભા.મહિલા મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી લીનાબેન વિપીનભાઇ રાઠોડ દ્વારા બહેનોને નાના-મોટા ઉદ્યોગો બાબતે ખુબજ રસપ્રદ જાણકારી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ નાના-મોટા વ્યવસાયો, શિક્ષણ સંકુલો તથા ગૃહ ઉદ્યોગોના માધ્યમથી પોતાની ઓળખ ઉભી કરનાર અને આર્થિક ઉપાર્જન કરનાર ભારતભરની ૧૬ જેટલી બહેનોને મંચસ્થ અ.ભા.મહિલા મહામંડળના પદાધિકારીઓના હસ્તે શાલ તથા મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ હતા. મંત્રી

શ્રીમતી ઉષાબેન ચૌહાણ તથા શ્રીમતી મેઘાબેન પરમારે દરેક સન્માનિત બહેનો અને તેના વ્યવસાયનો સુંદર પરિચય આપી સન્માન ગ્રહણ કરવા નિમંત્રિત કરેલ હતા.

ત્યાર બાદ દ્વારકા, મીઠાપુર અને ઓખા ઘટકમાં નાના ગૃહ ઉદ્યોગો, નાસ્તા તૈયાર કરવાનું કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતા ૪૦ જેટલા ઉદ્યમી બહેનોનું પણ સન્માન કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત સન્માનો અ.ભા.મહિલ મહામંડળના મંચસ્થ પદાધિકારીશ્રીઓ, શ્રીમતી ગીતાબેન ચૌહાણ, શ્રીમતી અમિતાબેન સોલંકી, શ્રીમતી લીનાબેન રાઠોડ, શ્રીમતી રીટાબેન ચૌહાણ, શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, શ્રીમતી અનસુયાબેન પરમાર, શ્રીમતી કિરણબેન રાઠોડ, શ્રીમતી રોહીણીબેન ચૌહાણ, શ્રીમતી પ્રિતીબેન ચૌહાણ, શ્રીમતી નયનાબેન ચૌહાણ, શ્રીમતી પ્રિતીબેન ચૌહાણ, શ્રીમતી સરલાબેન પરમર, શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, શ્રીમતી સવિતાબેન ચૌહાણ, દ્વારકા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી દમયંતીબેન વાઢેર, ઓખા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રિતીબેન ચૌહાણ તથા મીઠાપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઉષાબેન રાઠોડના હસ્તે કરવામાં આવેલ હતું. મોટીવેશન સ્પીચના પ્રથમ સેશનનું સંચાલન અ.ભા.મહિલા મહામંડળના મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણે કરેલ હતું. બપોર પછીના ઉદ્યોગિકા એવોર્ડ સમારોહનું સંચાલન મંત્રી શ્રીમતી ઉષાબેન ચૌહાણ તથા શ્રીમતી મેઘાબેન પરમારે કરેલ હતું. ગુજરાત મહિલા પ્રાદેશિક સમિતિના મંત્રી શ્રીમતી બિનિતાબેન ટાંકએ આભારવિધી કરેલ હતી. ઓખા મંડળ ટ્રસ્ટના હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ અને મહિલા મંડળના હોદ્દેદારોએ આયોજન વ્યવસ્થામાં ખુબ સુંદર સહયોગ આપેલ હતો.

– રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – મહામંત્રી

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ

## 'ઉદ્યોગિકા એવોર્ડ' સન્માન (દ્વારકા) દ્વારા સન્માનિત બહેનો તા. ૦૫-૦૬-૨૦૨૬



### શ્રીમતી જ્યોતિબેન ઘનશ્યામભાઇ ચાવડા – જાલના

નાનપણથી જ શિક્ષણ પ્રત્યે રૂચી ધરાવી શાળાના પ્રિન્સીપાલ તરીકે અનુભવ મેળવ્યો. જલારામ વેલફેર એન્ડ એજ્યુકેશન સોસાયટી અંતર્ગત શાળાના એકમોનું સંચાલન કરે છે.



### શ્રી ભાવિતાબેન ચાવડા ખંભરા

દિવ્યાંગ હોવા છતાં હિમ્મત હાર્યા વગર સિવણ કામ શીખ્યા. ૬૦૦૦ બહેનોને સિવણ ક્લાસના માધ્યમથી રોજગારી અપાવી. અનેક સન્માનો અને એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.



### શ્રીમતી વર્ષાબેન મહેશભાઇ ટાંક શ્રીરામપુર

નાનપણથી ઔદ્યોગિક ક્ષેત્રે કામ કરવાની ઇચ્છા ધરાવનાર તેઓ આજે ''મહિપ પેપર ટ્યુબ્સ એન્ડ પેકેજીંગ''ના નામે ફેક્ટરી ચલાવી રહ્યા છે.



### શ્રીમતી મનિષાબેન રીતેશભાઇ ગોહિલ – દુર્ગ

પરિવારને આર્થિક રીતે મદદરૂપ બનવાના હેતુથી વિવિધ વાનગીઓ બનાવી સપ્લાય કરવાનું શરૂ કરેલ. આજે એમ.જી. કિચન એન્ડ કેક ગેલેરી'' ના નામે ઉદ્યોગ ચલાવે છે.



### શ્રીમતી ત્રિશાબેન પટેલ (ખોડીયાર) મુંબઇ

મુંબઇમાં આર્કિટેકચરર ઇન્ટેરીયર ડિઝાઇનર અને વાસ્તુ કન્સલ્ટન્ટ તરીકે ખ્યાતિ મેળવી આજે ''ત્રિશા પટેલ આર્કિટેક્સ'' નામે વ્યાવસાયીક પ્રતિષ્ઠાન ચલાવે છે.



### શ્રીમતી મીનાબેન હસમુખભાઇ ચૌહાણ – ગોંદિયા

પતિના અવસાન બાદ કેટરીંગના પારિવારિક વ્યવસાયને આગળ વધાર્યો. શ્રીજી કેટરર્સના નામે સફળ વ્યવસાયી બન્યા છે. ઇવેન્ટ મેનેજરનું કામ પણ સંભાળે છે.

## શ્રીમતી ચેતનાબેન દિપકભાઇ પરમાર – કુકમા



પાંચ વર્ષ પહેલા ફરસાણના નાના પેકેટ બનાવવાથી વ્યવસાય શરૂ કરી આજે ''ચેતના ગૃહ ઉદ્યોગ''ના નામે મોટો કારોબાર ચલાવી આજીવિકા મેળવે છે.

## શ્રીમતી મયુરીબેન દિપકભાઇ ચૌહાણ – દ્વારકા



બાળકોને સારૂં શિક્ષણ આપવાના હેતુથી ખીરૂ બનાવવાનો વ્યવસાય શરૂ કરેલ. આજે ''બ્રહ્માણી ખીરૂ''ના નામે મોટા જથ્થામાં ખીરૂ સપ્લાય કરી આર્થિક ઉપાર્જન કરે છે.

## શ્રીમતી ક્રિપીબેન જેઠવા બાલાઘાટ



એમ.બી.એ. સુધીનો અભ્યાસ કર્યા બાદ શિક્ષણ ક્ષેત્રે કાંઇક નવું કરવાના ધ્યેય સાથે શરૂઆત કરી. આજે ૩ માળની વિશાળ ઓજસ ગ્લોબલ સ્કૂલના ડાયરેક્ટર અને સંચાલિકા છે.

## શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – ઉદયપુર



રેલ્વે કોન્ટ્રાકટર પતિને ધંધામાં નુકશાન જતાં પરિવારને આર્થિક ટેકો આપવાના ઉદ્દેશથી શરૂ કરેલ દાબેલીનો વ્યવસાય વિસ્તારી આજે ''શ્રીનાથ દાબેલી''નો કારોબાર સંભાળે છે.

## શ્રીમતી દાનિશાબેન ટાંક ચૌહાણ નાગોર



બાળપણથી જ ભારતીય આયુર્વેદ અને ઉપચારમાં ઉંડો રસ ધરાવનાર તેઓ લાક્ષણિકા નામની ઓર્ગેનિક સ્કીન કેર અને આયુર્વેદિક વેલનેસ બ્રાન્ડના ફાઉન્ડર અને સંચાલિકા છે.

## શ્રી પૂજાબેન નવિનભાઇ ચૌહાણ કુકમા



મડવર્ક આર્ટિસ્ટ તરીકે પ્રસ્થાપિત થયેલા તેઓએ ગુજરાત અને ભારતમાં અનેક સેમીનારો કર્યા છે. ભારત સરકારનું કારીગર કાર્ડ ધરાવે છે. મડવર્કના વ્યવસાયમાં સફળ બનેલ છે.

## શ્રીમતી નમ્રતાબેન હિરેનભાઇ ચૌહાણ – માધાપર



બાળપણમાં પોતાના માતૃશ્રી પાસેથી શિખેલ એક સરળ કલાની સફર મહેનતના માધ્યમથી સફળ વ્યવસાય બનાવ્યો છે. ક્રોશેબાય નમ્રતાના સંચાલિકા તરીકે સફળ વ્યવસાયી બન્યા છે.

## શ્રીમતી સીમાબેન ચાવડા મંગલાબેન ચૌહાણ





સમાજના પરિવારો ની ખુશી માટે યાત્રા પ્રવાસ નો વ્યવસાય શરૂ કર્યો. આજે ભારત તથા વિદેશની ટુરોનું આયોજન કરી આર્થિક ઉપાર્જન કરે છે.

## શ્રીમતી અરૂણાબેન યાદવ પુના



પિયર પક્ષે પોતાના માતૃશ્રી પાસેથી મળેલ ભરત-ગુંથણ, હસ્તકલા, અથાણા બનાવવાને રંગોળી ગાલીચા બનાવવાની કલાને પોતાના વ્યવસાય રૂપે અપનાવી સફળ બન્યા છે.

## શ્રીમતી સોનલબેન અરૂણભાઇ જેઠવા – બાલાઘાટ



બચપણ પ્લે સ્કુલની ફ્રેન્ચાઇઝી લઇને આજે ૩૦૦ બાળકોને ભણાવતી 'પાઠશાલા' સ્કુલના સંચાલિકા અને ડાયરેક્ટર રૂપે જવાબદારી સંભાળી રહ્યા છે.

# અખિલ ભારતીય મહિલા મંડળની વિદેશ સમિતિ દ્વારા આંતરરાષ્ટ્રીય એજ્યુકેશન એન્ડ મેથ્સ પ્રોજેક્ટનું સફળ આયોજન

તા. ૧૭ જુલાઈના રોજ અખિલ ભારતીય મહિલા મંડળની વિદેશ સમિતિ દ્વારા એજ્યુકેશન એન્ડ મેથ્સ વિષયક આંતરરાષ્ટ્રીય ઓનલાઈન પ્રોજેક્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટનું માર્ગદર્શન અખિલ ભારતીય મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણે આપ્યું.

કાર્યક્રમમાં અખિલ ભારતીય મહિલા મંડળના મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ, મેરેજ બ્યુરોના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી તેમજ જાણીતા પ્રેરણાદાયી વક્તા શ્રીમતી જ્યોતિબેન રાઠોડે વિશેષ ઉપસ્થિતિ નોંધાવી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી. કાર્યક્રમનો મંગલ પ્રારંભ વિદેશ સમિતિના મંત્રી શ્રીમતી હીરલબેન પટેલ દ્વારા મધુર પ્રાર્થના સાથે કરવામાં આવ્યો. ત્યારબાદ વિદેશ સમિતિના પ્રમુખ શ્રીમતી લીનાબેન રાઠોડે સૌનું ઉષ્માભર્યું સ્વાગત કરી પોતાના પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા તેમજ પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ અને ઉપસ્થિત તમામ મહાનુભાવોનું સન્માન કર્યું.

મુખ્ય વક્તા તરીકે શ્રીમતી ગીતાબેન ચૌહાણે લગભગ બે કલાક સુધી અત્યંત રસપ્રદ, પ્રેરણાદાયી અને જ્ઞાનસભર સત્રનું સંચાલન કર્યું. તેમણે વેદિક મેથ્સ, એબેકસ અને મેજિકલ ટેબલ્સ અંગે સરળ અને પ્રાયોગિક તાલીમ આપી. તેમના માર્ગદર્શનથી બાળકોને ગણિતને સરળ, ઝડપી અને આનંદદાયક રીતે શીખવાની અસરકારક પદ્ધતિઓનો લાભ મળ્યો. આ કાર્યક્રમમાં સિંગાપુર, યુકે, યુરોપ, યુએઈ, સહિત વિશ્વના વિવિધ દેશોમાંથી બાળકો અને વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિદેશમાં વસતા ભારતીય પરિવારો માટે આ કાર્યક્રમ ખૂબ જ ઉપયોગી અને પ્રેરણાદાયી સાબિત થયો.

કાર્યક્રમના અંતે વિદેશ સમિતિના મંત્રી શ્રીમતી કોમલબેન ટાંકે સુંદર શબ્દોમાં આભારવિધિ (ટ્ઢયિં જ્ઞર ઝવફક્ષસત) રજૂ કરી અને કાર્યક્રમનું સફળ સમાપન કર્યું. વિદેશ સમિતિ આ સફળ કાર્યક્રમ માટે અખિલ ભારતીય મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણનો વિશેષ આભાર વ્યક્ત કરે છે. સાથે જ મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ, શ્રીમતી અમિતાબેન સોલંકી, શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, શ્રીમતી હીરલબેન પટેલ, શ્રીમતી લીનાબેન રાઠોડ, શ્રીમતી કોમલબેન ટાંક તથા વિશ્વના વિવિધ દેશોમાંથી જોડાયેલા તમામ સહભાગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી કાર્યક્રમને સફળ બનાવવામાં તેમના અમૂલ્ય સહયોગની પ્રશંસા કરે છે.

## જબલપુર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જબલપુર મહિલા મંડળના સંયુક્ત તત્વાવધાનમાં પવિત્ર અધિક માસના શુભ અવસરે મંડળ ભરાવવાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બહેનો, ભાઈઓ તથા પરિવારજનો ઉપસ્થિત રહી ભગવાનના દર્શન, પૂજા-અર્ચના અને સત્સંગનો લાભ લીધો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિમય અને આધ્યાત્મિક ઊર્જાથી ઓતપ્રોત બની ગયું હતું.

કાર્યક્રમ દરમિયાન તમામ શ્રદ્ધાળુઓએ ભક્તિભાવ અને સેવાભાવ સાથે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યારબાદ ભક્તિરસથી ભરપૂર ભજનો તથા ઉમંગભર્યા ગરબાએ સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ભક્તિ, આનંદ અને એકતાનો અદભૂત સંગમ જોવા મળ્યો હતો. આ આયોજનને સફળ બનાવવા માટે સમાજના પદાધિકારીઓ, કાર્યકારિણી સભ્યો તથા જબલપુર મહિલા મંડળની બહેનોનો વિશેષ સહયોગ રહ્યો હતો. ખાસ કરીને ચંચલબેન, સોનિયાબેન, રૂપલબેન, ચેતનાબેન, લીનાબેન, યામિનીબેન, હીનાબેન, કીર્તિબેન, રેખાબેન અને પારુલબેનનો અમૂલ્ય સહયોગ અને સેવાભાવ કાર્યક્રમની સફળતામાં મહત્વપૂર્ણ રહ્યો હતો.

સૌના સહકાર, સમર્પણ અને ભક્તિભાવના કારણે કાર્યક્રમ અત્યંત સુંદર, પ્રેરણાદાયી અને સફળ રહ્યો હતો. ઉપસ્થિત તમામ લોકોએ આ આયોજનની પ્રશંસા કરી અને અધિક માસની પાવન ભાવનાને ઉજાગર કરતો એક યાદગાર કાર્યક્રમ ગણાવ્યો હતો. જબલપુર મહિલા મંડળ તમામ સહયોગી બહેનો તથા ઉપસ્થિત સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

અંતરરાષ્ટ્રીય યોગ દિવસના પાવન અવસરે જબલપુર મહિલા મંડળ દ્વારા બે દિવસીય યોગ શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

યોગ એક્સપર્ટ તથા વેલનેસ કાઉન્સેલર શ્રીમતી રશ્મિ શર્માના માર્ગદર્શન હેઠળ સમાજની બહેનોને યોગ, પ્રાણાયામ અને સ્વસ્થ જીવનશૈલી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બહેનોએ ઉત્સાહ અને ઉમંગ સાથે યોગાભ્યાસમાં ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમનું સમાપન આભાર પ્રદર્શન તથા સ્વલ્પાહાર સાથે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા મંડળ પ્રમુખ ચંચલ બેન યાદવ, દીપિકા બેન રાઠોડ, ચેતના બેન રાઠોડ, લીના બેન પરમાર, યામિની બેન પરમાર, હીના બેન યાદવ, રાધા બેન, લીના બેન, વર્ષા બેન, સવિતા બેન, પ્રીતિ બેન,રિતિકા બેન , પ્રગ્યા બેન, ખુશબુ બેન,ભાવિતા બેન તેમજ સમાજની અન્ય બહેનો ઉપસ્થિત રહી હતી. સૌના સહયોગ, ઉત્સાહ અને સક્રિય ભાગીદારીથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## જગદલપુર મહિલા મંડળ



જગદલપુર મહિલા મંડળ દ્વારા પુરુષોત્તમ માસના પાવન અવસર પર તા. ૪-૫ જૂનના રોજ ભદ્રાચલમ ખાતે ગોદાવરી સ્નાન તથા ધાર્મિક યાત્રાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર યાત્રામાં સમાજની અંદાજે ૩૦ મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૪ જૂનની રાત્રે તમામ બહેનો વિશેષ સ્લીપર બસ દ્વારા ભદ્રાચલમ માટે પ્રસ્થાન કર્યું હતું. પ્રાતઃકાળે ત્યાં પહોંચી સૌએ પવિત્ર ગોદાવરી નદીમાં સ્નાન કરીને પુણ્યલાભ પ્રાપ્ત કર્યો હતો.

ત્યારબાદ ગોદાવરીના પવિત્ર તટ પર સામૂહિક રીતે ગોરમા બનાવી ભગવાન પુરુષોત્તમ રાયની પૂજા-અર્ચના કરવામાં આવી હતી તેમજ શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું શ્રવણ કરીને ભક્તિરસનો આનંદ માણ્યો હતોમ આધ્યાત્મિક વાતાવરણ અને સામૂહિક ભક્તિના આ સુંદર પ્રસંગે સૌના મન આનંદ અને ભક્તિથી છલકાઈ ઉઠ્યા હતા.

યાત્રા દરમિયાન સૌએ પ્રસિદ્ધ શ્રી સીતા રામચંદ્ર સ્વામી મંદિરના દિવ્ય દર્શન કર્યા હતા તેમજ પર્ણશાળા (સીતા હરણ સ્થળ) અને ભદ્રાચલમ ટ્રાઇબલ મ્યુઝિયમની પણ મુલાકાત લીધી હતી. આ સમગ્ર યાત્રામાં ભક્તિ, સેવા, સત્સંગ અને આનંદનો અદભૂત સંગમ જોવા મળ્યો હતો. અધિક માસના પાવન અવસર પર જગદલપુર મહિલા મંડળની આ યાત્રાની પહેલ સૌ માટે એક અવિસ્મરણીય અને પ્રેરણાદાયક અનુભવ બની રહી હતી. તમામ બહેનોએ આ ધાર્મિક યાત્રાનો ભરપૂર આનંદ માણ્યો અને ભવિષ્યમાં પણ આવા આધ્યાત્મિક કાર્યક્રમો સતત યોજાતા રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

## ધનબાદ મહિલા મંડળ

શ્રી કે.જી.કે. સમાજ મહિલા મંડળ ધનબાદ દ્વારા પુરૂષોત્તમ માસ નિમિત્તે નદીમાં પવિત્ર સ્નાન પ્રવાસનું આયોજન તા. ૭-૬-૨૦૨૬ના પારસનાથ નજીક આવેલ રિજુવાલિકા જૈન મંદિર તથા દામોદર નદી કિનારે પવિત્ર સ્નાન યાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં ૪૦ જેટલા બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સવારે ૭.૦૦ વાગ્યે એ.સી. બસ દ્વારા પ્રવાસનો પ્રારંભ થયો. મુસાફરી દરમીયાન ભજન, મનોરંજન અને હળવા હાસ્ય-વિનોદ વચ્ચે સૌએ આનંદમય સમય વિતાવ્યો અને લગભગ ૧ કલાક ૪૫ મિનિટની મુસાફરી બાદ રિજુવાલિકા જૈન મંદિર પહોંચ્યા હતા. દામોદર નદીના પવિત્ર કિનારે સ્નાનનો લાભ લેતા સમયે કુદરતે પણ હળવા



વરસાદના છાટા દ્વારા વાતાવરણને વધુ આનંદમય બનાવી દીધું. સ્નાન અને પૂજા-અર્ચના પૂર્ણ કયા બાદ સૌએ પ્રસિદ્ધ પારસનાથ મંદિરે જઇ ભોમિયાજી દાદાના દર્શન તથા આરતીનો પવિત્ર લાભ પ્રાપ્ત કર્યો હતો.

બપોરે ૧.૩૦ વાગ્યે સિદ્ધાયતન રિસોર્ટ ખાતે સૌએ સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો. ત્યાર બાદ બપોરે ૨.૩૦ વાગ્યે પાછા ફરતી વખતે પ્રસિદ્ધ ટોપચાચી તળાવની મુલાકાતનું પણ આયોજન થતાં પ્રવાસમાં વધુ એક યાદગાર ક્ષણ ઉમેરાઇ હતી. આ સમગ્ર ધાર્મિક, આધ્યાત્મિક અને મનોરંજક પ્રવાસ અત્યંત સફળ રહ્યો હતો. તમામ બહેનોએ ભક્તિભાવ, ઉત્સાહ અને આનંદ સાથે દિવસ વ્યતીત કર્યો. કાર્યક્રમના સફળ આયોજન માટે મહિલા મંડળના હોદ્દેદારો, આયોજકો તથા ઘટક અને યુવા મંડળના પ્રયાસો પ્રશંસનીય રહ્યા. સમાજની બહેનોએ આવા કાર્યક્રમો દ્વારા ધાર્મિક ભાવના સાથે પરસ્પર સ્નેહ અને એક્તાને વધુ મજબૂત બનાવવાનો સુંદર આદેશ આપ્યો. અંતે મહિલા મંડળ દ્વારા પ્રવાસમાં જોડાયેલા તમામ સભ્યો તેમજ સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

## કુકમા મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કુકમા મહિલા મંડળ આયોજીત પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ આઇયાનગર-ભુજ દ્વારા કુકમા ખાતે તા. ૨૭-૦૫-૨૬ થી ૨૯-૦૫-૨૬ સુધી ત્રણ દિવસની આધ્યાત્મિક શિબિર આધ્યાત્મિક પ્રણેતા બ્રહ્માકુમાર બાબુભાઇ પરમારના પ્રયાસોથી સુંદરમજાની પુરૂષોત્તમ માસ નિમિત્તે ત્રણ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. સાંજે ૪.૩૦ થી ૭.૦૦ કલાક સુધીના આયોજનમાં ગામના ભાઇ-બહેનોએ આ સત્સંગનો લાભ લીધો હતો. જેમાં મોટીવેશનલ સ્પીકર તરીકે રાજયોગીની બ્રહ્માકુમારી ડૉ. ગીતાદીદી (ભીનમાલ-રાજસ્થાન)થી પધારેલ હતા.

પ્રથમ દિવસે ''ભારત કી મહાન સંસ્કૃતિ ઔર સંસ્કાર'' વિષય હતો. બીજા દિવસે પારિવારિક મુલ્યો કા સંરક્ષણ'' હતો અને ત્રીજા દિવસે ''ધર્મ ઔર કર્મ કા બેલેન્સ''. આ મુજબ વિષયો ઉપર ખુબજ સુંદર છણાવટ, સંવાદો, પ્રશ્નોતરી અને ચર્ચા તેમજ પ્રેક્ટીકલ એક્ટીવીટી દ્વારા માર્ગદર્શન આપેલ હતું.

આ કાર્યક્રમની શરૂઆતમાં મંત્રી શ્રીમતી ઉષાબેન ચૌહાણે સર્વે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ. શ્રીમતી શોભનાબેન જે. ટાંક મહિલા મંડળ પ્રમુખશ્રીએ સર્વે મહેમાનોને પુષ્પગુચ્છ દ્વારા આવકાર આપેલ સાથે અનસુયાબેન પરમાર પણ સાથે જોડાયેલ. શરૂઆતમાં પ્રભુ પ્રાર્થના દ્વારા કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. ત્યાર બાદ મહેમાનોના કરકમળો દ્વારા દિપ પ્રાગટ્ય કરેલ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો, આપણા સમાજના સમાજરત્ન મહાસભાના પ્રમુખ શ્રી વિનોદભાઇ સોલંકી, મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકી, ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી બાબુભાઇ પરમાર, કચ્છ પ્રા. પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, મેરેજ બ્યુરો અધ્યક્ષા શ્રીમતી અમિતાબેન

સોલંકી, કચ્છ મહિલા પ્રા. પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, કુકમા ગામના સરપંચ ગં.સ્વ. રસીલાબેન રાઠોડ, ઘટક પ્રમુખ શ્રી કેતનભાઇ ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી શોભનાબેન ટાંક, યુવા મંડળ પ્રમુખ શ્રી ઉતમભાઇ રાઠોડ, યુવતી મંડળ પ્રમુખ શ્રીમતી આનંદીબેન, રીનાદીદી તેમજ સંસ્થાના સંચાલીકા હાજર રહેલ હતા. અનસુયાબેન પરમાર, સલાહકાર અ. ભા. મ. મહામંળ, ઉષાબેન ચૌહાણ - મંત્રી અ. ભા. મ. મહામંડળ તેમજ આધ્યાત્મિક સમિતિની સર્વે બહેનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ. ત્યાર બાદ બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા સર્વેનું સન્માન કરવામાં આવેલ. કુકમા મહિલા મંડળ દ્વારા આવેલ મહેમાનોનું સ્મૃતિ ભેટ આપી સન્માન કરેલ હતું. ડૉ. ગીતા દીદીનું પણ મોમેન્ટો આપી વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. ત્યાર બાદ ઉદ્‌બોધનમાં વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકીએ જણાવેલ કે આવી આધ્યાત્મિક શિબિરો યોજવી ખુબજ જરૂરી છે. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ જણાવેલ કે, સમાજ સંગઠનની ભાવના આધ્યાત્મિક વિચારો સમાજમાં લાવવા આવી શિબિરો બહુ મહત્વનો ભાગ ભજવે છે. શિક્ષણની સાથે સાથે આધ્યાત્મ ભાવના લાવવા શિબિરોનું આયોજન માટે મહિલા મંડળને બિરદાવેલ. લોકોમાં એકબીજા પ્રત્યે સહાનુભુતી, પ્રેમ, લાગણી આ શિબિરો દ્વારા મેળવી શકાય છે.

ડૉ. ગીતાદીદીએ ભારતીય સંસ્કૃતિને મહાન સંસ્કૃતિ ગણી છે. આપણે જ્યાં વસીએ છીએ આ સંસ્કૃતિ મહાન છે. એટલે જ તો આપણી સંસ્કૃતિમાં સ્ત્રીને મહાન શક્તિનો અવતાર ગણી છે. પારિવારિક મુલ્યો વિશે જણાવેલ કે કુટુંબ ભાવના, પ્રેમ, સહનશીલતા, લાગણી, ત્યાગ આ બધું ભગવાને સ્ત્રીને આપ્યું છે. ઘરનો આધાર સ્ત્રી છે. સ્ત્રીને લક્ષ્મી કહી છે. લક્ષ્મીના આઠ સ્વરૂપ વિશે સરસ છણાવટ કરેલ અને સમજણ આપેલ. બાળકોને સંસ્કારી બનાવવા શિક્ષિત બનાવવામાં ઘરની અશાંતિ બાળકોનો વિકાસ રૂંધે છે. સ્ત્રીને માન આપવા માટે સ્ત્રી જ જવાબદાર છે. દિકરો ઘરમાં રાખશે દિકરી દીલમાં રાખશે. મકાનમાં ઘર જેવો પ્રેમ ધનથી નથી આવતો. સુંદરતા ધનથી નથી



આવતી ઘરની સ્ત્રી કેવી હોવી જોઇએ તેના વિશે સુંદર માગદર્શન આપેલ હતું.

ધર્મ અને કર્મનું બેલેન્સ વિષય પર જણાવ્યું હતું કે, મનુષ્યના જીવનમાં જન્મનું મહત્વ કરતાં કર્મ કેવા છે તેનું મહત્વ છે. જીવન અને મૃત્યુના વચ્ચેના સમયમાં કર્મ અને જ્ઞાનદર્પણનું કામ કરે છે. કર્મ એજ તમારો મિત્ર છે. મને મળેલા જીવની દરેક કલાક, મિનિટ, સેકન્ડ ક્યાં અને કેવી રીતે ખર્ચ કરવાની મારા મનમાં વિચારો કેવા હોવા જોઇએ. ધર્મ આપણને વિચાર, ભાવના, વિવેક, શક્તિ આપે છે. હું કોણ, મારે શું કરવાનું ? મારૂં કોણ ? આમ, દીદીએ ખુબજ સુંદર ત્રણેય વિષયો ઉપર એકટીવીટી દ્વારા સુંદર છણાવટ કરી હતી. આવું સુંદર આધ્યાત્મિક ભવ્ય શિબિરના આયોજન માટે કુકમા મહિલા મંડળ બ્ર.કુ. બાબુભાઇ પરમારનો આભાર વ્યક્ત કરે છે. વિશેષમાં આ ત્રણે દિવસ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજીની સતત હાજરી હતી. તેમનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ તથા સર્વે મહાનુભાવો જેમણે આ કાર્યક્રમમાં ઉપીસ્થત રહી અમારા કાર્યક્રમની શોભા વધારી તે સર્વેનો કુકમા મહિલા મંડળ આભાર વ્યક્ત કરે છે. આધ્યાત્મિક સમિતિની બહેનો અનસુયાબેન, ભાનુબેન, અનિતાબેન, તરૂણાબેન, ઇન્દીરાબેન, ભાવનાબેન તેમજ અન્ય બહેનોનો આભાર વ્યક્ત કરવામાં આવેલ. આભારવિધીમાં કેતનભાઇ ચૌહાણે સર્વે મહાનુભાવોનો આભાર વ્યક્ત કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ઉષાબેન ચૌહાણ - મંત્રીએ કરેલ.

## ગાંધીધામ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ મહિલા મંડળ દ્વારા તા. ૨૧-૦૪-૨૦૨૬ના મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મોનાબેન પરમારના અધ્યક્ષ સ્થાનેથી મીટીંગ રાખવામાં આવેલ હતી. જેમાં સ્ટાઇલીશ ગ્રુપ દ્વારા સર્વ પ્રથમ ગાયત્રી ચાલિસાનો પાઠ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ આ મહિનામાં જેમનું અવસાન થયું હતું તેઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યાર બાદ ગ્રુપની સર્વે બહેનોએ પોતાનો પરિચય આપ્યો અને



ગ્રુપ દ્વારા હાઉસી રમાડવામાં આવી અને એક ગેમ રમાડવામાં આવી. ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા વુમન્સ ડે સેલીબ્રેશનમાં વિજેતા બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. પછી સર્વે



અલ્પાહાર લઇ છુટા પડ્યા હતા.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ મહિલા મંડળ દ્વારા તા. ૧૧-૦૬-૨૦૨૬ના મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મોનાબેન પરમારના અધ્યક્ષ સ્થાને મીટીંગ યોજવામાં આવેલ. તેમાં ગોસિપ ક્વીન ગ્રુપ દ્વારા સર્વ પ્રથમ ગ્રુપની બહેનોનો પરિચય આપવામાં આવ્યો.

ત્યાર બાદ પાંચ જુનના પર્યાવરણ દિવસ હતો તેના અનુસંધાનમાં ''જીતે લકડી મરતે લકડી'' ખુબજ સારો સંદેશ આપણી નાટિકા પ્રસ્તુત કરવામાં આવી હતી. પરિવારમાં જેટલા લોકો તેટલા વૃક્ષો વાવવા જોઇએ એ સંદેશ આપવામાં આવેલ. અધિકમાસમાં અધિક જ્ઞાન ગોષ્ઠી કરાવી અને આંબુડું-જાંબુડું કરાવી કાર્યક્રમને ભક્તિમય બનાવ્યો હતો. ત્યાર બાદ એક ગેમ રમાડવામાં આવી. જેમાં પ્રથમ જ્યોત્સનાબેન ચાવડા અને દ્વિતીય નીતાબેન પરમારને વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. બાદમાં સૌ અલ્પાહાર લઇ છુટા પડ્યા હતા.

## બિલાસપુર ઘટક





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ બિલાસપુર મહિલા મંડળની માસીક મીટીંગ તા. ૨૨-૦૬-૨૦૨૬, સોમવારના દિવસે સમાજ ભવનમાં આયોજીત કરી હતી અને તે દિવસ સુધી ટોટલ ૭૦ બહેનોએ મેમ્બરશીપ લીધી હતી.

સર્વ પ્રથમ હોસ્ટ દ્વારા શંકર ભગવાનનું ભજન ગાઇને કરવામાં આવેલ. મંત્રી દ્વારા ગયા મહિનાની મીટીંગનું મિનિટ્સ વાંચન બાદ દિવંગત આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળવામાં આવેલ. ત્યાર બાદ બે હાઉસી તેમજ બે ગેમ રમાડવામાં આવી. ૨૧ જુન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે અખિલ ભારતીય મહિલા મહામંડળના યોગ સમિતિના મંત્રી શ્રીમતી શર્મિલાબેન ચાવડા દ્વારા યોગા શીખવાડવામાં આવ્યું.

ત્યાર બાદ પ્રાઇસ ડિસ્ટ્રીબ્યુશન તેમજ અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા ઔદ્યોગિક એવોર્ડથી સન્માનીત શ્રીમતી મંગલાબેન ચૌહાણનું સન્માન તુલસીનો પૌધો તેમજ કુમકુમ આપી તેમનું પ્રોત્સાહીત સન્માન કરેલ. સાથે સાથે શ્રીમતી શર્મિલાબેન ચાવડાને પણ તુલસીનો પૌધો આપી સન્માન કરવામાં આવેલ. ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન ચૌહાણ દ્વારા રાષ્ટ્રગાન ગાવામાં આવેલ. અંતમાં અલ્પાહાર લઇ સૌ બહેનો છુટા પડ્યા હતા.

## વડોદરા મહિલા મંડળ

વડોદરા મહિલા મંડળ દ્વારા આરોગ્ય જાગૃતિ અને સમયસર નિદાનનાં હેતુસર સમાજ ભવન ખાતે નિઃશુલ્ક મેગા કેન્સર સ્ક્રીનીંગ કેમ્પનું તા. ૦૪-૦૬-૨૦૨૬ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦થી વધુ બહેનોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. કેમ્પમાં નિષ્ણાંત તબીબોની ટીમ દ્વારા પેપ સ્મિર ટેસ્ટ, સ્તન કેન્સરની પ્રાથમિક તપાસ (થર્મલ સ્ક્રીનીંગ) તથા મોઢાના સ્વાસ્થ્ય અને કેન્સરની તપાસ કરવામાં આવી હતી.

આ કેમ્પની આરોગ્યલક્ષી સેવાનો લાભ સમાજની ઘણી



બધી બહેનો તથા પરિવારજનોએ લીધો હતો. કેમ્પના આયોજનમાં વડોદરા ઘટકનું સક્રીય યોગદાન મળ્યું હતું. અંતે પર્યાવરણ પ્રત્યે જાગ્રુતતા દર્શાવવા મહિલા મંડળ દ્વારા દરેક તબીબ સ્ટાફને રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## આદિપુર મહિલા મંડળ

આદિપુર મહિલા મંડળ આયોજીત કીટી પાર્ટી તા. ૩૦-૦૬-૨૦૨૬ના રોજ શ્રીમતી શારદાબેન ભોગીલાલભાઇ ચૌહાણના ઘરે કરેલ હતું. પ્રભુ પ્રાર્થના બાદ ક્લેકશન અને ત્યાર બાદ હાઉઝી ગેમ રમેલ. ત્યારહ બાદ વન મિનિટ ગેમ રમેલ, તેમાં પ્રથમ નીતાબેન જે. ટાંક આવેલ. બીજા ક્રમે મીરાબેન આર. પઢિઆર આવેલ. બીજી લક્કી ગેમ રાખેલ. તેમાં રક્ષાબેન ટાંકનો



નંબર આવેલ. ત્રણેયને શારદાબેન તરફથી ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ અલ્પાહાર લઇ સૌ છુટા પડેલ.

## મુંબઇ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઈ મહિલા મંડળ (પશ્ચિમ વિભાગ)ની મીટીંગ તારીખ ૨૮ માર્ચના શનિવારે નવનિર્વાચિત મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન રાજેશભાઈ ચાવડાના નિવાસસ્થાને રાખવામાં આવી હતી. બપોરે ત્રણ વાગે ૩૦ જેટલી બહેનો ભેગી થઈ હતી. પ્રભુ પ્રાર્થના પછી ગીતાજીના ૧૫માં અધ્યાયનું પારાયણ કર્યું હતું. ત્યારબાદ આપણા સમાજના ડોક્ટર શ્રીમતી શીલાબેન અશ્વિનભાઈ ચૌહાણ જે ગાયનેકોલોજીસ્ટ છે, તેમણે સ્ત્રીઓમાં થતા કેન્સર વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ આપણા સમાજના શ્રીમતી રસીલાબેન રાજુભાઈ વેગડ, જે નેચરોપેથી ડોક્ટર છે, તેમણે આપણા આહારમાં પ્રોટીનનું શું મહત્વ છે, તેની જાણકારી આપી હતી. શ્રીમતી જ્યોતિબેન તરફથી એક ગેમ રમાડવામાં આવી હતી, જેમાં રામાયણમાં આવતા બધા સ્ત્રી પાત્રોની નામાવલી લખવાની હતી, જેમાં પ્રથમ ઇનામ શ્રીમતી ગીતાબેન વેગડ અને દ્વિતીય ઇનામ શ્રીમતી કુસુમબેન પરમારને આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ડોક્ટર શ્રીમતી શીલાબેન અને શ્રીમતી રસીલાબેનને ભેટ દઈને સન્માન કરવામાં આવ્યું. આગામી સમયમાં મહિલા મંડળના પ્રોગ્રામ વિશેની ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ સૌએ અલ્પાહારનો આસ્વાદ માણ્યો હતો અને શ્રીમતી જ્યોતિબેન તેમજ તેમના કુટુંબીજનોનો આભાર માનીને મીટીંગનું સમાપન કરવામાં આવ્યું હતું.

# માં જગદંબા ટ્રસ્ટ - કેંજોરગઢ

માં જગદંબા ટ્રસ્ટ - કેંજોરગઢના સહયોગથી પવિત્ર પુરૂષોત્તમ માઇના પાવન અવસરે એક ભવ્ય અને રમણીય દેવસ્થાન શરણ શ્રીક્ષેત્ર પ્રવાસનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ભક્તિમય પ્રવાસમાં કેંજોર ઘટકના તમામ ધર્મપ્રેમી જનસમૂહ ઉત્સાહભેર જોડાયા હતા. શરણ શ્રીક્ષેત્રએ ઓડિશાના ઢેંકાનાલ જિલ્લાના એકધરીયા ગામમાં પવિત્ર બ્રહ્માણી નદીના કિનારે આવેલું ધાર્મિક સ્થળ છે. પુરીના મુખ્ય જગન્નાથ મંદિરની જેમ જ અહીં પણ મહાપ્રભુ જગન્નાથ, ભાઇ બલભદ્ર અને દેવી સુભદ્રા બિરાજમાન છે.

તા. ૦૬-૦૬-૨૦૨૬, શનિવારના રાત્રે કેંજોરથી શ્રીક્ષેત્ર જવા માટે બસ દ્વારા યાત્રાનો પ્રારંભ થયો હતો. તા. ૭-૬-૨૬ના રોજ પરોઢે તીર્થયાત્રીઓ શરણ શ્રીક્ષેત્ર પહોંચ્યા હતા. ત્યાં પવિત્ર નદીમાં સ્નાન અને નિત્યકર્મ પતાવ્યા બાદ બહેનોએ નદીના કાંઠે ગોરમા અને કાંઠાગોરની વિધિવત અર્ચના કરી હતી. ત્યાર બાદ તમામ ભક્તોએ મંદિરમાં મહાપ્રભુ શ્રી જગન્નાથના ભવ્ય દર્શન કરી પૂજા-અર્ચના સાથે ભજન-કિર્તનની રમઝટ બોલાવી હતી. બપોરે ભગવાનનો દિવ્ય મહાપ્રસાદ ગ્રહણ કરીને



તમામ યાત્રીઓ સુખરૂપ કેંજોર પરત ફર્યા હતા. આ પ્રવાસને સફળ બનાવવા ટ્રસ્ટના ચેરમેન ડૉ. નરેન્દ્ર રાઠોડ, પરેશ ટાંક, સોમના ચાવડા, જગદીશ રાઠોડ, હરીશ યાદવ, હિતેશ રાઠોડ તથા સભ્યો હેમંત રાઠોડ, દેવેશ રાઠોડ, રાજકુમાર રાઠોડ, રાજેશ રાઠોડ, દીપક રાઠોડ, જીવન ચૌહાણ, રાજેશ રાઠોડ, સંજયભાઇ, મનિષભાઇ તથા આનંદભાઇ વગેરે મહાનુભાવોએ સેવાઓ આપીને આ યાત્રાને સફળ બનાવી હતી.

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ**

# યુવા મંચ




**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક**

250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696





**વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંક**

૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com


યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંકનો સંપર્ક કરવો.

## શ્રી કે.જી.કે. મહાસભા અંતર્ગત મહિલા ઉત્કર્ષ સમિતિ તથા અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા આયોજિત "Learn & Earn" (૨૪મો પ્રોજેક્ટ)

''આર્ટ ઓફ ડેઝર્ટ'' વિષય પર આયોજિત લાઇવ વર્કશોપ સફળતાપૂર્વક સંપન્ન થયો. આ પ્રોજેક્ટમાં મોટી સંખ્યામાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પ્રીમિયમ બેકરી, ડેઝર્ટ્સ, ચોકલેટ આર્ટ તેમજ વિવિધ પ્રોફેશનલ ટેક્નિક્સનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

શેફ કિન્જલબેન રાઠોડ (રાયગઢ) દ્વારા અત્યંત સરળ, સુંદર અને વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવ્યું, જે બહેનોને સ્વરોજગાર તરફ આગળ વધવા માટે પ્રેરણાદાયી સાબિત થયું. પ્રોજેક્ટ કોઓર્ડિનેટર શ્રીમતી ઈશિતાબેન જયભાઈ ટાંક હતા તેમજ આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે જોડાયેલી તમામ બહેનો, શેફ કિન્જલબેન અને સહયોગી ટીમનો હૃદયપૂર્વક આભાર માનેલ હતો. મહિલા ઉત્કર્ષ સમિતિ અને અખિલ



ભારતીય યુવા મહામંડળ બહેનોના સર્વાંગી વિકાસ માટે સતત આવા ઉપયોગી કાર્યક્રમોનું આયોજન કરતી રહેશે.

## ધનબાદ યુવા મંડળ



અધિક માસ એટલે પાવન પુરુષોત્તમ  માસમાં શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ, ધનબાદ ઘટકની બે સક્રિય પાંખો, મહિલા મંડળ તથા યુવા મંડળનાં સહિયારા પ્રયાસથી સર્વતો ભદ્ર મંડળ પૂજનનું આયોજન તા. ૩૧.૦૫.૨૬, રવિવારના દીવસે સમાજ ભવન સ્થિત ઉપરના હાલમાં આયોજિત કરવામાં આવ્યું હતું.

આ સામુહિક સર્વતો ભદ્ર મંડળ પૂજનમાં ૦૩ (ત્રણ) મુખ્ય યજમાનોની સાથે ૧૦ (દસ) અન્ય યજમાનો એ એક સાથે જોડે બેસીને આ પુજન નો લાભ લીધો હતો. પૂજન ઉપરાંત પ્રસાદ વિતરણ કરી ઉપસ્થિત બધા ભક્તો માટે ફલાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ ભક્તિમય કાર્યક્રમમાં સમાજબાંધવો દ્વારા મોટી સંખ્યામાં પોતાની ઉપસ્થિતિ દર્જ

કરાવી, કાર્યક્રમને ખુબજ સફલ અને ભક્તિમય બનાવ્યો તથા ખુબજ આનંદની અનુભુતિ પણ મેળવેલ.

આ દરમિયાન, યુવા મંડળની ટીમ દ્વારા વસ્તીપત્રકમાં જરૂરી સુધારો અને અપડેટ કરાવવા માટે એક અલગ થી કાર્યાલયનું સંચાલન પણ કરવામાં આવ્યું હતું, જેમાં ઘણાં સમાજ બાંધવોયે પોતાના પરીવારની માહિતી દર્જ કરાવી હતી અને યુવા મંડળ દ્વારા સંચાલિત કાર્યાલય નો લાભ લીધો હતો.

તા. ૧૪.૦૬.૨૦૨૬ના દિવસે ગૌ સેવા કરવા માટે યુવા મંડળ, ધનબાદની ટીમ સવારે ૮ વાગ્યે શ્રી ગંગા ગૌશાળા-કત્રાસ પહોંચી, ગાયોને ગોળ-રોટલી અને લીલો ચારો ખવડાવી



ગૌ માતાના આશીર્વાદ મેળવ્યા હતા. આવા પાવન પુનિત કાર્યક્રમમાં યુવા મંડળના સદસ્યો સાથે આપણા સમાજબાંધવો એ પણ પ્રત્યક્ષ-પરોક્ષ રૂપે પોતાનું અમુલ્ય યોગદાન આપ્યું હતું. આ માટે યુવા મંડળ એમનો આભાર વ્યક્ત કરે છે.

## જગદલપુર યુવા મંડળ





૧૩ જૂન ૨૦૨૬ના રોજ અધિક માસના શુભ અને પવિત્ર પ્રસંગે, જગદલપુર યુવા મંડળ દ્વારા, મહિલા મંડળના સહયોગથી, શ્રદ્ધા અને ભક્તિ સાથે ભવ્ય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે, ઘટક ના પારિવારો, વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ, યુવાનો અને બાળકોએ મોટી સંખ્યામાં હાજરી આપીને ભગવાન શ્રી રામ અને શ્રી હનુમાનને ભક્તિ અર્પણ કરી અને સુંદરકાંડ પાઠના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિ, ઉત્સાહ અને પારિવારિક એકતાનું સુંદર વાતાવરણ પ્રવર્તતું રહ્યું.

આ કાર્યક્રમને વધુ આકર્ષક બનાવવા માટે બાળકો માટે ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ આકર્ષક પોશાક પહેરેલા નાના બાળક બલિકાઓએ તેમના મનમોહક પ્રદર્શનથી ઉપસ્થિત દરેકને મંત્રમુગ્ધ કરી દીધા હતા. શ્રી સુંદરકાંડ પાઠ પૂર્ણ થયા પછી, બધા ભક્તો અને સમાજના લોકો માટે પ્રસાદ અને ભોજન સમારંભની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં બધાએ પ્રેમથી ભાગ લીધો હતો અને પ્રસાદ સ્વીકાર્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા જગદલપુર યુવામંડળ અને મહિલા મંડળના તમામ સભ્યો, સ્વયંસેવકો અને સહયોગિયોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. યુવા મંડળ તમામ સહયોગિયો અને ઘટકના દરેક સભ્યોનો હૃદયપૂર્વક આભાર મને છે જેમાં સમર્થન અને ભાગીદારીએ આ કાર્યક્રમને ખુબજ સફળ અને યાદગાર બનાવ્યો હતો.

## શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય-કુકમા

ચાલુ સાલે સમાજની ધો. ૧૦ અને તેનાથી ઉપરના અભ્યાસક્રમોમાં પ્રથમ ક્રમ મેળવનાર દિકરીઓનું સન્માન કરવનું હોઇ ધોરણ ૧૦માં ૯૦% કે વધુ, ધોરણ ૧૨માં ૮૫%, આઇ.ટી.આઇ. તથા ડીપ્લોમા કે તેના સમકક્ષ અભ્યાસક્રમોમાં અંતિમ વર્ષમાં ૭૦% કે વધુ તેમજ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ૬૦% કે વધુ ગુણ મેળવનાર દિકરીઓએ તેમના ગુણપત્રકની નકલ મોબાઇલ નંબર અને સરનામા સાથે તા. ૧૦-૦૮-૨૦૨૬ સુધી નીચેના સરનામા પર મોકલાવી આપવા. શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)

- રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી

## વડોદરા યુવા મંડળ




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વડોદરા યુવા મંડળ દ્વારા તા. ૨૧-૬-૨૦૨૬, રવિવારના રોજ વાઘોડીયા સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે બેડમીન્ટન ટુર્નામેન્ટ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો શુભારંભ ઘટકના ઉપપ્રમુખ, મંત્રી, મહિલા મંડળના સહમંત્રી, યુવા મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ તથા રમત-ગમત મંત્રી દ્વારા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં આશરે ૭૦ જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કુલ ૮૫ થી ૯૦ જેટલી એન્ટ્રીઓ પ્રાપ્ત થઇ હતી. દરેક કેટેગરીના વિજેતા અને રનર્સ-અપ ખેલાડીઓને વડોદરા ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ તેમજ ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ અને મહિલા મંડળના હોદ્દેદારોના હસ્તે ટ્રોફી અને કેશ પ્રાઇઝ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓએ ઉત્તમ રમત, રમતભાવના, શિસ્ત અને ઉત્સાહનું પ્રેરણાદાયક પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમના અંતે સૌએ સાથે મળી ગ્રુપ ફોટોગ્રાફ લઇ આ યાદગાર ક્ષણોને કાયમી બનાવી હતી તથા સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો. આ સમગ્ર ટુર્નામેન્ટના સફળ આયોજન માટે યુવા મંડળના રમતગમત મંત્રી શ્રી કૌશલભાઇ ચાવડા તથા કમીટીના



સમગ્ર સભ્યોએ વિશેષ જહેમત ઉઠાવી હતી. તેમના આયોજન, માર્ગદર્શન અને અથાગ પરિશ્રમના પરિણામે કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા તમામ ખેલાડીઓ, સમાજબંધુઓ, દાતાશ્રીઓ, દર્શકો તેમજ યુવા મંડળના સભ્યોનો યુવા મંડળ પ્રમુખશ્રી હર્ષ દિલીપભાઇ ટાંક દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

## માધાપર યુવા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર યુવામંડળ દ્વારા આયોજિત જય સિયારામ કપ - ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ટોટલ ૩૧ ટીમો ભાગ લીધેલો હતો. જેમાં ૭ થી ૧૫ વર્ષ નાના બાળકો ની ૬ ટીમોં બહેનોની ૭ ટીમો અને ભાઈઓની ૧૮ ટીમો એ ભાગ લીધેલો હતો. આ ટુર્નામેન્ટ તારીખ ૧૯ થી ૨૧ એમ ૩ દિવસ રાત્રે ૭ થી ૧૨ આપણા સમાજના દર્શનભાઈ મનોજભાઈ ટાંકના મેદાન માં રમાડવામાં આવી હતી.

ટુર્નામેન્ટમાં મુખ્ય પ્રાયોજક શ્રી મોહિતભાઈ વિનોદભાઈ



સોલંકી રહ્યા હતા. તેમનાં તરફથી ૨૧,૦૦૦, તમામ ટ્રોફીના દાતા ડૉ. શ્રી મનોજભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી રહ્યા હતા. જેમાં તમામ ટ્રોફી ગાયમાતાના ગોબરમાંથી બનાવવામાં આવી હતી, બ્રહ્મકુમાર બાબુભાઇ અરજણભાઇ પરમાર તરફથી ૧૧૦૦૦ રૂપિયા, મહિલા મંડળ ૧૦૦૦નું સહયોગ મળેલ હતો.

ટુર્નામેન્ટમાં દીપ પ્રાગટ્ય માટે મુખ્ય પ્રાયોજક શ્રી મોહિતભાઈ વિનોદભાઈ સોલંકી, મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ દુર્ગાલાલ વેગડ, માધાપર ઘટક પ્રમુખ જેન્તીભાઇ વાલમજીભાઈ વાઘેલા, મહિલા મંડળ પ્રમુખ તારાબેન રમેશભાઈ ટાંક, યુવતિ મંડળ સંયોજક નંદિનીબેન જયદીપ સોલંકી તથા સમસ્ત યુવામંડળ ટીમ અને ગ્રામજનો હાજર રહ્યા હતા. નાના બાળકોમાં વિજેતા થનદર વોરિયર્સ અને ઉપવિજેતા બાલ ગંગાધર તિલક થઇ હતી.

બહેનોમાં વિજેતા દુર્ગા ટીમ, ઉપવિજેતા વીર રાની અબ્બાકા થઇ હતી. બેસ્ટ બોલર તન્વી દીપ પરમાર, બેસ્ટ બેટર હેતલ દેવેન્દ્ર ચૌહાણ, પ્લેયર ઓફ ટુર્નામેન્ટ માહી સંજયભાઈ રાઠોડ.

ભાઈઓમાં વિજેતા ટીમ વીર સાવરકર અને ઉપ વિજેતા વીર ભગતસિંહ થઇ હતી. બેસ્ટ બોલર શિવમ ચૌહાણ, બેસ્ટ બેસ્ટ મન હર્ષ દીપકભાઈ રાઠોડ, પ્લેયર ઓફ ટુર્નામેન્ટ યશ જીતુભાઇ પરમાર રહ્યા હતા.

યુવામંડળ દ્વારા એક નવી જ રીતે ટીમ બનાવામાં આવી હતી જેમાં બધા ખેલાડીઓ રજીસ્ટ્રેશન કરી અને ચિઠ્ઠીમાં નામ લખી જેના ૬ નામ આવે એ રીતે ટીમ બનાવતા હતા. જેનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના ભાઈઓ નવા સાથે પરિચય થાય અને નવા મિત્રો બને અને સંગઠન મજબૂત થાય એ ઉદ્દેશ્યથી આપે આયોજન કરેલ આખા આયોજન માં યુવામંડળની પુરી ટીમ સહયોગ આપેલો હતો સંચાલન ભરતભાઈ રાઠોડ કરેલું હતું. આભાર વિધિ પાર્થભાઈ ચાવડાએ કરેલ હતી.


## કમધજીયા રાઠોડ પરિવાર - કુંભારીયા

સર્વે પરીવાર ના ગોઠી ભાઈઓ - બહેનો ને સહર્ષ જણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ આશો નવરાત્રી માં આપણા કુળદેવી શ્રી ચામુંડા માતાજીની પરમ કૃપાથી **સંવત ૨૦૮૨, આસો સુદ નોમ, મંગળવાર, તા. ૨૦-૧૦-૨૦૨૬, ના રોજ માતાજીના સ્થાનકમાં હોમ - હવન સમુહ નૈવેદ્ય નું આયોજન રાખેલ છે.** તો સર્વે ગોઠી ભાઈઓને સહ પરિવાર પધારવા માતાજીએ દર્શન સાથે સમુહ પ્રસાદ, હવન, નો લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે. હવનમાં બેસવા ઈચ્છતા પરિવારજનોએ અગાઉ થી પુજારી શ્રી, અથવા કાર્યકર્તા ભાઈઓને નામ નોંધાવી જાણ કરવી.

**રાજેશભાઈ ડી. રાઠોડ - ૯૮૯૮૨૩૨૯૬૯**
**ઉમેશભાઈ એમ. રાઠોડ - ૯૯૨૫૯૪૮૬૭૮**
**શૈલેષભાઈ પી. રાઠોડ - ૯૭૨૬૪૬૦૯૬૧**

(વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે આ નંબરમાં મેસેજ કરવા વિનંતી) આપના દ્વારા આપેલ માતાજીએ ફંડ, રકમની પહોંચ ફરજિયાત લઈ સહયોગી થવા વિનંતી,

માતાજીના ફન્ડ ફાળા માટે નો બેન્ક એકાઉન્ટ નંબર -
90830100035172
IFSC code BARBODBNAYA
note : IFSC Code ma BARB Zero DBNAYA) છે.

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

## સમાજ ગૌરવ

નટરાજ ડાન્સ એકેડેમી, અંજારના સંચાલિકા શ્રીમતી રાધિકા સાહિલ પઢિયારના માર્ગદર્શન હેઠળ અંજાર ઘટકની દીકરીઓએ દેહરાદૂનમાં યોજાયેલી ઓલ ઈન્ડિયા નેશનલ ડાન્સ સ્પર્ધામાં ભાગ લઈને રાષ્ટ્રીય કક્ષાએ અંજાર અને સમાજનું નામ ગૌરવપૂર્વક રોશન કર્યું છે. આ પ્રસંગે શ્રીમતી રાધિકા સાહિલ પઢિયારને તેમના ઉત્કૃષ્ટ માર્ગદર્શન બદલ ગુરુ સન્માનથી નવાજવામાં આવ્યા હતા.



સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રતિભાશાળી નૃત્યાંગનાઓમાં

(૧) વિશ્વા પરેશભાઈ પરમાર (સોલો સેમી ક્લાસિકલ ડાન્સ) - પ્રથમ ક્રમ, (ગ્રુપ ફોક ડાન્સ) - દ્વિતીય ક્રમ, (સેમી ક્લાસિકલ ગ્રુપ ડાન્સ) પ્રથમ ક્રમ, (૨) રીત ભાવેશભાઈ વરૂ (સોલો સેમી ક્લાસિકલ ડાન્સ) - પ્રથમ ક્રમ, (ગ્રુપ ફોક ડાન્સ) - દ્વિતીય ક્રમ, (સેમી ક્લાસિકલ ગ્રુપ ડાન્સ) - પ્રથમ ક્રમ, (૩) આર્યાંગના યોગેશભાઈ જેઠવા (સોલો સેમી ક્લાસિકલ ડાન્સ) - પ્રથમ ક્રમ, (સેમી ક્લાસિકલ ગ્રુપ ડાન્સ) - પ્રથમ ક્રમ, (ફોક ગ્રુપ ડાન્સ) - પ્રથમ ક્રમ, (૪) માહી પુનિતભાઈ મારુ (સોલો સેમી ક્લાસિકલ ડાન્સ) - પ્રથમ ક્રમ, (ડ્યુએટ ફોક ડાન્સ) - પ્રથમ ક્રમ, (સેમી ક્લાસિકલ ગ્રુપ ડાન્સ) - પ્રથમ ક્રમ, (ફોક ગ્રુપ ડાન્સ) - પ્રથમ ક્રમ, (૫) આસ્થા નિતિનભાઈ સોલંકી (સોલો ફોક ડાન્સ) - પ્રથમ ક્રમ, (૬) વિધિ મહેન્દ્રભાઈ ચૌહાણ - ફોક ગ્રુપ ડાન્સ - દ્વિતીય ક્રમ, (૭) ઋષિકા અનિલભાઈ ચૌહાણ (સોલો ફોક ડાન્સ) - દ્વિતીય ક્રમ, (સેમી ક્લાસિકલ ગ્રુપ ડાન્સ) - પ્રથમ ક્રમ, (ફોક ગ્રુપ ડાન્સ) - પ્રથમ ક્રમ, (૮) કાવ્યા પ્રફુલભાઈ વેગડ (સોલો સેમી ક્લાસિકલ ડાન્સ) - દ્વિતીય ક્રમ, (ફોક ગ્રુપ ડાન્સ) - પ્રથમ ક્રમ, (૯) વિધિ હાર્દિકભાઈ ચૌહાણ (ફોક ગ્રુપ ડાન્સ) - પ્રથમ ક્રમાંક, આ તમામ નૃત્યાંગનાઓ તથા માર્ગદર્શિકા શ્રીમતી રાધિકા સાહિલ પઢિયારને હાર્દિક અભિનંદન. તેઓ ભવિષ્યમાં પણ આવી જ શ્રેષ્ઠ સિદ્ધિઓ પ્રાપ્ત કરી પરિવાર, સમાજ અને અંજારનું નામ રોશન કરતા રહે તેવી શુભેચ્છાઓ.

## અનંતની યાત્રાએ...

અમદાવાદ નિવાસી સુધાબેન ધરમસિંહભાઇ ચાવડા તા. ૧૮.૦૨.૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અમદાવાદ (સિનુગ્રા) નિવાસી શ્રી મનોજભાઇ જીવરામભાઇ ટાંકનું તા. ૦૨-૦૭-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અમદાવાદ (કુંભારીયા) નિવાસી શ્રી હિંમતલાલ અમરસિંહભાઇ રાઠોડનું તા. ૦૩-૦૬-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અમદાવાદ (કુંભારીયા) નિવાસી પુષ્પાબેન રમણીકલાલ રાઠોડનું તા. ૧૯-૦૫-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

આદીપુર (ખંભરા) નિવાસી શાન્તાબેન મુળજીભાઇ ટાંક (ઉ.વ.૭૫)નું તા. ૦૩-૦૭-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી ગં.સ્વ. પ્રભાવતીબેન ભુપેન્દ્રભાઇ પઢિઆર (ઉ.વ.૬૧)નું તા. ૧૦-૦૭-૨૦૨૬ના રોજે દેવભુમી હરિદ્વાર મધ્યે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી ઉતમભાઇ લાલજીભાઇ ચૌહાણ (ઉ.વ.૯૪)નું તા. ૦૩-૦૭-૨૦૨૬ના રોજે ઝારખંડ બોકારો મધ્યે અવસાન થયેલ છે.

અંજાર (સિનુગ્રા) નિવાસી શ્રી કાંતિલાલભાઇ જેઠાલાલભાઇ ચૌહાણ (ઉ.વ.૬૮)નું તા. ૨૮-૦૬-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

હૈદ્રાબાદ (રેહા) નિવાસી ગં.સ્વ. ત્રિવેણીબેન ભગવાનદાસ ચૌહાણ (ઉ.વ.૭૩)નું તા. ૦૧-૦૬-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (દેવળીયા) નિવાસી શ્રી મહેન્દ્રભાઇ વલમજીભાઇ વરૂ (ઉ.વ.૬૬)નું તા. ૦૧-૦૭-૨૦૨૬ના રોજ બદ્રીનાથધામ દેવભુમી માના ગામ મધ્યે અવસાન થયેલ છે.

કલ્યાણ (ખંભરા) નિવાસી ગં.સ્વ. દમયંતિબેન પુરૂષોત્તમભાઇ રાઠોડ (ઉ.વ.૮૧)નું તા. ૯-૭-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કુકમા નિવાસી ગં.સ્વ. રંભાબેન હેમરાજભાઇ ચૌહાણ (ઉ.વ.૮૬)નું તા. ૧૯-૦૭-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

રાયપુર (ખેડોઇ) નિવાસી શ્રી ચેતનભાઇ જીવરામભાઇ રાઠોડ (ઉ.વ.૬૩)નું તા. ૧૫-૦૭-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

રાયપુર (કુંભારીયા) નિવાસી શ્રી અશ્વીનભાઇ નરોતમભાઇ રાઠોડ (ઉ.વ.૫૯)નું તા. ૧૫-૦૭-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કેંજોર ગઢ (ખેડોઈ) નિવાસી શ્રીમતી શાંતાબેન નારાયણભાઈ રાઠોડ (ઉ.વ. ૮૨) નું તા. ૧૦ - ૭ -૨૦૨૬ ના રોજે અવસાન થયેલ છે.




Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







croma

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




# Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

# ગૌરવશાળી શૈક્ષણિક સિદ્ધિ

## હાર્દિક અભિનંદન



### શ્રી ઋષભ રાજેશભાઈ ચાવડા

**Master of Technology in CSE**
with specializaince in
**Artificial Intelligence and Machine Learning**

શ્રી સિકોતર માતાજીની અસીમ કૃપા અને વડીલોના આશીર્વાદથી, હાલ નાગપુર નિવાસી શ્રી રાજેશભાઈ વસંતભાઈ ચાવડા તથા શ્રીમતી જ્યોતિબેન રાજેશભાઈ ચાવડાના સુપુત્ર શ્રી **ઋષભ** એ વિશ્વ વિખ્યાત **વેલ્લોર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી - VIT,** વેલ્લોર (તમિલનાડુ) માંથી

**Master of Technology in CSE**
**(Artificial Intelligence and Machine Learning)**
ની ઉચ્ચ પદવી **8.79 CGPA**

સાથે ઉત્તીર્ણ કરી છે. આ ભવ્ય સિદ્ધિ હાંસલ કરી સમગ્ર ચાવડા પરિવારનું ગૌરવ વધારવા બદલ **ઋષભ**ને ખૂબ ખૂબ અભિનંદન અને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અંતઃકરણપૂર્વકના આશીર્વાદ.

**શુભેચ્છક :**

| | |
|---|---|
| સ્વ. વસંતભાઈ ચાવડા | (દાદાજી) |
| સ્વ. નિર્મળાબેન વસંતભાઈ ચાવડા | (દાદીમા) |
| પ્રવીણભાઈ વલજીભાઈ પરમાર | (નાનાજી) |
| પુષ્પાબેન પ્રવીણભાઈ પરમાર | (નાનીમા) |
| રાજેશભાઈ ચાવડા | (પિતાશ્રી) |
| જ્યોતિબેન ચાવડા | (માતુશ્રી) |
| પરેશભાઈ વસંતભાઈ ચાવડા | (મોટા પપ્પા) |
| રીચાબેન પરેશભાઈ ચાવડા | (મોટા મમ્મી) |
| કૃપાલી ચાવડા | (બહેન) |
| પવન પરેશભાઈ ચાવડા | (ભાઈ) |
| નરેન્દ્રભાઈ પ્રવીણભાઈ પરમાર | (મામા) |

તથા સમસ્ત
**ચાવડા અને પરમાર પરિવાર**

## રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય

### Haritha Vegad



| | | |
|---|---|---|
| D.O.B. | : | 10/10/2001 |
| Education | : | Intermediate |
| Native Place | : | Anjar |
| Kuldevi | : | Shri Chamunda Maa |
| Father | : | Deepakkumar N. Vegad |
| Mother | : | Lathaben Vegad<br>Mo. 9059684470 |
| Sister | : | Neha Parmar (Elder - Married)<br>Mo. 8328433990 |
| Kaka | : | Shyamkumar N. Vegad<br>9033755209 |
| Address | : | Mancherial<br>Dist. Mancherial (T.S.) |

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ




### સ્વ. મહેન્દ્રભાઈ વલમજીભાઈ વરૂ

સ્વ. તા. ૦૧/૦૭/૨૦૨૬, ગામ : માધાપર (કચ્છ)

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે સ્વ. મહેન્દ્રભાઈ વલમજી વરૂ, જેમણે વર્ષો સુધી માતાજીના કાર્યમાં નિષ્ઠાપૂર્વક સેવા આપી અને એક પાયાના પથ્થર સમાન રહી અનેક સેવાકાર્યો નિભાવ્યા, તેઓ આજે આપણી વચ્ચે રહ્યા નથી. તેમના નિધનથી સમગ્ર સેવા પરિવારે એક કર્તવ્યનિષ્ઠ, સેવાભાવી અને સમર્પિત વ્યક્તિત્વ ગુમાવ્યું છે. ભગવાન તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

:: શોકમગ્ન પરિવારજનો ::

**વરૂ ગોઠી પરિવાર - દેવળીયા**

|| જય સિયારામ ||

# ૧૪મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ
૦૮/૦૮/૧૯૬૨

સ્વર્ગવાસ
૦૧/૦૮/૨૦૧૨

## અ.નિ. રમેશભાઈ ભવાનજીભાઈ ચૌહાણ (ગાંધીધામ)

જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે, કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, સુખ અને દુઃખમાં પણ સમતા ભાવે રહ્યા તમે, પરોપકારના કાર્યો કરીને જીવન ધન્ય બનાવી ગયા તમે, આપની ધર્મભાવના, કુટુંબ પ્રેમ, સાદું જીવન, પ્રમાણિકતા અમોને પ્રેરણા આપતી રહેશે. પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

**|| જય સિયારામ || || જયશ્રી સ્વામિનારાયણ ||**

**ભાવવિભોર પરિવારજનો**

**સ્વ. પુરૂષોત્તમભાઈ ડાયાભાઈ સોલંકી**
**સ્વ. પુષ્પાબેન પુરૂષોત્તમભાઈ સોલંકી**
**સ્વ. મહેશભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
**'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
**શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
**ગં.સ્વ. નયનાબેન રમેશભાઈ ચૌહાણ પરિવાર**

**શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર**

# ચતુર્થ શ્રદ્ધાંજલિ

॥ પ્રણામ ॥ ॥ પ્રણામ ॥



## પ.ધા.વા. પ્રીતિબેન પ્રફુલકુમાર વાઢેર

દેશમા ગામ : સિનોગ્રા, હા.મુ. અમદાવાદ

માઁ, તમારી ખોટ તો સ્વયં ભગવાન પણ પુરી શકે એમ નથી.
તમારો પ્રેમ, તમારો સ્પર્શ, તમારો સ્નેહ અને તમારા આશીર્વાદ
અમારા જીવનની સૌથી અમૂલ્ય મૂડી છે.

"મા, તમે આંખોથી દૂર છો,
પણ અમારા દરેક શ્વાસમાં અને
દરેક પ્રાર્થનામાં આજે પણ સાથે જ છો."

### -: શોકમગ્ન પરિવાર :-

**શોકાતુર : પ્રફુલકુમાર કરશનભાઇ વાઢેર (પતિ)**

ધા.વા. કરસનભાઈ કર્મસિંહ વાઢેર (સસરા)
ધા.વા. કંકુબેન કરસનભાઈ વાઢેર (સાસુ)
ચિ. પોરસ પ્રફુલકુમાર વાઢેર (પુત્ર)
અ.સૌ. હિરલ પોરસકુમાર વાઢેર (પુત્રવધુ)
ચિ. રિયાર્થ પોરસ વાઢેર (પૌત્ર)
કુ. નૈસર્ગી પોરસ વાઢેર (પૌત્રી)

**સમસ્ત વાઢેર પરિવાર**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. સુધાબેન ધરમશીભાઇ ચાવડા

(ઉ.વ. ૭૭) સ્વ. તા. ૧૮-૦૬-૨૦૨૬

દેશમાં ગામ : ચંદિયા, નિવાસી : હૈદ્રાબાદ, હાલ : અમદાવાદ

સરોવર જેવા શાંત અને સમુદ્ર જેવા વિશાળ, અંજલિ માટે શબ્દો ઓછા પડે છે, પુષ્પાંજલિ માટે પુષ્પ,
આંખો હજુ નિહાળે છે અંતર હજી પોકારે છે. આપના ઉચ્ચ વિચાર, ધર્મભાવના, મિલનસાર, નિષ્કપટ સ્વભાવ અમોને પ્રેરણા આપતા રહેશે. પરમકૃપાળુ પરમેશ્વર આપની દિવ્ય આત્માને શાંતિ, સદ્ગતિ પ્રદાન કરે અને મોક્ષ આપે એજ પ્રાર્થના...

**:: આપના પરિવારજનો ::**

સ્વ. ધરમશીભાઇ ખેતસીભાઇ ચાવડા (પતિ) હૈદ્રાબાદ
સ્વ. વસંતાબેન સ્વ. દિનેશભાઇ વેગડ (માતા-પિતા) અંજાર
ભારતીબેન દયારામભાઇ ખેતસીભાઇ ચાવડા (દેરાણી-દેર) હૈદ્રાબાદ
ગાયત્રીબેન ઉદય દયારામ ચાવડા (ભત્રીજાવહુ-ભત્રીજો) હૈદ્રાબાદ
ભાગીરથીબેન સ્વ. કાન્તીલાલ ગોહિલ (નણંદ-નણદોઇ) હૈદ્રાબાદ
મીનાબેન રાજેન્દ્રભાઇ વેગડ (ભાભી-ભાઇ) અંજાર
સુષમાબેન જીતેન્દ્રભાઇ વેગડ (ભાભી-ભાઇ) ભોપાલ
સ્વ. કુસુમબેન સ્વ. ચંપકલાલ ચૌહાણ (બહેન-બનેવી) બિલાસપુર
ગિરજાબેન રસીકલાલ ચાવડા (બહેન-બનેવી) અંજાર
સંતોષબેન પ્રાણજીવન ટાંક (બહેન-બનેવી) સંબલપુર
પુષ્પાબેન હરીશભાઇ સોલંકી (બહેન-બનેવી) જયપુર
હર્ષાબેન સ્વ. રમેશભાઇ ચાવડા (બહેન-બનેવી) અમદાવાદ
વર્ષાબેન અનિલભાઇ ગોહિલ (ભત્રીજી-જમાઇ) મહારાજપુર મંડલા
કવિતા જયપ્રકાશ ચાવડા (ભત્રીજી-જમાઇ) ગોદાવરીખાની
જયશ્રી તુષાર રાઠોડ (ભત્રીજી-જમાઇ) અમેરીકા
ગીતા જિલેષ ગોહિલ (ભાણેજવહુ-ભાણેજ) હૈદ્રાબાદ
નીલુ મેહુલ સોલંકી (ભાણેજી-જમાઇ) દુર્ગ

# ચતુર્થ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. નિર્મળાબેન પરષોત્તમભાઇ ટાંક

જન્મ : ૨૫-૦૭-૧૯૫૫ સ્વ. તા. ૦૯-૦૮-૨૦૨૨

મુળ ગામ : કુકમા, હાલ મુકામ : માધાપર (કચ્છ)

આપની મીઠી અમીદ્રષ્ટી પરિવાર પર સદાય વરસતી રહે છે. આપના સિદ્ધાંતો અને આદર્શો સદાય આપની યાદ અપાવતા રહે છે અને અમે પણ એજ પથ પર ચાલી આપની પ્રણાલીને અનુસરીએ છીએ. અમારા જીવનમાં સતત નવચેતનાનું સિંચન કરતાં આપના ઉપકારોને કોટી-કોટી વંદન કરીએ છીએ... પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

જીગ્નેશભાઇ પરષોત્તમભાઇ ટાંક - પુત્ર
પ્રિતીબેન જીગ્નેશભાઇ ટાંક - પુત્રવધુ
નિમેષભાઇ પરષોત્તમભાઇ ટાંક - પુત્ર
પુનમબેન નિમેષભાઇ ટાંક - પુત્રવધુ
વર્ષાબેન હંસરાજભાઇ ચૌહાણ - પુત્રી
અવનિષભાઇ જીગ્નેશભાઇ ટાંક - પૌત્ર
રીયા નિમેષભાઇ ટાંક - પૌત્રી
શ્રેયા જીગ્નેશભાઇ ટાંક - પૌત્રી
કર્તવ્ય નિમેષભાઇ ટાંક - પૌત્ર

**તથા સમસ્ત ટાંક પરિવાર - માધાપર**

:: સંબંધીત ફર્મ ::

**શ્રી સ્વામિનારાયણ વેલ્ડીંગ વર્કસ**

**શ્રી હરિકૃષ્ણ ઇન્ડસ્ટ્રીઝ**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## છઠ્ઠી વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. ભરતભાઈ વલમજીભાઈ વાઢેર

(પૂર્વ માનદ્ તંત્રીશ્રી, સેતુ સમાજ સંદેશ)
સ્વ. તા. ૨૯/૦૭/૨૦૨૦, અંજાર (કચ્છ)

'સેતુ સમાજ સંદેશ'ના પાલક પિતા એવા આપશ્રીની વિદાયને પાંચ વર્ષ પુર્ણ થયા, આપના તંત્રીપદે મુખપત્ર સેતુ સમાજ સંદેશ ખૂબજ પ્રગતિ કરતું રહ્યું... આપના પરોક્ષ આશીર્વાદ સદા અમોને મળતા રહેશે. આપની સમાજ પ્રત્યે અપાર લાગણી અને હુંફ અમારા સૌ માટે સદાય સંભારણું રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન ::

'સમાજરત્ન'

**શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી - માધાપર**
(પ્રમુખ, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા)

**શ્રીમતી ગીતાબેન નટવરભાઈ ચૌહાણ - નાસિકરોડ**
(પ્રમુખ, શ્રી અખિલ ભારતીય મહિલા મહામંડળ)

**શ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંક - નાગપુર**
(પ્રમુખ, શ્રી અખિલ ભારતીય યુવા મહામંડળ

**તથા સમસ્ત સમાજબંધુઓના જયશ્રી કૃષ્ણ**


FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE
LIC INDIA
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION O
MDRT®
MEMBER ZONAL MANAGER'S CLUB FOR AGENTS



Mitesh J. Khodiyar

*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम *मितेष जे. खोडियार* है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

**Insurance for NRI & FNIO***

**घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।***

STAR Health Insurance Personal & Caring The Health Insurance Specialist
HDFC ERGO Take it easy!
IFFCO-TOKIO GENERAL INSURANCE Muskurate Raho
Subscribe to my

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110.
+91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy
insurance_bima_policy @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ





**સ્વ. પરસોત્તમભાઈ શીવજીભાઈ ચાવડા**
જન્મ તા. ૨૧-૦૮-૧૯૩૬ - સ્વ. તા. ૧૦-૦૮-૨૦૧૮

અંજાર (કચ્છ)

**સ્વ. સાવિત્રીબેન પરસોત્તમભાઈ ચાવડા**
જન્મ તા. ૨૦-૦૨-૧૯૩૯ - સ્વ. તા. ૩૦-૦૬-૨૦૨૫

આપની મીઠી અમીદ્રષ્ટી પરિવાર પર સદાય વરસતી રહે છે. આપના સિદ્ધાંતો અને આદર્શો સદાય આપની યાદ અપાવતા રહે છે અને અમે પણ એજ પથ પર ચાલી આપની પ્રણાલીને અનુસરીએ છીએ. અમારા જીવનમાં સતત નવચેતનાનું સિંચન કરતાં આપના ઉપકારોને કોટી-કોટી વંદન કરીએ છીએ... પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**:: આપના પરિવારજનો ::**

| | | | |
|---|---|---|---|
| આશિષભાઈ પરસોત્તમભાઈ ચાવડા | પુત્ર | હિતાંશ આશિષભાઈ ચાવડા | પૌત્ર |
| રીમાબેન આશિષભાઈ ચાવડા | પુત્રવધુ | ચિતરંજનભાઈ મોહનભાઈ વેગડ | વેવાઈ |
| અક્ષિતા ધવલકુમાર વેગડ | પૌત્રી | રીતાબેન ચિતરંજનભાઈ વેગડ | વેવાણ |
| ધવલકુમાર ચિતરંજનભાઈ વેગડ | જમાઈ | જયેશભાઈ ધરમશીભાઈ સોલંકી | વેવાઈ |
| નિત્યા દેવેનકુમાર સોલંકી | પૌત્રી | દર્શનાબેન જયેશભાઈ સોલંકી | વેવાણ |
| દેવેનકુમાર જયેશભાઈ સોલંકી | જમાઈ | સ્વ. રાજારામભાઈ રણછોડભાઈ ટાંક પરિવાર – આબુરોડ | |
| મહેક અર્પિતકુમાર વાઘાણી | પૌત્રી–જમાઈ | | |

**સમસ્ત ચાવડા પરિવારના જયશ્રી કૃષ્ણ**


॥ ઓમ શાંતિઃ ॥

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)



## Surbhi Uniforms

Mundra's first professional uniform manufacturer catering to all types of industrial, corporate, school and hospitality uniforms with precision and quality.

HARI GADHVI
+91-88499 50576
Email : info@surbhiuniforms.com
Web : www.surbhiuniforms.com

Surbhi uniforms



## Surbhi Hotel

A legacy of serving with the highest regard for quality and comfort since 2007. Offering luxury with convenience, Hotel Surbhi is Mundra's premier choice for business and leisure stays.

Hotel Surbhi™ The Relief Home

HOTEL SURBHI
+91-99796 70996
Email : info@hotelsurbhi.com
Web : www.hotelsurbhi.com

## Saarvin Custom Clearance

Licensed custom's broker at Mundra port facilitating smooth and hassle free import and export cargo operations.

NIGAM CHAVDA
+91-99208 43135
Email : saarvincc@gmail.com

SAARVIN
CUSTOM CLEARANCE





Gayatri estate

## Gayatri Estate

Your Real Estate Dreams, Under One Roof. With a legacy since 1998, Gayatri Estate is Mundra's premier real estate developer and realtor. From residential projects to commercial spaces, we deliver trust, transparency, and timeless value.

NISHANT CHAVDA
+91-81419 06635

# SURBHI GROUP OF COMPANIES

## B.D. CHAVDA & FAMILY - MUNDRA KUTCH


Lighten Up Your Life...
Anil Khodiyar
+91 98252 36151
Sumeet Khodiyar
+91 98791 95121
Jigar Khodiyar
+91 98794 04009
Khodiyar Group
Khodiyar Engineering Works
Urja Engineering Company
Perfect Power System
Unique Power System
Electrical Contractors | Consultants | Engineers
Mfrs. Of : PCC, MCC, APFC, AMF, VFD, LDB, DG SET, ATS & Solar Panels
Authorised Importer
TENSE®
ELEKTRİK - ELEKTRONİK SAN. TİC. A.Ş.
LS ELECTRIC
Authorised Distributor
C&S electric
RR KÄBEL
Schneider Electric
socomec
Innovative Power Solutions
atandra
measure. protect. conserve
KRYKARD
APFC PANEL
Office & Works :- Shed No. L-46, 47, 48 & M-49, 50, G.I.D.C., Gandhidham (Kutch) 370201 Gujarat, India.
info@urjaengg.com, jigar@urjaengg.com www.urjaengg.com


Helping India
Invent the future
BRAHMOS
UNITRON
The Instrumentation People
UNITRON INSTRUMENTATION PVT. LTD
The leading Suppliers of Scientific and Material Testing Equipments in India.
Our major customers are Aerospace, Aeronautics, Automotive, Semiconductor,
Steel, Foundry & Forge, Surface Coating Industry and Materials Research.
Vipin Rathod
Managing Director
Head Office:
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore-560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Branch Offices : Chennai, Delhi(Gurgaon), Pune
Email- info@unitron.in
Web: www.unitron.in

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2026-2028 Posted at S.O. BHUJ on 2nd of Every Month.
Published on August-2026

|| જય સિયારામ ||





SHREE RAM GROUP OF INDUSTRIES
SINCE 1977

# SHREE RAM
Group of Industries

Mines Owner, Supplier &
Exporter of Curde Chine Clay
Lavigeted China Clay
Kaolin Powder & Silica Sand



'સમાજ રત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી



મોહિત વી. સોલંકી

Bhuj-Madhapar Highway, Junavas, Madhapar (Bhuj-Kachchh) 370020
www.shreeramkaolin.com
E-mail: info.shreeramgroup@gmail.com

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.